# ★ શ્રી આત્મ શુદ્ધિ ★

(વ્રત લેવા માટે વહી)

卐

દશમી આવૃત્તિ

સને : ૧૯૯૪

卐

સંપાદક : આણંદજી ભુલા

એક સદ્‌ગૃહસ્થ

( છસરા )

દુનિયાની અમર્યાદ સંસાર વિટંબણાની
ઘટમાળ ટાળવાં જીવનને LIMITED બનાવો.

યાદી શબ્દાર્થ :
જીવ/આત્મા વિ. શબ્દ ભાવાર્થ જુઓ પાના નં. ૧૪૫

પ્રાર્થના માગણી નથી
આત્માની ઝંખના છે.
પ્રાર્થના ડોશીમાનું
નવરાશની પળોનું મનોરંજન નથી;
પ્રાર્થના અંતરનું જોડાણ છે.

– ગાંધીજી

એક જ કાર્ય કરવાનું હોય,
યંત્ર કેટલું કાર્ય કરી શકે તેનું પ્રત્યક્ષ
દાખલો કોમ્પ્યુટર છે.
કર્મ / પાપ તોડવા એક જ ધ્યેયે કરેલું કાર્ય
સંયમ અને તપથી કરોડોના કરોડો
કહો કે અનંતા ભવના પાપ,
જીવ / આત્મા એક જ ભવમાં ખત્મ કરે.

# 卐 શ્રી આત્મ શુદ્ધિ 卐

## (વ્રત લેવા માટે વહી)

**જીવનને LIMITED બનાવો**

**દશમી આવૃત્તિ**

☆ જે બાહુબળથી મેળવ્યું,
તે ભોગવી પણ ના શક્યો.
અબજોની મિલ્કત આપતાં,
પણ જે સિકંદર ના બચ્યો.

☆ સ્વર એક મંત્ર નવકારથી,
અમરકુમાર ઉગરી ગયો.
તે મંત્ર મહિમા બોધીને,
આસ્વાદી અહોભાગી બનો.

卐

કિંમત : સદુપયોગ

સંપાદક : આણંદજી ભુલા

દાતાઓ વતી પ્રકાશક
**શ્રી આણંદજી ભુલા**
પ્રભાત ટ્રેડિંગ કું. (P. T. C.)
૨૫, વિજય નગર બિલ્ડિંગ,
દાદર (પશ્ચિમ), મુંબઈ-૨૮.
ટે. નં. ૪૩૦ ૯૧ ૩૭
ઘર : ૫૧૬ ૧૮ ૧૧



| આવૃત્તિ | પ્રત | સને |
|---|---|---|
| ૧ લી | ૬૮૦૦ | ૧૯૭૧ |
| ૨ જી | ૫૩૦૦ | ૧૯૭૭ |
| ૩ જી | ૪૩૦૦ | ૧૯૮૦ |
| ૪ થી | ૬૦૦૦ | ૧૯૮૨ |
| ૫ મી | ૬૧૦૦ | ૧૯૮૪ |
| ૬ ઠ્ઠી | ૫૮૦૦ | ૧૯૮૬ |
| ૭ મી | ૬૭૦૦ | ૧૯૮૮ |
| ૮ મી | ૬૪૦૦ | ૧૯૯૦ |
| ૯ મી | ૪૧૦૦ | ૧૯૯૨ |
| ૧૦ મી | ૫૦૦૦ | ૧૯૯૪ |



**"આ પુસ્તકનું નામ અને તેનું પ્રકાશન પ્રકાશકના કશા પણ હકકથી મુક્ત છે."**

મુદ્રક :
કેશવજી હીરજી ગોગરી
હર્ષા પ્રિન્ટરી,
૧૨૨, ડૉ. મૈશેરી રોડ, મુંબઈ-૪૦૦૦૦૯.
ફોન : ૩૭૬ ૫૬ ૮૮ - ૩૭૬ ૫૫ ૬૯

# અનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| અભિપ્રાય, સમાલોચના | 7 થી 10 |
| અરિહંત પ્રતીક | 11 |
| બીજી આવૃત્તિથી દશમી આવૃત્તિની પ્રસ્તાવના | 12 થી 18 |
| અંગત સૂચના | 19 |
| જાણવા જેવું | 20 થી 21 |
| ખાસ નોંધ વ્રત લેનાર માટે ઉપયોગી | 22 |
| રંગ ઢગ | 23 |
| અકામ મરણ - સકામ મરણ | 24 થી 25 |
| મહાન વૈજ્ઞાનિક પ્રભુ મહાવીર | 26 થી 27 |
| અઢાર પ્રકારના પાપ સ્થાનક | 28 |
| બાર પ્રકારના તપ | 29 |
| પતન અને ઉત્થાન | 30 થી 31 |
| અદલ ઈન્સાફ | 32 થી 33 |
| જરૂરિયાત ? જાહેરાત ઘેલછા ? | 34 થી 35 |
| મારો સફળ થયો અવતાર | 36 |
| ઊર્મિ | 37 |
| શાંત ચીસ | 38 |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| ઈંડાનું વૈજ્ઞાનિક સંશોધન | 39 થી 40 |
| શ્વાસોચ્છ્વાસ | 41 થી 42 |
| છેલ્લું વિશ્રામ | 43 |
| TUNE UP | 44 |
| નવકારમંત્ર, સ્તુતિ, ચત્તારિમંગલં | ૧ થી ૫ |
| પચ્ચખાણ અંગીકાર કરવાની રીત | ૬ |
| અગત્યની સૂચનાઓ | ૭ થી ૮ |
| બારવ્રતની પૂર્વ ભૂમિકા | ૯ |
| ધર્મના બે પ્રકાર | ૧૦ |
| બારવ્રત અંગીકાર કરવા માટેના પચ્ચખાણ | ૧૧ થી ૩૮ |
| સંથારો - સંલેખણા | ૩૯ |
| વધારાના પચ્ચખાણ માટેના પાના | ૪૦ થી ૪૪ |
| મોટી ઉંમરવાળા માટે પચ્ચખાણ | ૪૫ થી ૪૭ |
| યાદ રાખો | ૪૮ |
| પચ્ચખાણ પ્રતિજ્ઞા | ૪૯ થી ૫૧ |
| નવાણું અતિચાર | ૫૨ |
| પ્રતિક્રમણના ૯૯ અતિચારનું ગુજરાતીમાં શબ્દાર્થ | ૫૩ થી ૬૦ |
| પચ્ચખાણ શા માટે | ૬૧ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| શ્રી ચોવીસ તીર્થંકરોના સપ્તાંગ | ૬૨ થી ૬૩ |
| વીસ વિહરમાન તીર્થંકરો, શ્રી સોળ સતીઓના નામ | ૬૪ |
| પ્રાસંગિક | ૬૫ થી ૬૬ |
| સૂક્ષ્મદર્શક | ૬૭ થી ૬૮ |
| સાગારી સંથારો, ઉપવાસ વિ. લેવાની રીત | ૬૯ |
| સાગારી સંથારો પાળવાની વિધિ અને ઉપવાસ વિગેરે પચ્ચખાણ લેવાની વિધિ | ૭૦ થી ૭૧ |
| પાળવાની વિધિ | ૭૨ |
| ક્ષમાપના | ૭૩ |
| પચ્ચખાણમાં દોષ લાગ્યો હોય તેની નોંધ | ૭૪ થી ૭૬ |
| ગુણસ્થાનક | ૭૭ થી ૮૯ |
| સમકિત સડસઠીઓ | ૯૦ થી ૯૩ |
| નવતત્ત્વ (ટુંકમાં) | ૯૪ થી ૯૮ |
| શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય | ૯૯ થી ૧૦૧ |
| મા-બાપને ભૂલશો નહિ | ૧૦૨ |
| હે કરૂણાના કરનારા | ૧૦૩ |
| એ પ્રાર્થના મારી | ૧૦૪ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| મહાવીર તારો છે આધાર | ૧૦૫ |
| તુજ આજ્ઞા હૈયે વસે | ૧૦૬ |
| એકજ દે ચિનગારી | ૧૦૭ |
| સાંભરે ત્યારે | ૧૦૮ |
| સર્વ માન્ય ધર્મ | ૧૦૯ |
| શ્રી મોટી સાધુ વંદના | ૧૧૦ થી ૧૨૨ |
| સાધુજીને વંદન | ૧૨૩ |
| પદ્માવતી રાણીની આલોચના | ૧૨૪ થી ૧૨૮ |
| શ્રી પ્રતિક્રમણની સજ્ઝાય | ૧૨૯ |
| અપૂર્વ અવસર એવો ક્યારે આવશે | ૧૩૦ થી ૧૩૪ |
| શ્રી પ્રભાતી સ્તવન | ૧૩૫ |
| ચેત ચેત | ૧૩૬ |
| ભાન નિજ | ૧૩૭ |
| કર અને પામ | ૧૩૮ |
| પશ્ચાતાપ અને ક્ષમાપના | ૧૩૯ થી ૧૪૦ |
| સૂત્ર વચન - સુવાક્યો | ૧૪૧ થી ૧૪૨ |
| આધુનિક વિજ્ઞાન અને સંશોધન-ખેતી અને ખોરાક | ૧૪૩ થી ૧૪૪ |
| દાતાઓની યાદી | ૧૪૫ થી ૧૪૭ |

# શ્રી આત્મશુદ્ધિ (વ્રત લેવા માટે વહી) વિશે મુંબઈ સમાચારના પુસ્તક પરિચયમાં આવેલ અભિપ્રાય

**પ્રકાશક** : શ્રી આણંદજી ભુલા **કિંમત** : સદુપયોગ

પાકા પૂઠાવાળી, સારા કાગળ પર રંગીન અક્ષરોના છાપકામવાળી પોકેટબુક જેવી આ લઘુ પુસ્તિકામાં જૈન ધર્મના મહત્ત્વના વિષયોનો સંચય આપવામાં આવ્યો છે. વ્રત લેવા માટે જરૂરી માર્ગદર્શન, પચ્ચક્ખાણ, નવાણુંઅતિચાર, નિયમો, ચોવીસ તીર્થંકરોના સપ્તાંગ, વીસ વિહરમાન તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળદેવો, સોળ સતીઓ, ૧૧ ગણધરો, સ્થા. આઠ કોટી નાની પક્ષ વર્તમાન કાળે બિરાજતા સાધુ સાધ્વીજી, સાગારી સંથારો, ગુણસ્થાનક, નવતત્ત્વ, વીસ દોહરા, પ્રાર્થના, સાધુ વંદના, જીવરાશિ, ક્ષમાપના, સૂત્રો સુવાકયો વાચકને ધર્મક્રિયામાં માર્ગદર્શન રૂપ બની રહે તેવાં છે. નિત્યપાઠ કરવા માટે તથા નિયમો, વ્રતો ધારવા માટે આ પુસ્તિકા ઉપયોગી છે.

# જૈન પ્રકાશનું અભિપ્રાય
# ત્રીજીથી નવમી આવૃત્તિ માટે
# આવેલ અભિપ્રાય
# સંયુકત સમાલોચના

## સંપાદક અને પ્રકાશક : શ્રી આણંદજી ભુલાભાઈ

આ પુસ્તિકાની નવમી આવૃત્તિ પ્રગટ થઈ છે તે જ તેની ઉપયોગિતા પુરવાર કરે છે. અનુક્રમે પહેલીથી નવમી આવૃત્તિ સાથે કુલે ૫૧,૫૦૦ નકલો પ્રસિદ્ધ થઈ ચૂકી છે. દરેક આવૃત્તિ સુધારા વધારા સાથે પ્રગટ થઈ છે.

આ પુસ્તિકામાં પચ્ચક્ખાણ અંગીકાર કરવાની રીત, અગત્યની સૂચનાઓ, બાર વ્રત અંગીકાર કરવા માટેના પચ્ચક્ખાણ, વધારાના પચ્ચક્ખાણ માટે પાના, નવાણુ અતિચાર (મૂળ તથા ભાવાર્થ) પચ્ચક્ખાણ શા માટે? વ્રત લેનાર માટે ઉપયોગી નોંધ, સકામ-અકામ મરણ, સાગારી સંથારો, જુદા જુદા પચ્ચક્ખાણ અંગીકાર કરવાની વિધિ, પચ્ચક્ખાણમાં દોષ લાગ્યા હોય તેની નોંધ માટેના પાના, ગુણસ્થાન, સમકિત સડસઠીઓ, નવતત્ત્વ, સાધુવંદના, જીવરાશી, ક્ષમાપના, સુવાક્યો, પ્રાર્થનાઓ ઉપરાંત બીજી ઉપયોગી સામગ્રીથી ભરપુર આ પુસ્તિકા છે.

સંપાદકની ભાવના આધ્યાત્મિક વિકાસ સાધવામાં ઉપયોગી બને તેવી આ પુસ્તિકાનો વધુમાં વધુ પ્રચાર થાય તેવી છે. તેથી તેમણે તેની કિંમત દાતાઓના સહકારથી સદુપયોગ રાખેલ છે.

બુક પોસ્ટ અને પેકીંગ ચાર્જ રૂા. ૧ મોકલવા જરૂરી છે.

આ ઉપરાંત તેમણે નોંધ લખેલી છે કે આ પુસ્તકનું નામ તથા તેનું પ્રકાશન પ્રકાશકના કશા પણ હકકથી મુકત છે. આ પુસ્તિકાના વાંચનથી સ્પષ્ટ થશે કે દરેકે જીવનમાં કંઈ ને કંઈ વ્રત-પ્રત્યાખ્યાન અંગીકાર કરવા જોઈએ અને જીવનમાં તેની અનિવાર્ય અગત્ય પણ છે.

—: પ્રાપ્તિ સ્થાન :—

**શ્રી આણંદજી ભુલા**

**પ્રભાત ટ્રેડીંગ કું.**

૨૫, વિજયનગર બિલ્ડીંગ, દાદર (પશ્ચિમ),
મુંબઈ-૪૦૦ ૦૨૮.

ટે. નં. : ૪૩૦ ૯૧ ૩૭ • સમય : ૧૦ થી ૬
રવિવારે બંધ

# કલ્યાણ વરસ ૪૦, અંક ૮મો
# નવેમ્બર ૧૯૮૩ માં આવેલ અભિપ્રાય
# શ્રી આત્મશુદ્ધિ (વ્રત લેવા માટે વહી)

★ સંપાદક-પ્રકાશક ★


## શ્રી આણંદજી ભુલા

**પ્રભાત ટ્રેડીંગ કું.**
૨૫, વિજયનગર બિલ્ડીંગ, દાદર (પશ્ચિમ),
મુંબઈ-૪૦૦ ૦૨૮.


**કિંમત : સદુપયોગ**

બાર વ્રત, તીર્થંકર-માહિતી, આદિ અનેકવિધ સૌને ઉપયોગી ચીજોનો સંગ્રહ છે. સ્થાનકવાસી સંપ્રદાયાનુસારી સાધુવંદનાદિક વિધિઓ પણ સંગ્રહિત છે.

**નોંધ :** જે ભાઈ-બહેનને વ્રત, નિયમ, પચ્ચક્ખાણ લેવા અર્થાત્ મર્યાદિત જીવન માટે આ પુસ્તિકાની જરૂર હોય, બુક-પોસ્ટ અને પેકીંગ ચાર્જ માટે રૂા. ૧ મોકલવાથી તેને મોકલવામાં આવે છે. અથવા

★ એડ્રેસ પરથી લઈ જવી. રવિવાર બંધ.

# • અરિહંત પ્રતીક •

ચાહે વિયોગ અરિહંત તણું હો,
મુઝ અંતર સમીપ વસે.
હૃદય એકાકાર અરિહંતમાં,
અરિહંત વિણ સબ શૂન્ય દીસે. ચાહે...
ઉત્પન્ન દયા ગુણ ઉજ્જવળ નિરખો,
વચન પ્રતીક જિન શાસન કેરો.
સાગર આગમથી વણેલો,
વિશ્વવ્યાપી અહિંસા ભરેલો. ચાહે...
અરિહંત વંદન, સિધ્ધ, સાધુ વંદન,
બોધી ચક્ષુ મારગને વંદન.
ચૌ તીરથ, સહ શ્રાવક ગુણિયલ,
પાળે શુધ્ધ વ્રત, અજવાળે શાસન. ચાહે...
સુખ દુ:ખ કે જલ, થલ, આકાશે,
ચાહે જિહાં વસવાટ કરે.
આનંદ પુકારે અરિહંત શરણે,
સર્વત્ર પ્રકાશ,*નવ શૂન્ય દીસે. ચાહે...

# બીજી આવૃત્તિની પ્રસ્તાવના

(પહેલી અને બીજી આવૃત્તિની પ્રસ્તાવના પ્રસંગોચિત ફેરફાર સિવાય સરખી છે.)

પ્રથમ આવૃત્તિની નકલો ખલાસ થવા આવતાં, આ બીજી આવૃત્તિ છપાવતાં સંતોષ અનુભવાય છે. આના પહેલાં શ્રી હીરજી જેઠાભાઈએ આજ વિષયની છપાવેલી "શ્રી આત્મચિંતન"ની ૫૦૦૦ નકલો ખપી ગઈ હતી. આમ એનો પ્રચાર વધ્યો છે. પુરૂષો અને સ્ત્રીઓ વ્રત લેવાની જરૂરિયાત સમજે છે અને તેઓ આકર્ષાય છે. એ આત્મ-કલ્યાણ માટે કાંઈક કરવાની એમની રૂચિ જણાય છે. મુનિઓની વાણી કાને પડવાથી આ ગુણ ઉદ્ભવે છે.

આ બીજી આવૃત્તિ છપાવવાની જરૂરિયાત ઉભી થઈ તે અરસામાં પૂજ્ય આચાર્યશ્રીના સૂત્ર વચનોનું વ્યાખ્યાન અકામ મરણ - સકામ મરણ સાંભળવાનું થતાં તે ઉપયોગી જાણાતાં એક પાઠ તરીકે આમાં લીધું છે. ઉપરાંત **'મહાન વૈજ્ઞાનિક પ્રભુ મહાવીર'** અને **'નવાણું અતિચાર'**ના પાઠનો પણ ઉમેરો કરેલો છે. આ સિવાય પ્રસંગોચિત વધારો કરેલ છે, અન્ય ફેરફાર કરેલ છે.

સત્યને જાણ્યા પછી અથવા ધર્મનો બોધ થયા પછી તેને વ્યવહારમાં ઉતારવો જરૂરી છે. અભ્યાસકીય જીવન, કૌટુંબિક જીવન, ધંધાકીય જીવન, નોકરી, વ્યવસાય એમ દરેક સ્થિતિમાં વ્યવહારની

શુદ્ધિની જરૂર છે. ધર્મની-સત્યની રૂચિ થાય એટલે તેનું આચરણ કરવું.

શ્રાવક પ્રવૃત્તિમય જીવન ગાળે, છતાં પણ બાર વ્રત અથવા તેમાંથી અમુક પાપનો ત્યાગ-પચ્ચક્ખાણ સહેલાઈથી લઈ શકે.

ભોગ અને ઉપભોગની વસ્તુ મળ્યા છતાં, તેમાં આસકતભાવ અર્થાત લોલુપત્તા ન રહે એ અગત્યનો મુદ્દો છે. વાંચન, ઉપદેશ વગેરે એજ હકીકત સમજાવે છે માટે દરેક વ્યકિતએ પોતાની રૂચી પ્રમાણે ધર્મને, દયાને-અંગીકાર કરવાં અને આગળ વધવું. છેવટનું ધ્યેય 'મૂડી'નો વધારો કરવો.

પુસ્તકમાં ક્ષતિ રહી ગઈ હોય તો તે સુધારીને વાંચવા નમ્ર વિનંતી.

જેઠ વદ ૩૦ સં. ૨૦૩૩ — આણંદજી ભુલા
તા. ૧૫-૬-૧૯૭૭ — (પ્રકાશક)

# ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના (ટુંકમાં)

બીજી આવૃત્તિ ખલાસ થવા આવતાં આ ત્રીજી આવૃત્તિ છપાવતાં આનંદ થાય છે. એક નવો પાઠ 'પતન અને ઉત્થાન'નું ઉમેરો તથા બીજા કેટલાક સુધારા વધારા કરેલ છે.

બીજા જેઠ સુદ ૧૫ સં. ૨૦૩૬ — આણંદજી ભુલા
તા. ૨૭-૬-૧૯૮૦ — (પ્રકાશક)

# ચોથી આવૃત્તિની પ્રસ્તાવના

ગચ્છ, સંપ્રદાયના ભેદભાવ વિના સર્વ વર્ગના સમૂહ તરફથી સદ્‌ઉપયોગ માટે આત્મશુદ્ધિની ત્રીજી આવૃત્તિની જોરદાર માંગ થતાં, અને તે ખલાસ થવા આવતાં, આથી ચોથી આવૃત્તિના પ્રકાશનને સામુહિક રીતે દાતાઓએ જે સહકાર આપ્યો છે તે જૈન ધર્મના એક સૂત્રતાના સિદ્ધાંતને અનુરૂપ પ્રશંસનીય છે. બે વરસ જેટલા ગાળામાં આ આવૃત્તિ બહાર પાડે છે.

વ્રત આદરવા અને નીતિ નિયમ અને મર્યાદામાં રહેવું એ સુખી થવા માટે સમજદાર વ્યકિતને જીવનની એક અનોખી અને અમૂલ્ય તક છે. વ્રત આદરનારાઓના સૂચનો પરથી આ આવૃત્તિમાં નવા સુધારા - વધારા તથા નવો પાઠ **'અદલ ઈન્સાફ'**નું ઉમેરો કરેલ છે. પચ્ચક્ખાણોની સંખ્યા વધી છે. ગોઠવણીની રીતે અનુક્રમ નંબરમાં શરૂઆતથી ફેરફાર થયેલ છે. આ આવૃત્તિને પણ સારો આવકાર મળશે એવી આશા રાખું છું.

વૈશાખ સુદ ૯ સં. ૨૦૩૮
તા. ૧-૫-૧૯૮૨

આણંદજી ભુલા
(પ્રકાશક)

## પાંચમી આવૃત્તિની પ્રસ્તાવના (ટુંકમાં)

ચોથી આવૃત્તિ મોટા ભાગે સામૂહિક રીતે ધર્મસ્થાનકો-ઉપાશ્રયોમાં વ્રત નિયમ લેવા માટે વપરાઈ છે.

વ્રત લેનારાઓના સૂચનથી પચ્ચક્ખાણ વિભાગમાં સુધારા-વધારા તથા ક્રમાંક સંખ્યામાં વધારો થયેલ છે તથા ત્રણ નવા પાઠનું ઉમેરો કરેલ છે.

મિતિ : જેઠ સુદ ૧૫ સંવત ૨૦૪૦      **આણંદજી ભુલા**
તારીખ : ૧૩ જૂન ૧૯૮૪      પ્રકાશક

## છઠ્ઠી આવૃત્તિની પ્રસ્તાવના (ટુંકમાં)

પાંચમી આવૃત્તિ પણ સામૂહિક રીતે મુંબઈ, કચ્છ અને બહારગામમાં વપરાઈ છે. સાધુ મુનિરાજોના ઉપદેશનું આ પરિણામ છે.

આઠમા વ્રતના પચ્ચક્ખાણ ક્રમાંક ૧૩૩ થી ૧૩૯ ના સાત બોલો ક્રમાંક સંખ્યામાં ન હતા તે આ આવૃત્તિમાં આપતાં તથા બીજા નવા બે બોલ એમ કુલે ૯ બોલનું ક્રમાંક સંખ્યામાં વધારો થયેલ છે, કુલે સંખ્યા ૯૩ છે.

મિતિ : વૈશાખ સુદ ૧૫, સંવત ૨૦૪૨      **આણંદજી ભુલા**
તારીખ : ૧૩ જૂન ૧૯૮૬      પ્રકાશક

# સાતમી આવૃત્તિની પ્રસ્તાવના (ટુંકમાં)

સાતમી આવૃત્તિમાં છ બોલ ઓછા કરેલ છે તથા એક નવો પાઠ "ઈંડાનું વૈજ્ઞાનિક સંશોધન" ઉમેરેલ છે. દર બે વર્ષે છ હજાર જેટલી પુસ્તિકાઓ જિંદગીને આદર્શ પલ્ટો આપવા માટે વપરાય છે. "આત્મશુદ્ધિ" માટે આ એક સારી નિશાની છે. નવો પાઠ "ઉર્મિ અને વ્યથા" ઉમેરેલ છે તથા સુધારા-વધારા કરેલ છે.

મિતિ : વૈશાખ સુદ ૧૫ સં. ૨૦૪૪
તારીખ : ૧લી મે ૧૯૮૮ — આણંદજી ભુલા

# આઠમી આવૃત્તિની પ્રસ્તાવના

દર બે વરસે છ હજાર જેટલી પુસ્તિકાઓ જિંદગીને સંસ્કારમય પલ્ટો આપવા વપરાય છે. 'આત્મશુદ્ધિ' માટે આ એક સારી નિશાની છે. વિચારધારા, ચિંતન, લેખન, પ્રકાશન દાતાઓ અને વહેંચણી કાર્યના સમયસરના સુમેળથી આ પુસ્તિકાના ફેલાવાને વેગ મળી શક્યું છે. આ આવૃત્તિમાં એક નવો બોલ ક્રમાંક ૪થો તથા ઉર્મિ અને વ્યથા નવા પાઠ ઉમેરેલ છે.

ગઈ આવૃત્તિના પચ્ચખાણ ક્રમાંક ૧૩૪ થી ૧૩૯ એ છ બોલ આ આવૃત્તિમાં ઓછા કરેલ છે. કુલ સંખ્યા ૧૮૮ થયેલ છે. એક નવો પાઠ ઈંડાનું વૈજ્ઞાનિક સંશોધન ઉમેરેલ છે તથા સુધારા

વધારા કરેલ છે. આ આવૃત્તિને પણ સારો આવકાર મળશે એવી આશા છે.

આણંદજી ભુલા
(પ્રકાશક)

મિતિ : ફાગણ વદ ૧, સં. ૨૦૪૬
તારીખ : ૧૨મી માર્ચ, ૧૯૯૦

# નવમી આવૃત્તિની પ્રસ્તાવના

આ આવૃત્તિમાં ઈંડાના પાઠમાં નોબલ પ્રાઈસ વિજેતા પ્રોફેસર મિચેલ બ્રાઉન અને પ્રો. ગોલ્ડ સ્ટેઈનનો સંદેશ (ચિત્રલેખા તથા 'ટાઈમ્સ ઓફ ઈંડિયા'માં પ્રગટ થયેલ) ઉમેરેલ છે. રંગઢંગ, સ્ટીમર વિજળી વિ. પ્રસ્તાવના પછી ઉમેરેલ છે. નવા પાઠ 'શ્વાસોચ્છવાસ' અને 'છેલ્લું વિશ્રામ' ઉમેરેલ છે. વ્યથાનું પાઠ તથા સજ્ઝાય વિભાગમાં અમુક ઓછી કરેલ છે તથા વધારેલ છે, અન્ય સુધારા વધારા કરેલ છે.

કામ ભોગ અને તૃષ્ણા એ ઝેરી રોગ છે અને એમાં જો ફસાયા તો રીબાઈ રીબાઈને મરવું પડે. કરોડો અબજો વરસ સુધી ઝેરી ડંખ અને ઉપર તેજાબ/એસીડ છાંટે એવી પીડાઓ ઉપરથી માર મારે આ રીતે નિ:સહાય હાલતમાં, લાચાર બનીને, ફરિજયાત સહન કરવું પડે.

આવી જિંદગીઓની હાલત નિવારવા અને સુખી થવા માટેના માર્ગ તરીકે જીવનને આદર્શ પલ્ટો આપવા આ વ્રત વહીમાં નિયમો આપેલાં છે જે આદરવાથી ખચ્ચીત તમારી વર્તમાન અને ભાવિ જિંદગી સુધરશે.

મિતિ : અષાઢ સંવત ૨૦૪૮ — આણંદજી ભુલા
તારીખ : ૨૫મી જુલાઈ, ૧૯૯૨ — (પ્રકાશક)

# દશમી આવૃત્તિની પ્રસ્તાવના

વ્રત નિયમ લેવા માટે સને ૧૯૭૧થી વપરાતી નવ આવૃત્તિની કુલે ૫૧,૦૦૦ થી વધુ પ્રતો, જૈન જૈનેતરોમાં વપરાઈ ચુકી છે. એજ એની પ્રસ્તાવના છે. સમજણપૂર્વક વ્રતનિયમ લેવાની ભૂમિકા આ વ્રત વહી પૂરી પાડે છે.

આ આવૃત્તિમાં જીવ અને આત્માના ભાવાર્થનું વિશ્લેષણ શબ્દાર્થના પાઠમાં આપેલું છે. પચ્ચક્ખાણના ક્રમાંક નંબર ૨૫ અને ૨૬ તથા TUNE UP પાઠ નવા ઉમેરેલ છે. છેલ્લે ખોરાક અંગેની માહિતી આપેલ છે. સુધારા વધારા તથા કેટલોક ભાગ ઓછો કરેલ છે. આ આવૃત્તિને પણ સારો આવકાર મળશે એવી આશા છે.

મિતિ : વૈશાખ સુદ-૧ સં. ૨૦૫૦ — આણંદજી ભુલા
તારીખ : ૧૧મી મે, ૧૯૯૪ — (પ્રકાશક)

# નવી આવૃત્તિ શ્રી આત્મ શુદ્ધિ અંગત સૂચના

## નવી આવૃત્તિ માટે સૂચન (અંગત અને અગત્યનું)

દરેક આવૃત્તિના સુધારા વધારા સાથેની આવૃત્તિ વિષયો તથા પાના સંખ્યા કદની રીતે મારી દૃષ્ટિએ પુરતા છે. આમાં હવે વધારો કરવો યોગ્ય નથી. (ભાષા શુદ્ધિ તથા સાધારણ ઉચિત ફેરફાર આવકાર્ય.)

નવી આવૃત્તિનું બહાર પાડવાનું પ્રસંગ ઉપસ્થિત થયે આ આવૃત્તિનું પુનરાવર્તન એટલે ફોટો પ્રિન્ટ કરાવવું. પ્રિન્ટીંગમાં પ્રુફ રીડીંગ એક અક્ષર જોવું, સુધારવું એમાં સમય અને સમજણ દૃષ્ટિએ ઘણાં કોયડા ઉદ્ભવે છે. જે ક્ષતિ પેદા કરે. મારો શરીર, ઈન્દ્રિયો શિથિલ બની છે એટલે આ યાદી લખું છું.

આણંદજી ભુલા

# જાણવા જેવું

ઓછા ખર્ચે નકકર વિષયોનું પદાર્થ વિજ્ઞાનનું જ્ઞાન મેળવવા પશ્ચિમ જર્મનીમા વૈજ્ઞાનિક ગ્રેટેએ પોતાના પુસ્તકાલયમાં ૧૦,૦૦૦ હસ્ત લિખિત જૈન પુસ્તકો રાખેલા છે. તેઓ જૈન ધર્મના મહામંત્ર 'નવકાર મંત્ર'ને આદર્શ ગણે છે. તો જૈન કુળમાં જન્મેલા એવા આપણે સર્વ દુ:ખનો નાશ કરનાર અને સ્થાયી સુખ આપનાર એવા સિદ્ધ પુરુષ મહાવીરના ધર્મને સમજપૂર્વક કેમ ન આદરીએ!

अहिंसा परमो धर्म : એ જૈન દર્શનનું મુખ્ય સૂત્ર છે. અહિંસાની છણાવટ જૈન સિદ્ધાંતોમાં છે એવી કયાંય પણ નથી. હિંસા અને અહિંસા સમજવા માટે જીવ અને અજીવની ઓળખ મેળવવી જરૂરી છે. એ માટે 'છ કાય', 'નવ તત્ત્વ' વિગેરે થોકડા વાંચવા અને ભણવાની તથા સમજવાની ખાસ જરૂર છે.

पठम नाणं तओ दया એ જૈન સિદ્ધાંતનું મુખ્ય સૂત્ર છે. સત્ય જ્ઞાન અને સત્ય સમજણ વગર કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. જ્ઞાન મેળવ્યા પછી તેનું આચરણ કરવું એટલે કે ક્રિયા કરવી જરૂરી છે. ક્રિયાથી જ આત્મસ્વરૂપનો અનુભવ થાય છે. વિનય એ જૈન ધર્મનું મૂળ છે. વિનય એટલે સરળતા સદાચાર અને ક્ષમા. તેના વિના આત્મામાં ધર્મ પ્રવેશતો નથી.

કર્મ એટલે આપણે પોતે કરેલા કાર્યોનું પ્રતિબિંબ. એ પ્રતિબિંબ-ચિત્ર આ જિંદગી અને તેની પછીની જિંદગીઓમાં સામે જ આવે છે. જેવું કાર્ય તેવું ફળ. કર્મ, નશીબ કે પ્રારબ્ધ એ બધા પોતાના વાવેલા જ ફળ છે.

પુરુષાર્થ અને ઉદ્યમથી જ મનુષ્યનું જીવન ઘડાય છે; પલટાય છે. પુરુષાર્થને જૈન ધર્મમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. સમજ અને જ્ઞાન થયા પછી એ પ્રત્યે ધ્યેયને લક્ષમાં રાખી પુરુષાર્થ કાર્ય કરવા પગલાં માંડીએ તો તે ફલિત થાય.

આત્મશુદ્ધિ માટે આટલું સમજશો તો ઘણું સમજશો.

卐

# ખાસ નોંધ વ્રત લેનાર માટે ઉપયોગી

- પચ્ચક્ખાણ પોતાની ઈચ્છાથી અને મકકમતાથી લેવા.

- ખાવા પીવા તથા વપરાશની વસ્તુઓ, શારીરિક કે સંયોગવશાત એક જ વસ્તુથી ચલાવી લેવું પડે અથવા લગ્ન કે સમૂહ પ્રસંગોએ ઘણી વસ્તુ વપરાય, તે સંયોગો સાથે ધ્યાનમાં લઈ માન મર્યાદા નકકી કરવાં.

- કૌટુંબિક તથા સાંસારિક સંબંધોમાં, તેવી જ રીતે ધાર્મિક પ્રસંગોમાં ઠગ બુદ્ધિ ન રાખવી, ન ઈર્ષા કરવી, ન અભિમાની બનવું.

- પચ્ચક્ખાણનો હેતુ ક્રમે કરીને પોતાનું જીવન ઓછી જરૂરિયાત, ઓછો આળપંપાળ-તે રીતે શાંતિમય તથા અધ્યાત્મ ધ્યાન, ચિંતન અને સમજણ વધે અને વધુ ને વધુ ધર્મની સન્મુખ થાઉં તે રીતે વીતે તે છે.

- પચ્ચક્ખાણ લેતી વખતે, વાંચી શકાય તે રીતે પેન્સીલથી લખવાથી તે જગ્યાનું ફરી વખત ઉપયોગ થઈ શકે.

## રંગ ઢંગ

- તારૂં શું હતું, તે ગયું, તું શું લાવ્યો હતો ?
- કાલે કોઈનું હતું. આજે તારૂં થયું.
- આવતીકાલે કોઈનું હશે.
- તારૂં કંઈજ નથી. તારૂં શું ? વિચાર કર.

### વીજળી ડૂબી, વેરણ થઈ

હાજીકાસમની વખાણાયેલી સ્ટીમર વીજળી કચ્છ માંડવી બંદરેથી ઉપડી ગઈ. મુંબઈ જતા એક ગુર્જર વણીક યુગલનું છ મહીનાનું પુત્ર ઘરે ઘોડિયામાં જ રહી ગયો.

વળાવીયા દાદા જાણે દાદી પાસે, દાદી જાણે ફુઈ પાસે, કોઈની પાસે નહીં. સ્ટીમર પર પહોંચ્યા ત્યારે જ ખબર પડી. છોકરો ભૂલાઈ ગયો, હવે શું થાય ? રાત્રી પડી, દરિયો તોફાની બન્યો, વીજળી ડૂબી, કોઈ બચ્યો નહીં, બાળક બચી ગયો.

**રાખણહારો કોણ ? રાખણહારો રામ !**

એક સાચી ઘટના

# અકામ મરણ-સકામ મરણ

મરણ સમયે પરિગ્રહ, કામભોગની ઈચ્છા, કોઈના સાથે વેરઝેર હોય તેનો બદલો લેવાની ઈચ્છા, અસત્યને સત્ય માર્ગ તરીકેની કલ્પના, ચાડી ચુગલી, ઠગ બુદ્ધિ - આ અકામ મરણની નિશાની છે. અકામ મરણ થવાથી જીવને હલકા, તુચ્છ પ્રકારના દેહ ધારણ કરવા પડે અને ગેંડી દડાની જેમ માર ખાઈ ખાઈને ભટકવું પડે છે. તેને સદ્‌ગતિ હોય નહિ. આશા, આકાંક્ષા કે વેરઝેર રહે ત્યાં સુધી નિશ્ચય જન્મ મરણ કરવા પડે. એનાથી પર થઈ આત્માના સ્વરૂપ વિષે ભાન થાય, આત્મા કર્મથી મુકત થઈ પોતાનું સહજ સ્વરૂપ પ્રાપ્ત કરે એ વિષે સજાગ થાય, શરીરમાં શાંતિ હોય કે વેદના-ગમે તે સ્થિતિ હોય, પ્રસન્ન ચિત્તે અરિહંતનું-ધર્મનું સ્મરણ હોય, શરણ હોય - આ સકામ મરણની નિશાની છે.

એક વખત સકામ મરણ થયું તે જીવ તે જ ભવે કે વધુમાં વધુ પંદર ભવે મોક્ષમાં જાય. શ્રી જિનેશ્વર દેવ કથિત એની લેખિત ગેરંટી સૂત્રોમાં છે.

પંદર ભવે મોક્ષ આપણે બોલીએ છીએ, કલ્પીએ છીએ તેવું સહેલું નથી. સહુ પ્રથમ-વિચાર, વાણી અને વર્તન નિખાલસ અને સદ્‌ભાવનાપૂર્વકના હોવા જોઈએ. અહિંસામાં ધર્મ અને હિંસામાં પાપ સામાન્ય રીતે બધા જૈનો માને છે. છતાં પ્રચારના નામે,

વિદ્વાનપણું બતાવવા, યશ, કીર્તિ અને ધન માટે ધર્મમાં હિંસક સ્વરૂપ આપી તેમાં ધર્મ માને છે, એ ભૂલ છે. ભગવાનનાં વચનો પ્રત્યે શ્રદ્ધા નથી એટલે આમ બને. અને વચન પર શ્રદ્ધા નથી, ત્યાં અરિહંત કે ધર્મનું શરણ કેટલું કામ આવે ?

શ્રાવક કે મુમુક્ષુ ગૃહસ્થાશ્રમી છે તેને સંસારમાં રહીને પોતાની, કુટુંબની આજીવિકા કરવાની છે. સામાજિક કાર્યો, દેશ માટેનાં કાર્યો અને ફરજ બજાવવાની છે. તે પોતાની યથાશકિત મુજબ કરે, તેમાં અભિમાન ન હોય કે તેમાં રચ્યા પચ્યા રહેવાનું ન હોય. ધ્યેય તો આ બધાને ત્યાગીને તેમાંથી બને તેટલું મુકત થઈને, શાંતિમય જીવન ગાળી, નિર્દોષ ધર્મ કરણી કરી, આત્માનું શુદ્ધ સ્વરૂપ મોક્ષ પામવાનું હોય. માન્યતા શુદ્ધ હોવી જોઈએ. ગતિપ્રયાણ એના તરફી હોવા જોઈએ.

# મહાન વૈજ્ઞાનિક પ્રભુ મહાવીર

જે વસ્તુ બની શકતી હોય, તે સિદ્ધ કરી બતાવે, તે વૈજ્ઞાનિક. આત્માને દુ:ખથી દૂર કરી, સુખ મળે તે સ્વયં જાત અનુભવ વણવિલા છે. તે વૈજ્ઞાનિક વસ્તુ છે. તે અદ્ભુત અને રામબાણ ઉપાય છે, જે કરવાથી કદિ પણ નિષ્ફળ જશે નહિ. આવા એક સિદ્ધ ઉપાયમાં અઢાર પાપસ્થાનકને જ્ઞાન અને સમજાણથી પોતાની બની શકતી ઉચ્ચ કક્ષાની શકિત મુજબ ત્યાગવાના છે અને બાર વ્રત તથા **બાર પ્રકારના તપ** (છ બાહ્ય અને છ અભ્યંતર) **જે સબળ કે નિર્બળ સહુ પાળી શકે** તે આરાધવાના છે. અઢાર પાપ સ્થાનકમાં અઢારમું ● જબ્બર છે. જેનો ત્યાગ ન થાય તો બીજા ત્યાગના લાભ અસરકારક ન થાય. જેવી રીતે ગરમ પાણીની વરાળ, ખુલી જતાં ઉડી જાય છે અને તેને પદ્ધતિસર બંધ કરી, ઉપયોગમાં લેવામાં આવે તો સંખ્યાબંધ માલગાડીના ડબ્બા એક એંજિન + ખેંચી જાય છે.

આ અઢારમું તથા બીજાં પાપ-સ્થાનક ત્યજવાથી અને નિર્દોષ દાન, શિયળ, તપ અને ભાવની આરાધના કરવાથી ઉન્નતિરૂપે જે ચૌદ ક્રમ અનુક્રમે છે, તે ગુણસ્થાન નામના વિષયમાં પાછળ આપેલા છે અને આ પુસ્તિકાનો મુખ્ય વિષય-પચ્ચક્ખાણ-જે ૧૯૪

---

● ૧૮ મું મિથ્યાત્વ પાપ સ્થાનક છે.

\+ સમકિત અર્થાત સમ્યકૃત્વ એ એજિંન સમાન છે.

નિયમોમાં વહેંચાયેલ છે, તે એને અનુલક્ષીને લખાયેલ છે.

જે વસ્તુ બની શકનાર નથી. તે કદિ પણ સિદ્ધ થતી નથી. હાલની જે સફળ શોધો વૈજ્ઞાનિકોએ કરેલી છે, તે બધી પ્રભુ મહાવીર અને તેમના પુરોગામીઓએ હજારો લાખો વર્ષ પહેલાં કહી હતી. આત્મા, કર્મ અને મોક્ષ અંગેની સંપૂર્ણ શોધ જૈન મહાત્માઓએ કરેલી છે, તે શોધ હાલના કોઈ વૈજ્ઞાનિકે કરી નથી, કોઈ અન્ય ધર્માચાર્યે કરી નથી.

**Love all,**

**Trust few,**

**Follow one.**

---

**શ્રી આત્મશુદ્ધિ દશમી આવૃત્તિ પેજ 26**

મહાન વૈજ્ઞાનિક પ્રભુ મહાવીરના પાઠમાં લીટી બીજી જાત અનુભવ અને વર્ણવેલાની વચ્ચે આઠ શબ્દ છાપતાં રહી ગયા છે.

શુદ્ધિકરણ :-

જે વસ્તુ બની શકતી હોય તે સિદ્ધ કરી બતાવે, તે વૈજ્ઞાનિક. આત્માને દુ:ખથી દૂર કરી, સુખ મળે તે સ્વયં જાત અનુભવ અને જ્ઞાન વડે સિદ્ધ થયેલા એવા ઉપચાર સિદ્ધાંતમાં વર્ણવેલા છે.

# અઢાર પ્રકારના પાપ સ્થાનક

૧ જીવહિંસા, [દુ:ખ દેવું, મારવું, પ્રાણ રહિત કરવું, ઉત્તેજન આપવું] ૨ ખોટું બોલવું [મર્મ પ્રકાશ ધ્રાસ્કો પડે તથા કુડીવાણી, લેખ વર્તાણુંક] ૩ ચોરી કરવી [આણદીધેલી] વસ્તુ લેવી, દાણચોરી, ચોરાઉ વસ્તુ લેવી તથા ખોટા તોલમાપ હાથ ચાલાકી] ૪ મૈથુન [સ્ત્રી સેવન, કામવિકાર શણગાર ઉત્તેજન] ૫ પરિગ્રહ [માલ મિલકત તથા આળપંપાળ આડંબરમાં મશગુલ, તૃષ્ણા] ૬ ક્રોધ [ગુસ્સો, અસ્થિરતા, આવેશ] ૭ માન [વટ, અહંકાર] ૮ માયા [ઠગબુદ્ધિ પ્રેરિત વાણી, કાર્ય] ૯ લોભ [તૃષ્ણા, માનસિક વિકાર, અશાંતિ] ૧૦ રાગ [ઈચ્છિત વસ્તુમાં આનંદ, મોહ] ૧૧ દ્વેષ [અણગમતી વસ્તુ પરિણામ તરફ શોક, નારાજી] ૧૨ કલેશ [કજિયો, હાંસી, મશ્કરી] ૧૩ અભ્યાખ્યાન [આળ ચઢાવવા, મારી મચડી આરોપ ઉભા કરવા] ૧૪ પૈશુન્ય [ચાડી, ચુગલી, કુથલી] ૧૫ પર પરિવાદ [અદેખાઈથી પારકાના વાંકા બોલવા, તિરસ્કાર કરવો] ૧૬ રતિ અરતિ [પાપ કાર્ય, વિલાસ જીવનમાં હોંશ, ધર્મ કાર્ય, ત્યાગવૃત્તિમાં કંટાળો] ૧૭ માયામોસો [કળામય છેતરપિંડી, કપટવિદ્યા] ૧૮ મિચ્છાદંસાણ સલ્લ [સત્ય સિદ્ધાંત, પરમાર્થને અસત્ય અને અસત્યને સત્ય માને તત્ત્વને તુચ્છ અને તુચ્છ અસારને તત્ત્વ માને. ધર્મને અધર્મ માને, શંકા કરે, અધર્મને ધર્મ માને શ્રદ્ધા રાખે] અસત્ય અને સત્ય સમજાણમાં જમીન આસમાન જેટલું અંતર છે.

# બાર પ્રકારના તપ

૭ બાહ્ય : ૧ અનશન, ૨ ઉણોદરી, ૩ વૃત્તિસંક્ષેપ, ૪ રસપરિત્યાગ, ૫ કાયકલેશ, (જગ્યા તથા આસન બેઠક વી. નું પરિમાણ) ૬ પડિસંલિનતા (શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શના વિકારોને રૂંધવું)

૭ અભ્યંતર : ૧ પ્રાયશ્ચિત, ૨ વિનય, ૩ વૈયાવચ્ચ (સેવાચાકરી) ૪ સજઝાય અર્થાત્ સ્વાધ્યાય (સિધ્ધાંતિક વસ્તુનું જ્ઞાન મેળવવું, શીખવું) ૫ ધ્યાન (એકાગ્રતા), ૬ કાઉસગ્ગ (સ્થિરતા, એકાગ્રતાથી પાપો-દોષનું પ્રાયશ્ચિત, આત્મસ્વરૂપ - ધર્મનું ચિંતન, કર્મ અને ધર્મના ભેદ : પ્રવૃત્તિ અને નિવૃત્તિના ભેદનું નિરીક્ષણ મનોમંથન)

---

- કર્મબંધનથી મુકત થવા માટે તપ કરવું જરૂરી છે.
- વર્તમાન અને ભવિષ્ય સુધારવા માટે સત્ય સમજણની જરૂર છે.
- સ્થિર થવા માટે એકડાની જરૂર છે.
- હિંસા અને અહિંસા ઉપર ધર્મનો આખો પાયો રચાયેલો છે. હિંસા ત્યાં પાપ, અહિંસા ત્યાં ધર્મ.

[ધર્મની ઓળખ અને પારખ માટે આ મુખ્ય કહેવત છે.]

# પતન અને ઉત્થાન

સજીવ અને નિર્જીવમાં, તેમની પ્રકૃતિમાં જે તત્ત્વ અનુક્રમે ગુણ સ્વભાવ અને પદાર્થ સ્વભાવ પ્રગટ અને ગુપ્તપણે રહેલા છે તથા તેમનામાં જે અનેકવિધ ગુણદોષો છે, શકિતઓ છે, તેનું મૂલ્યાંકન કરીને તેના ફળ સ્વરૂપે જીવ અર્થાત્ આત્માના ઉત્થાન માટે તેમના ભાવ અને ભેદનું નિરીક્ષણ કરી [છણાવટ કરી], પતનના માર્ગ પરથી ઉત્થાનના માર્ગ પર લઈ જનાર જે માર્ગ, જે ફરમાન, જે સત્ય, જે ધર્મ તે જૈન ધર્મ છે.

જૈન ધર્મના સિદ્ધાંત ત્રિકાળ અબાધિત છે. વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલા છે અને એટલે જ સત્યની ખોજ કરનાર વ્યકિતને માટે તે સિદ્ધાંતો એ અમૂલ્ય દર્શનરૂપ છે અને આત્માને આત્માના શુદ્ધ સ્વરૂપમાં લાવવા માટેનું સંશોધન કરેલ શુદ્ધ અને મુકિતમાર્ગદર્શક ભોમિયો છે.

જૈન ધર્મની માન્યતા પ્રમાણે દરેક વ્યકિત પોતાના આત્માનું કલ્યાણ પોતે કરી શકે છે. ઈશ્વર બની શકે છે. એમાં સ્ત્રી કે પુરુષનું, ગરીબ કે તવંગરનું, કાળા કે ગોરાનું કંઈ ભેદભાવ નથી, તેમજ એમાં પૈસા કે પરિગ્રહનું કોઈ સ્થાન નથી.

શ્રી વિતરાગ દેવે બોધેલો ધર્મ અને તેના સિદ્ધાંતો પોતાના ઉત્થાન માટે જે કોઈ વ્યકિતને પ્રિય છે, પ્રિય બનશે, તેની ઝંખના

કરશે, તેને આરાધવા માટે ઉદ્યમવંત બનશે, તે પોતાના આત્માનું કલ્યાણ સાધી શકશે. આ રીતે અધ્યાત્મ દૃષ્ટિએ જે આરાધના કરશે તે કર્મરૂપી પાપના કલંકથી મુકત બનશે. પોતાનું નિજ સ્વભાવ [મોક્ષ] પ્રાપ્ત કરશે.

---

૧. મનુષ્યમાં માન ન હોત તો અહીં જ મોક્ષ હોત.

૨. કેટલાય કુટુંબ, સમાજ, સંઘમાં અહંકાર અને અપમાનના કારણે તિરાડ પડેલી છે.

૩. જે આપઘાત કરવા પ્રેરાય છે તેને ધર્મના સંસ્કાર અથવા શ્રદ્ધા નથી એટલે આપઘાત કરે છે. જેનું કોઈ આધાર નથી તેનું આધાર ધર્મ છે. એના શરણે જવાથી, સ્મરણથી વર્તમાન અને ભવિષ્ય સુધરી જાય છે. સંકટ સમયે કે કંટાળામાં ધર્મનું આસરો લેતા આશ્વાસન મળે છે, સંકટ દૂર થાય છે. ધર્મના નીતિ-નિયમોને વિચારી જવું.

# અદલ ઈન્સાફ

કુદરતનું ન્યાય-કર્મનું સિધ્ધાંત અચળ છે. અફર છે. ઋષિમુનિ, સત્તાધારી, ધનવાન, રાજા કે રંક સહુને માટે એક જ ત્રાજવાં છે. તેમજ નજદિકના ભવિષ્યમાં કોઈ ચક્રવર્તિ કે તીર્થંકર ભગવાન બનવાના હોય અને તેઓએ ભૂતકાળમાં કે વર્તમાનકાળમાં સમજથી કે ગેરસમજથી, જાણ્યે કે અજાણ્યે પણ હિંસક કામ, પરિગ્રહ, મોહ, મિથ્યાત્વ કે વિપરીત કાર્યોમાં જોડાયેલો હોય, ઉંધા રસ્તે જતો હોય તો તેના કાર્યો માટે તેને ન્યાયની રીતે જ સજા થાય, મૃત્યુની, કારાવાસની, દંડની, ગુલામીની કે લાચારીની તેમાં એક તસુ, એક દમડી, એક કલાકની પણ ઓછી સજા લાગવગથી, પ્રતિભાથી કે લાંચ રૂશ્વતથી થતી નથી, ન તો હળવી કે ઓછી સજા થાય છે, ન તો રાહત મળે છે. કુદરતના ન્યાય સામે કાળમુખો માનવી લાચાર છે, પરાધીન છે, રાંક છે. કુદરત સામે તેની કંઈ જ કરામત, આંટીઘુંટી, વિદ્વતા, સત્તા કે ઐશ્વર્ય નાકામયાબ છે, તેનું કંઈ જ ગજ વાગતું નથી.

સ્વતંત્ર રીતે જેનું સ્થાન છે એવા અભયદાતા અને નિર્દોષતાનું જેમાં ગુણ છે એવા એકમાત્ર ધર્મને શરણે જવાથી, વિશ્વાસપૂર્વક (શ્રધ્ધાથી) તેની ગોદમાં જવાથી નિર્ભયતા (મોક્ષ) પ્રાપ્ત થાય છે.

જૈન ધર્મ એ કોઈ વ્યકિત કે સમુદાયનું રચેલું ધર્મ નથી ચિર

સ્થાયી રીતે વાતાવરણમાં જેમ હવા રહેલી છે, હંમેશના માટે એ છે તેમ અહિંસા અને સત્યનું સંપૂર્ણ રીતે જેમાં સમાવેશ થયેલ છે, એવા જીવનના ઉત્કર્ષનું મૂળ તત્ત્વ સ્વાભાવિક તત્ત્વ જેમાં છે એવું પ્રાણવંત, ધબકતું, લક્ષ્યવેદી અને નિર્દોષ ધર્મ તે જૈન ધર્મ છે. સમજણપૂર્વકનું આચરણ-સ્વીકાર એ ફળદાયી છે.

- જિંદગીભર માનવી ધનપ્રાપ્તિના હિસાબો લખ્યા કરે છે... પરંતુ પ્રભુના દરબારે તો એના કર્મોનો હિસાબ જ કામ આવે છે.
- વર્તમાન ન સુધર્યું તો ભવિષ્ય અંધારૂં જ છે.
- શરીર શુદ્ધિ/સ્વાસ્થ્યનો રાજમાર્ગ છે. સાદો આહાર, યુકત આહાર, વ્યસન મુકિત, ઈશ્વર સ્મરણ.

**वीरम् शरणम् गच्छामि**

**धम्मं शरणम् गच्छामि**

# જરૂરિયાત ? જાહેરાત ઘેલછા ?

"જેના વગર તમને નહિ ચાલે" એવા શબ્દો હતા એક મોંઘા માસિકના પાનાવાળી જાહેરખબરમાં, ઝવેરાત ખરીદવા.

ઝવેરાત વગર દુનિયામાં ઘણાં માણસોને ચાલે છે જ. એના વગર જીવી ન શકે એવું દુનિયામાં કોઈ નથી. છતાં જાહેરાતોથી માણસો ફસાય છે. કૃત્રિમ સાધનોને અપનાવે છે.

આધુનિક જીવનને વધુમાં વધુ કૃત્રિમ બનાવવાનું કાવતરૂં એ જાહેરાતો જ છે. આ વગર ન ચાલે, તે વગર ન ચાલે, અને પેલા વગર ન ચાલે.

સિનેમા વગર ન ચાલે, રેડિયો વગર ન ચાલે, ટી.વી., વીડીયો વગર ન ચાલે, બંગલા વગર ન ચાલે, મોટર વગર ન ચાલે, પરદેશ યાત્રા વગર ન ચાલે, જરૂરિયાતો વધારવાની, ખર્ચ વધારવાની ઘેલછા, સાહેબી એનું મૂળ છે, ઝેરી મૂળ છે.

એથી ઉલટું સંતોષી અને સુખી જીવનનું રહસ્ય સાદાઈ છે એના વગર ચાલે જ નહિ, કોઈ બંધન નહિ, વ્યસન નહિ, આવશ્યકતા નહિ. સ્વતંત્ર.

કદાચ લઉં ખરો, જોઉં ખરો, ઉપયોગ કરૂં ખરો, પણ ગરજનો માર્યો નહિં. એના વગર ચાલે જ નહિં એવો પરાધીન તો નહિ જ.

ને હજી એક સૂક્ષ્મ વાત, કોઈને ચા વગર ચાલે તો ઘણું સારૂં. પણ પોતે ચા પીતો જ નથી એ સૌ કોઈને બતાવ્યા વગર એને નહિ ચાલે.

(દાન, તપશ્ચર્યાનું પણ એમ જ છે. વિકૃતિ આડંબર વધ્યા છે.)

— ફાધર વાલેશ

---

- ભણતર સાથે ગણતર હોય, સંસ્કાર હોય તો માણસ સ્વતંત્ર બુધ્ધિથી વિચારી શકે.
- એક વખત વધેલો ખર્ચ/ઠઠારો પછીથી ઘટાડવો બહુ મુશ્કેલ છે.
- ખર્ચ ઘટાડવો તમારા હાથની વાત છે, આવક વધારવા માટે તેમ નથી. ન પણ વધે.

# મારો સફળ થયો અવતાર

ધર્મનો છાંટો હોય, ભૂલે ચુકે એનું નામ સ્મરણ કે આચરણ કરેલું હોય. તો એ અવશ્ય ધારક બને છે. મૂંઝાયેલી મતિમાં મિત્ર બને છે. આત્માર્થીએ સાધના માટે વ્રત લેવા જરૂરી છે. પ્રાથમિક મોટકા વ્રત લેવાથી શરૂઆત કરવી.

પરમેષ્ઠિને કરાતા નમસ્કારમાં એક એવી અજોડ તાકાત છે કે એથી પાપની બાદબાકી થાય છે. પુણ્યનું ગુણાકાર થાય છે. અને ખાસ વિશિષ્ટતા એ છે કે એથી ભવચ્છેદ થાય છે અને મુક્તિ નજદીકમાં લાવે છે.

**શ્રાવકનાં બાર વ્રત જૈનના કોઈપણ ગચ્છ સંપ્રદાય કે પંથને આ વ્રત લેવાનું સ્વીકાર્ય છે એટલું જ નહીં પણ શીવ, બુદ્ધ, વેદાંત કે અન્ય મતવાદીઓ સુદ્ધાં આ વ્રતોમાં રહેલા તત્ત્વોને બીરદાવે છે.**

---

સાત વ્યસન નરકના કારણભૂત છે.
(૧) જુગાર (સટો) (૨) માંસાહાર (માંસ, મચ્છી, ઈંડા) (૩) મદ્યપાન (દારૂ) (૪) વેશ્યાગમન (૫) શિકાર (૬) ચોરી (૭) પરસ્ત્રીગમન.

- આ સાત વ્યસન તથા મહાઆરંભ; મહાપરિગ્રહ જે પણ નરકના કારણભુત છે. તેનાથી દૂર રહેવું, છોડી દેવું.

# ઊર્મિ

- સંસારમાં તેં મને જે ઘરમાં રાખ્યો છે તે ઘરમાં બધાં દુ:ખ ભૂલીને હું રહીશ.

- કરૂણા કરીને તારે પોતાને હાથે તેનું એક બારણું નિશદિન ખુલ્લું રાખજે.

- મારાં બધાં કાર્યોમાં અને બધી ફુરસદમાં એ દ્વાર તારા પ્રવેશ માટે રહેશે.

- તેમાંથી તારા ચરણની રજ લઈને વાયુ મારા હૃદય પર વાશે.

- એ દ્વાર ખોલીને તું આ ઘરમાં આવશે.

- હું એ બારણું ખોલીને બહાર નીકળીશ.

# ગર્ભમાં રહેલું બાળક તેનું મોં ખોલીને 'શાંત ચીસ' પાડે છે.

તાજેતરમાં અમેરિકામાં ૩૮ મિનિટની 'સાઈલન્ટ સ્કીમ' નામની ફિલ્મ ગર્ભ હત્યા કરનાર તથા કરાવનારાઓને ઊંડુ વિચારતા કરી દીધાં! પ્રચંડ જાગૃતિ આણી છે.

ગર્ભમાં રહેલું બાળક તેની હત્યા વખતે કેવી મોતની ચીસ પાડી ઉઠે છે તેનો વાસ્તવિક અને વિગતવાર અહેવાલ આ ફિલ્મ આપે છે.

ન્યૂયોર્ક શહેરના નામાંકિત ડૉ. નેથનસને આ ચિત્ર અંગે કહ્યું છે કે: "ગર્ભમાં રહેલું બાળક જેનો હજુ જન્મ પણ નથી થયો તે પણ માનવ સમાજનું એક સભ્ય છે જ. ગર્ભપાતની ટેકનોલોજીએ પ્રથમવાર આપણને બતાવ્યું છે કે ગર્ભહત્યા કરનાર તથા કરાવનાર "ખુનીઓ" છે! ગર્ભપાત કરનાર ડૉકટરનું જડ સાધન ગર્ભાશયમાં રહેલા બાળકના ટુકડે ટુકડા કરી નાખે છે એ દ્રશ્ય ચિત્રમાં જોવા મળે છે. તે જોવાથી ખરેખર કંપારી છુટે છે!"

ઉપર જણાવેલ દ્રશ્ય સાથે ફિલ્મ સાઈલન્ટ સ્કીમની શરૂઆત થઈ તે ૩૮ મિનિટમાં પૂરી થાય છે.

# ઈંડાનું વૈજ્ઞાનિક સંશોધન

## નોબલ પ્રાઈસ વિજેતા પ્રોફેસર મિચેલ બ્રાઉન અને પ્રો. ગોલ્ડ સ્ટેઈનનો સંદેશ

- મરઘાના સંસર્ગ વિના પણ જે મરઘી ઈંડુ આપે તેમાં જીવ હોય છે, કારણ કે તેમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા ચાલતી હોય છે.

- ઈંડાને શાકાહાર ગણાવી ન શકાય, કારણ કે ઈંડુ ઝાડપર નથી ઉગતું પણ મરઘીનાં પેટમાં પેદા થાય છે. ઈંડાના કોચલામાં જે ગર્ભ વિકાસ પામતો હોય, તે મળમૂત્ર પણ અંદર જ કરે છે. આ કચરામાંથી ઈંડાની સફેદી બને છે. આ કચરો પેટમાં પધરાવવાથી તંદુરસ્તીને ખતરો પેદા થાય. ભવિષ્યે નુકસાનકારક બને છે, રોગ પેદા કરે છે. એક ઈંડુ પેટમાં જાય, શાકાહારી માંસાહારી બને છે.

- તંદુરસ્ત રહેવું હોય તો ઈંડા વગરનો ખોરાક લો.

- ઈંડા ખાવાથી કોલેસ્ટરોલ વધે છે.

● શરીરની લોહીવાહક નળીઓમાં કોલેસ્ટરોલનો ભરાવો થવાથી હૃદયને જોઈતો લોહીનો પુરવઠો મળતો નથી, આથી "ફેટલ હાર્ટ એટેક" આવે છે.

(હિંદુસ્થાન ટાઈમ્સ તા. ૧૯-૧૦-૮૫, ચિત્રલેખા ડિસેમ્બર ૮૬ માં)

● દર ૧૦૦ ગ્રામ ઈંડામાં ૧૩.૩, જ્યારે મગફળીમાં ૧૭.૩ પ્રોટીન છે અને કેલરી ૧૭૩ અને ૪૫૯ અનુક્રમે છે.

**શાકાહારી કે માંસાહારી ?**
**ઈંડા ખાનાર અત્યાચારી !**

# શ્વાસોચ્છ્વાસ (આયુષ્ય સ્થંભ)

શ્વાસ પદ્ધતિ અંગેની જાણકારી સૌને જરૂરી છે. (સમ્યકૃત્વ સાથે પણ એનું સંબંધ છે.) શ્વાસ ધીરે ધીરે અને આસ્તેથી ઉંડો લેવો. એટલે ૧પુરક, બની શકે એટલો રોકવો એટલે ૨ કુંભક, જેથી હવા ફેફસામાં અને પાંસળીઓમાં પ્રસરે શ્વાસ લેતી વખતે પેટ અને છાતી ઉપસવાં જોઈએ. પદ્ધતિસરનું શ્વાસ લેવાથી ૪ થી ૫ લીટર હવા ફેફસામાં જાય. અધુરા શ્વાસમાં ૧ થી ૧॥ લીટર જાય.

ઉચ્છ્વાસ અર્થાત્ રેચક એટલે શ્વાસ ધીરે ધીરે અને પુરો આસ્તેથી બહાર કાઢવો. પછી રોકવો એટલે રેચક કુંભક. આથી ફરી શ્વાસ લેવાથી શુદ્ધ હવા ફેફસામાં જવા સંપૂર્ણ અવકાશ મળશે.

સામાન્ય રીતે બેઠા બેઠા એક મિનિટમાં ૧૫ થી ૧૭ શ્વાસોચ્છ્વાસ હોય જે તંદુરસ્ત ગણાય. એનાથી ઉત્તેજના કે વાસના પ્રગટ નથી થતી. ચાલતી વખતે ૧૮ થી ૨૦ હોય અને ક્રોધમાં ૪૦ થી ૬૦, વાસનાનાં આવેગમાં ૬૦ થી ૭૦ હોય છે. (વ્યવહારમાં સહજ સાવચેતી રાખો તો ઉદ્વેગ સુધારી શકાય.)

વિપશ્યના કહો કે પ્રેક્ષાધ્યાન થિયરી એક જ છે. ધ્યાન

કરતાં પહેલાં શરીરને શિથિલ / શાંત બનાવવું. પગથી માથા સુધી અનુક્રમે દરેક અવયવને, માંસપેશીઓને આદેશના ઢબે વિચારી વિચારીને શાંત કરવા, તનાવ મુક્ત કરવા અને ચેતન મનને જાગૃત બનાવવું. ભૌતિક ચૈતન્યને સુપ્ત કરીને તેના પ્રતિપક્ષી અભૌતિક / આધ્યાત્મિક ચૈતન્યને જાગૃત બનાવવું. સામાન્ય રીતે વિકલ્પો ન આવવા જોઈએ. શ્વાસ ઉપર નજર રાખવી.

નિયમિત અડધો કે પોણો કલાક દરરોજ અભ્યાસ કરવાથી વ્યક્તિ ગમે તેવી પરિસ્થિતિમાં તનાવ મુક્ત થઈ શકે છે.

ધ્યાન - જેમ ઉચ્ચ અધ્યાત્મ પ્રેરણા પદ્ધતિ અને આપણી સમ્યક્ ગ્રહણ શક્તિ તેમ તેનું ચૈતન્ય વધુ પ્રફુલ્લિત બને.

કાર્યોત્સર્ગ અર્થાત્ કાઉસગ્ગ એટલે તનાવ મુક્ત શરીર સ્થિતિમાં તન, મન સ્થિરતાથી અંતર ધ્યાન.

● ○ ●

- આજની ફેશન - કાન ઉપર રેડીયોના ગણગણાટથી મનને શાંતિ મળે ?

  શાંતિના અવસરમાં પણ અશાંતિ વહોરી લેવી. પછી શાંતિ ક્યારે ?

# છેલ્લું વિશ્રામ

હું આત્મા છું, હું આત્મા છું, જીવંત છું. હું એકલો છું, કોઈ મારૂં નથી, હું કોઈનો નથી. આ શરીર, ધન સંપત્તિ, સગાં-વ્હાલાં - મૃત્યુ આવશે કોઈ બચાવનાર નથી. શરીર મડદું કહેવાશે. ભઠ્ઠીમાં નાંખશે, મને કંઈ જ સંવેદના નહિ હોય! ખરેખર! મેં જે સત્કર્મ કે કુકર્મ કર્યા છે તે જ મને સ્વર્ગ કે નર્કમાં ધકેલશે. મને બચાવનાર, મારો રક્ષણહાર, કાયમી શાંતિ બક્ષનાર એક જ! ફક્ત એક જ!! અને તે પંચપરમેષ્ઠિ - નવકાર મંત્રનું, ધર્મનું શરણ અને તેનું શ્રદ્ધાપૂર્વક એકનિષ્ઠ આચરણ.

• ○ •

**મન ચાહી હોવે કભી, અન ચાહી ભી હોય!**
**ધૂપ-છાંવ કી જિંદગી કયા નાચે, કયા રોય !!**

# TUNE UP

1. TUNE UP BODY BY XERCISE
2. TUNE UP BREATH BY PRANAYAM
3. TUNE UP MIND BY MEDITATION

● ○ ●

૧. કસરત મહેનત કરીને શરીરને સુદ્દઢ બનાવો.

૨. પ્રાણાયામ/શ્વાસોચ્છ્‌વાસ ક્રિયાથી નાડી, હૃદયના ધબકારાને કાબુમાં રાખો.

૩. અંતર્ધ્યાનથી જીગરને કાબુમાં લઈ મનના વિકારને વશ કરો.

● ○ ●

- ત્રણ ચીજો નીકળી ગયા પછી પાછી ફરતી નથી :-

  ૧.કમાનમાંથી તીર, ૨. જુબાનમાંથી વેણ, ૩. શરીરમાં પ્રાણ.

- ખંત એટલે હંમેશા પ્રયત્નશીલ રહેતી શાંત ન બેસી રહેતી ધીરજ.

  ખંતથી ઉદ્યમ કરો અને ધીરજ રાખો.

- ત્રણ ચીજો હંમેશા યાદ રાખવી જરૂરી છે. ૧. સચ્ચાઈ, ૨. કર્તવ્ય, ૩. મોત.

# શ્રી મહાવીરાય નમ :

卐

## શ્રી નવકાર મંત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયણં
નમો લોએ સવ્વ સાહૂણં ॥

卐

## નવકાર મંત્રનું માહાત્મ્ય

એસો પંચ નમોક્કારો,
સવ્વપાવપ્પણાસણો ।
મંગલાણંચ સવ્વેસિં,
પઢમં હવઈ મંગલં ॥

# શ્રી પંચપરમેષ્ઠિની સ્તુતિ

❖ ❖ ❖

જય કરનારા જિનવરા, દુ:ખ હરનારા દેવ;
પાઠ પઢું પહેલો પ્રભુ, નમન કરૂં નિત્યમેવ. ૧

પ્રથમ નમું અરિહંતને, બીજા સિદ્ધ ભગવંત;
ત્રીજા શ્રી આચાર્યને, નમું તજી દઈ તંત. ૨

ઉપાધ્યાય ઉપકારિઆ, જ્ઞાન તણા દાતાર;
નમન કરૂં નિર્મળ થવા, ભવજળ તારણહાર. ૩

સાધુ સુંદર લોકમાં, સાધ્વીઓ શણગાર;
સઘળાને સ્નેહે હજો, વંદન વારંવાર ૪

નમસ્કાર પદ પાંચ છે, પાપ તણા હરનાર;
સર્વ જગતના કામમાં, મંગળના કરનાર. ૫

❖ ❖ ❖

## ચત્તારિ મંગલં

અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહૂ મંગલં, કેવલી પન્નત્તો ધમ્મો મંગલં.

## ચત્તારિ લોગુત્તમા

અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા,
સાહૂ લોગુત્તમા, કેવલી પન્નત્તો ધમ્મો લોગુત્તમા.

## ચત્તારિ શરણં પવજ્જામિ

અરિહંતા શરણં પવજ્જામિ,
સિદ્ધા શરણં પવજ્જામિ,
સાહૂ શરણં પવજ્જામિ,
કેવલી પન્નત્તો ધમ્મો શરણં પવજ્જામિ.

એ ચાર માંગલિક, ચાર ઉત્તમ, ચારના શરણાં,
આ ભવે હોજો, પરભવે હોજો, ભવોભવ હોજો.

૧. પહેલો માંગલિક કહું છું એહ, લોકમાં જે ઊત્તમ તેહ, અરિહંત દેવ સમો નહીં કોય, સો શરણાં સ્વામી મુજ હોય.

૨. બીજે માંગલિક મનમાં ધરો, લોકમાં જે ઉત્તમ ખરો, સિદ્ધ હુઆ તે સિદ્ધ અનંત સો શરણું સ્વામી મુજ હૃદય ધરંત.

૩. ત્રીજે માંગલિક એમ અવસ્થિતિ, લોકમાં જે ઉત્તમ યતિ, સાધુ શરણં જે અનુસરે, સંસાર સાગર સુલભ તરે.

૪. ચોથો માંગલિક એમ અવધાર, કેવલી પ્રરૂપ્યો ધર્મ સંભાર, ટાળે રોગ, શોક, ભય, મરણ, સાચું એક શ્રી જિનવરજીનું શરણ.

એ ચારનાં શરણાં કરે નર જેહ,
ભવસાગરમાં ન બૂડે તેહ.

સકળ કર્મનો આણે અંત, મોક્ષ તણા સુખ લેહ અનત,
ભાવ ધરીને જે ગુણ ગાય, તે પ્રાણી તરીને મુક્તે જાય.

સંસારમાંહી શરણાં ચાર, અવર શરણ નહિ કોય,
જે નરનારી આદરે તેને, અક્ષય અવિચળ પદ હોય.

અનંત ચોવીસી જિન નમું, સિદ્ધ અનંતા કોડ,
જે મુનિવર મુગતે ગયા, તેને વંદુ બે કર જોડ.

દોય ક્રોડી કેવળ ધરા, વિહરમાન જિન વીશ,
કર્મ ખપાવવા કારણે, સાધુજી સર્વ નમું નિશદિસ.

અંગૂઠે અમૃત વસે, લબ્ધિ તણા ભંડાર,
શ્રીગુરુ ગૌતમને સમરીએ, તો મન વંછિત ફળ દાતાર.

ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન,
ભાવે તપ આરાધીએ, ભાવે કેવળજ્ઞાન.

ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેચાય,
ધર્મ શરીરિ નીપજે, જો વિવેક કરીએ તો થાય.

જય જિણંદ, દેવ, ગુરૂ, ધર્મ તમારા શરણા,
આ ભવે, પર ભવે, ભવોભવ હોજો.

* * *

# પચ્ચખાણ અંગીકાર કરવાની રીત

## ૩ કોટીએ

ધારેલ હોય તે પ્રમાણે - નકરેમિ મણસા, વયસા, કાયસા, તસ્સભંતે પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

ભાવાર્થ : ન કરૂં મનથી, વચનથી અને કાયાથી. ભગવંતની સાક્ષીએ તેને તજું છું, નિંદુ છું, ગર્હણા (હેલના) કરૂં છું, વોસિરાવું (મૂકું) છું.

## ૧ કોટીએ :

'ન કરેમિ કાયસા' પછી 'તસ્સ ભંતેથી' 'વોસિરામિ' સુધી.

* * *

આ લોક વિશાળ, અઢળક સંપત્તિ, ભોગઉપભોગની વસ્તુઓ અને વિચિત્રતાઓથી ભરેલો છે. પદાર્થ ઉપર મોહને ઢીલો પાડી, ચિત્તવૃત્તિને શાંત રાખી તૃષ્ણા અર્થાત્ ઈચ્છાની મર્યાદા કરી વ્રત નિયમ લેવા. એનું નામ સુસંસ્કાર અર્થાત્ ધર્મ.

* * *

ચિત્તની વિશુદ્ધિ એ જ ચમત્કાર.

# અગત્યની સુચનાઓ

વ્રત લેનારે નિયમ અથવા ત્યાગના પચ્ચખાણ લેવા માટે જે કલમો આપેલી છે, તે પોતાની શક્તિ, સ્થિતિ અને સંયોગનો વિચાર કરી, તેમાંથી જેટલા પાળી શકાય, તે લેવા અને ન પાળી શકાય ત્યાં ચોકડી (x) કરવી. શબ્દ, આંકડા વગેરે વધારવા કે ઘટાડવા જેવું લાગે, ત્યાં તેમ કરવું, પરંતુ, જે નિયમો લીધેલા હોય, તે અવશ્ય પાળવા. પહેલાં બધી કલમો વાંચી સમજીને પછી લેવાની શરૂઆત કરવી. સામાન્ય રીતે એક કે ત્રણ કોટીએ પચ્ચખાણ લેવાય છે. બે કોટી, છ કોટી, આઠ કોટીએ પણ લઈ શકાય છે.

પચ્ચખાણમાં ખાલી મૂકેલી જગ્યા (      ) છે. તેમાં જાવજીવ (જીવું ત્યાં સુધી)ના પચ્ચખાણ લેવા હોય તો ટૂંકમાં "જા.જી." લખવું. ગુરુ અથવા વડીલો પાસે સમજીને પચ્ચખાણ લેવા વિનંતી.

સૌ પ્રથમ પહેલી કલમ, સમક્તિની બહુ અગત્યની છે. જૈન ધર્મ પ્રત્યે રૂચિ અને તે પ્રત્યે પગલું ભરવું, સત્ય હકીકત (Fact)ને સ્વીકારવી, આ એનું મુખ્ય ધ્યેય છે. જેને સત્ય વસ્તુનો સ્વીકાર કહો કે સમક્તિ અર્થાત્ સમ્યક્ત્વ કહો.

અનન્તદર્શી અને સર્વદર્શીની એક શક્તિ જેમણે પ્રાપ્ત કરી,

અને તે વડે તેમણે જે જાણ્યું, અનુભવ્યું તેના સાર રૂપે જાણવા યોગ્ય, આદરવા યોગ્ય અને ત્યાગવા યોગ્ય જે ફરમાવ્યું, તે સત્ય છે. એ હકીકતનો સ્વીકાર તે સમક્તિ છે એવા અનંત શક્તિશાળી કેવળજ્ઞાની તે દેવ અરિહંત, તેમની આજ્ઞા પ્રમાણે આચરણ કરનાર તે ગુરુ, અને તેમણે આત્મ કલ્યાણને અર્થે જે માર્ગ બતાવ્યો તે ધર્મ.

જૈન ધર્મ એ કોઈ એક વ્યક્તિ, સમુદાય, સંપ્રદાય કે જ્ઞાતિનો ઈજારો નથી. એ વિશાળ અર્થમાં છે. બહુરત્ના વસુંધરા સાથે તેને સંબંધ છે. સત્ય હોય તે આપણો અને પાળે તેનો ધર્મ.

**જિનવાણી - અહિંસા જ્યાં માધ્યમ છે અને સાથે સંયમ અને તપ છે, તે ધર્મ ઉત્કૃષ્ટ માંગલિક છે. અહિંસાની પુષ્ટિ માટે સંયમ અને એ બંનેની પુષ્ટિ માટે તપ છે.**

# બાર વ્રતની પૂર્વ ભૂમિકા

આજથી પૂર્વ અનંતા અનંતા ભવ મારા જીવે કર્યા તેમાં આસક્તપણે પરિગ્રહ, કુટુંબ વિગેરે ઉપર તથા મમત્વપણે તથા મિથ્યાત્વ માન્યતાના કારણે જે આસક્તિભાવ રહ્યો તે સઘળા દોષો ક્રિયાઓને હું વોસરાવું છું, મિચ્છામિ દુક્કડમ્.

પૂર્વ ભવની ક્રિયાઓ વોસરાવીએ નહીં ત્યાં સુધી તે ક્રિયાઓ ચાલુ રહે છે. બાર વ્રત આદરતા પહેલાં તે વોસરાવવી જરૂરી છે.

**ભવિષ્ય કાળજી :** આ જીવનના અંતે, અવસાન સમયે અથવા ઓચિંતુ કંઈપણ બનાવ બને ત્યારે સાવચેતી તરીકે; હું સર્વ પાપદોષોને, ક્રિયાઓને, ખરા હૃદયથી વોસરાવું છું. શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને જૈન ધર્મ (વીતરાગ ધર્મ)નું શરણું લઉં છું. આ મારી અભિલાષા છે તે સફળ હોજો. ભવ સુધારવા માટે પ્રચલિત સાગારી સંથારાનું પાઠ પાછળ આપેલ છે.

● ○ ●

**વ્રતપાલનની શુદ્ધતા** અને આદર્શ જીવન જીવવા માટે તેના અતિચાર અર્થાત્ દોષ સમજવાની અને ટાળવાની જરૂર છે અને તે 'પચ્ચખાણ - પ્રતિજ્ઞા'ના પછીના પાનાઓમાં આપેલા છે. તે જોઈ લેવા. વધુમાં સાધુજી અથવા અનુભવી પાસેથી જ્ઞાન મેળવવું.

# -: ધર્મનાં બે પ્રકાર :-

જિન શાસનમાં મુખ્યપણે બે પ્રકાર કહ્યાં છે; **અણગાર ધર્મ અને આગાર ધર્મ.**

અણગાર **ધર્મ** એટલે સર્વ વિરતિ ધર્મ; જે પંચમહાવ્રતધારી સાધુ મુનિરાજ અખંડિત રીતે પાળે છે.

**આગાર ધર્મ** એટલે શ્રાવકનાં અણુવ્રત જે મહાવ્રતોની અપેક્ષાએ છુટછાટવાળા અને આદર્શ તથા આધ્યાત્મિક જીવન ઈચ્છુક ગૃહસ્થો માટે છે, જે "શ્રાવકના બાર વ્રત" તરીકે ઓળખાય છે; કે જેનું માર્ગદર્શન આ પુસ્તિકામાં આપેલું છે.

મહાવ્રતની અપેક્ષાએ અણુવ્રત નાના છતાં આ વ્રતો કર્મ સંહાર માટે અણુશસ્ત્રની ગરજ સારે છે. આ વ્રતો લેવાથી પરિગ્રહ ઘણી રીતે મર્યાદિત બને છે. અને મર્યાદિત જીવનથી ધર્મના સંસ્કાર આવે છે.

# શ્રાવક શ્રાવિકાઓને બાર વ્રત અંગીકાર કરવા માટેના

# પચ્ચખાણ

વ્રત લેતાં પહેલાં પૂર્વ ભૂમિકા વાંચી જવી. ટુંકી મુદતનાં પચ્ચખાણની મુદત લખવા માટે છેલ્લે પચ્ચખાણ પ્રતિજ્ઞામાં મુદતનું ખાનું રાખેલ છે, ત્યાં લખવું.

## સમક્તિ

૧. દેવ-અરિહંત, ગુરૂ-નિર્ગંથ, ધર્મ-કેવળી પ્રરૂપ્યો એ ત્રણ તત્ત્વો સાચા કરી જાણવા બાકી સર્વ મિથ્યાત્વ તે વોસરાવું છું. છ કારણે આગાર - રાજા; સમાજ; બળાત્કાર; ગુરુગુણ, તથા અટવી અને દેવતા. અપવાદ અને ધોરીમાર્ગનો ભેદ સમજવો. મુખ્ય પાયો અડગતા આ પચ્ચખાણથી છે. [ ]

## વ્રત પહેલું અહિંસા (હિંસા નિવૃત્તિ)

૨. નિરપરાધી પંચેન્દ્રિય જીવની જાણી જોઈને ઘાત કરવી નહીં. [ ]

૩. પોતાથકી પોતાને માટે ગર્ભપાત કરવો, કરાવવો નહીં. (અપરિપકવ વયે અને અયોગ્ય અવસ્થાએ પાપ ઢાંકવા

તથા વધુ બાળક પેદા થતાનું બોજો અટકાવવા ગર્ભપાતનુંઆસરો લેવો એ મહાદૂષણ સાથે પંચેન્દ્રિય માનવીની ઘાત છે. તેમાંથી બચવા વિગય ત્યાગ અને તપશ્ચર્યા એ સરળ અને અસરકારક ઉપાય છે. એનાથી મન કાબુમાં રહે છે.) [ ]

૪. ગર્ભમાં પુત્ર હોય કે પુત્રી, ગમતી કે અણગમતી રીતે તેનું ગર્ભપાત પોતાથકી કરવો, કરાવવો નહીં. (પુત્રી હોય તો ગર્ભપાત કરાવવાનું પ્રવાહ ચાલે છે એ સંદર્ભમાં એવા કેટલાય દાખલા બનેલ છે જેમાં છોકરીનું નિદાન થતાં ગર્ભપાત કરાવેલ ને મૃત શરીરના ચિહ્નો છોકરાના હતા. અફસોસ!! આંસુ!!). [ ]

૫. પંચેન્દ્રિય જીવની ઘાત થાય એવા પીર તથા મેલી વિદ્યા વિગેરેની માન્યતા કરીશ નહીં. [ ]

૬. મોટી જીવહિંસાની યોજનામાં મત આપીશ નહીં. [ ]

૭. માંસાહાર કરવો નહીં. કોઈ પણ કારણે સામાજિક કે શારીરિક - સ્વેચ્છાએ એમાં આગાર નથી.[ ]
ઈંડા વાપરવા નહીં. [અજાણતા આવી જાય તો છૂટ ]

૮. શિકાર કરવો નહીં. ખેલવો નહીં. [ ]

૯. શરીરમાં પીડાકારી એવા જુ, લીખ, માંકડ, મચ્છર, આદિ અણસમજુ, જીવોને અનાર્યની પેઠે ચાંપી મસળીને મારી નાખવા નહીં. [ ]

૧૦. જાનવરોના અંગ-ઉપાંગ વિના કારણે નિર્દય બુદ્ધિએ છેદવાં નહીં. [ ]

૧૧. જમીન, ખેતર વાડી, વાડા, મેદાન બધા મળીને પોતાના થકી ........................ ઉપરાંત ખેડવા નહીં. [ ]

૧૨. નવા મકાન પાયા સહિત ........................ ઉપરાંત બંધાવવી નહીં. [ ]

૧૩. નવા તથા જુના મકાન ........................ ઉપરાંત લેવા નહીં. [ ]

૧૪. કોલસા કે અન્ય ધાતુની ખાણ વેપાર અર્થે ખોદાવવી નહીં. [ ]

૧૫. કુવા, છેલોર, વાવ, ધર્મશાળા પોતાના નામથી ........................ ઉપરાંત બંધાવવા નહીં.

૧૬. રોજ પીવા માટે પાણી ........................ લીટરથી વધુ પીવું નહીં.[ ]

મુસાફરી, માંદગી જેવા ખાસ પ્રસંગોમાં જરૂર પડે તો .................................. લીટર ઉપરાંત નહીં.

૧૭. નળ, કૂવા, નદી, તળાવ હોજ (બાથ), ધોધ આદિ છુટા પાણીમાં રોજ કલાક ~~રોજ-વર્ષ~~ થી વધુ નાહવું નહીં. [ વર્ષમાં ૨ વાર સ્વીમીંગ અને ૩૬ picnic ]
માથુ ધોવા-૩૦ મિ.

૧૮. ખેતરોમાં કૂવા નવેસરથી તથા પમ્પીંગ નંગ .................. ઉપરાંત પોતાના હાથે કરાવવું નહીં. [ સ્વેચ્છાએ નહી ]

૧૯. ખેતર, વાડી, મકાનમાં પાણી માટે પાઈપ (બોરીંગ) નંગ સ્વેચ્છાએ નહી ઉપરાંત ખોદાવવા/કરાવવા નહીં. એક બગડી જાય ત્યારે બીજાનું આગાર.

૨૦. બગીચા માટે પંપ દરરોજ અથવા સપ્તાહમાં .................. કલાક ઉપરાંત ચાલુ રાખવા નહીં.

૨૧. કૂવા વિના કારણે ઉલેચવા નહીં. [ ]

૨૨. ફટાકડા પોતાના હાથે ફોડવા નહીં. નાના છોકરાઓને સળગાવી આપવા પડે તે ઉપરાંત.
[ ]

૨૩. હોળી પોતાના હાથે સળગાવવી નહીં. તેમાં હવન કરવું નહીં. [ ]

૨૪. લુહાણની ધમણ કરવી નહીં, અને ધમવી નહીં.
[ધંધાર્થ તરીકે].

૨૫. જે પાવરહાઉસમાંથી વીજળી પુરવઠો મળતો હોય તે સિવાયના પાવરહાઉસમાંથી વીજળી પુરવઠો વાપરવો નહીં.
[ ]

૨૬. મારા રહેઠાણમાં ઈલેકટ્રીકસીટી ............ યુનીટથી વધુ નહીં વાપરું (સિવાય કોઈ ખાસ પ્રસંગસર વધુ વપરાય તેનો આગાર.)

૨૭. સગડી, ગેસ, ચુલા સ્ટવ મળીને નંગ ............ ઉપરાંત રોજના પોતાને હાથે સળગાવવાં નહીં.
[એક બગડી જાય તો બદલીમાં બીજાનો આગાર].

૨૮. સારંગી, હારમોનિયમ, તબલા, વગાડવા નહીં.
[ ]

૨૯. રેડિયો, ટી.વી., વિડીયો અને એવા બીજા સાધન નંગ [ ] ઉપરાંત રાખવા નહીં. આખા દિવસમાં ............ કલાક ઉપરાંત તેનું ઉપયોગ કરવો નહીં. બિભત્સ અને કુટિલ પ્રોગ્રામ જોવા સાંભળવા નહીં

૩૦. પતંગ ઉડાડવો નહીં. [ ]

૩૧. લીલોત્રીની સુકવણી પોતાના હાથે એક વરસમાં .................... થી વધુ કરવી નહીં.
[ ]

૩૨. ધૂમ્રપાન કરવું નહીં. [ ]

૩૩. અથાણા સંગ્રહ માટે લીલોત્રી એક વરસમાં ૨૦ kg. ઉપરાંત ખરીદવી નહીં. [સ્વેચ્છાએ કરવું નહીં ]
લગ્ન અને ખાસ પ્રસંગોમાં જરૂર પડે ........ ઉપરાંત નહીં.

૩૪. ધાન્ય, મસાલા વિગેરે સસ્તાના લોભે સડેલાં કે જિવાત વાલા લેવા નહીં. વાપરવા નહીં. [ ].

૩૫. આઠમ પાખીએ કાચી તથા પાકી લીલોતરી ખાવી નહીં.
[ ]

૩૬. પર્યુષણનાં આઠ દિવસ સુધી કાચી તથા પાકી લીલોતરી ખાવી નહીં.[કેળા સિવાય ]

૩૭. જાનવરોને કસાઈવાડે મોકલવા નહીં. તથા કસાઈને આપવા નહીં.

૩૮. જાનવરોને નિર્દય બુદ્ધિએ ગાઢે બંધને બાંધવા નહીં. [અજાણપણે બંધાઈ જાય તેનું આગાર]

# વ્રત બીજું :

## અસત્ય વહેવાર ન કરવું, અસત્ય વચન ન બોલવું

૩૯. છોકરા છોકરીનાં સગપણ વરસમાં ૨૦ ઉપરાંત કરાવવાં નહીં, અને તેમાં લાંચ કે દલાલી લેવી નહીં કે દેવી નહીં. [સામેથી - ૬ કોઈ પૂછે તો છૂટ ]

૪૦. મોટા જીવોની ઘાત થાય એવી તથા કપટ કે ફોસલાવવાની દલાલી કરવી નહીં. [ ]

૪૧. રાજકીય રીતે ૪૨૦ મી કલમ લાગુ પડે તેવા ઠગાઈ છેતરપિંડી કે ફોસલાવવાના કામ કરવા નહીં.

૪૨. મકાનો બાંધવાનો વ્યાપાર કરવો નહીં. [ ]

૪૩. પારકી થાપણ સ્વેચ્છાએ પછી ઓળવવી નહીં. [ ]

૪૪. કોઈ જીવની ઘાત થાય તેવા મર્મ (ગુપ્ત વાતો) પ્રકાશવા નહીં. [ ]

૪૫. સગા ભાઈ-બહેનો અને મા-બાપ સાથે કોર્ટમાં લડવું નહીં. [ ]

૪૬. પંચેન્દ્રિ જીવની ઘાત થાય તેવાં મર્મ પ્રકાશવા નહીં.

૪૭. પરસ્પર કે શરાફી લેતીદેતીના વહેવારમાં તથા વારસદાર કે વીલ જેવા પ્રસંગોમાં સામાવાળાનાં કે વારસદારના

પૈસા કે માલ મિલ્કત ડુબાડવા લોકનિંદાપાત્ર એવા ખોટા કામ કરવા નહીં. એવા ખોટા ખત ખાતા દસ્તાવેજ બનાવવા નહીં. વિશ્વાસઘાત કરવો નહીં.

૪૮. કોઈની આજીવિકાના અંતિમ સાધનો પડાવી લઈ લેણું વસુલ કરવું નહીં.

૪૯. ધર્મના જુઠા શાસ્ત્ર પ્રકાશવા નહીં. [ ]

૫૦. જુના બીડ, ખેતર કાઢવા કે લેવા નહીં.

## વ્રત ત્રીજું : ચોરી ન કરવી

૫૧. ઘર ફોડી, તાળા તોડી, ધાડ પાડી, દરિયામાં ચાંચિયાગીરી કે કોઈ પણ પ્રકારની મોટી ચોરી કરવી નહીં.

૫૨. ધાડપાડુ તથા ચોરને હથિયાર અગર પૈસાની મદદ કરવી નહીં. [ ]

૫૩. ખોટા તોલ માપ રાખવા નહીં.[ ]

૫૪. જાણીબુઝીને ખોટી લોટરી તથા ચલણી નાણું, ખોટા સ્ટેમ્પ રાખીને ઠગાઈ કરવી નહીં. [ ]

૫૫. વસ્તુ બતાવવી એક, બીજી આપવી નહીં. (સારી વસ્તુ બતાવી, હલકી વસ્તુ આપવી નહીં) જાણી બુઝીને ચોરીનું માલ લેવો નહીં. [ ]

૫૬. ખિસ્સામાંથી ચોરી તરીકે પૈસા કાઢવા નહીં.

૫૭. ખોટી ટિકિટ કે બીજાના નામનો પાસ વાપરવો નહીં.

## વ્રત ચોથું: બ્રહ્મચર્ય - શિયળ વ્રત

કુશીલ, વિકાર, બિભત્સ શણગારથી નિવર્તવું.

૫૮. દેવતા, જુગલીઆ સાથે અબ્રહ્મચર્ય સેવવું કે સેવરાવવું નહીં. [ ]

૫૯. તિર્યંચ (જાનવર) સાથે અબ્રહ્મચર્ય સેવવું નહીં. [ ]

૬૦. પરસ્ત્રી, વેશ્યાગમન શેવન કરવું નહીં. સ્ત્રીઓએ પરપુરુષ ગમન શેવન કરવું નહીં.

૬૧. જાતીય વાસના ઉત્પન્ન કરે તેવા સાધન, ઓષધ, ચિત્રો, સાહિત્ય રાખવા નહીં, વાપરવા નહીં.

૬૨. મહિનામાં .................................... દિવસ બ્રહ્મચર્ય પાળવું.

૬૩. દિવસના જાવજીવ .................................... બ્રહ્મચર્ય પાળવું

૬૪. આઠમ પાખી શિયળ વ્રત પાળવું. [ ]

૬૫. પર્યુષણના આઠ દિવસ શિયળ વ્રત બ્રહ્મચર્ય પાળવું. [ ]

૬૬. બીજીવાર લગ્ન કરવા નહીં. [

(વય, કુટુંબ, સંજોગો સઘળાં પાસાં વિચારવાં)

૬૭. એક સ્ત્રી હયાત ઉપર બીજી સ્ત્રી પરણવી નહીં.

## વ્રત પાંચમું : પરિગ્રહ મર્યાદા

૬૮. પોતાની માલિકીનાં ખેતર, વરંડા, વાડી, ડેલા, મકાન, દુકાન, ગોડાઉન, વખાર ઉપરાંત રાખવા નહીં. (વારસા લેણા ઉપરાંત)

૬૯. સોનું, રૂપું, ચાંદી, ઝવેરાત

[ ] [ ] [ ] [ ]

મળીને વજન ઉપરાંત રાખવું નહીં.

૭૦. રોકડ રકમ થી વધુ રાખવી નહીં.

[ ]

રહેઠાણનું એક ઘર, ચાલુ વાપરવાનું રાચરચીલું, આજીવિકા માટેના ચાલુ ઓજાર સિવાય સોનું, રૂપું, મકાન, જમીન, પશુ, શેર, રોકડ વગેરે મળીને સ્થાવર તથા જંગમ મિલ્કત રૂપિયા (આંકણી માટે ખરીદ કિંમત અથવા બજાર કિંમત જે ઓછી કિંમત હોય તે સમજવી) .................. થી વધુ પોતાના થકી રાખવાં નહીં. [ ]

૭૧. કસાઈ વી. હિંસક માણસોને પૈસાની ધીરધાર કરવી નહીં.

૭૨. અનાજ ઘર નિમિત્તે વરસમાં ............ ઉપરાંત ખરીદવાં નહીં. [ ૫૦૦ kg ] *
મીઠો કીલો ............ ઉપરાંત નહીં.

૭૩. ઘરમાં નોકર, દાસી વરસમાં એકી સાથે ઉપરાંત રાખવા નહીં. [ ૩ ] *

૭૪. ધંધો, વ્યવસાય, વી. વ્યવહારિક કાર્યમાં દેવ, ગુરૂ કે ધર્મના સોગંદ ખાવા નહીં.

૭૫. ચોપદ જાનવરો [ગાય, ભેંસ, બળદ, બકરી, ઘોડો ઈત્યાદિ] ............ થી વધુ રાખવા નહીં. વંશવેલો વધે તે ઉપરાંત [ ]*

અનુકંપાથી કોઈ મનુષ્ય, પશુપક્ષી વગેરેને મર્યાદાથી વિશેષ રાખવા પડે તે જયણા.

૭૬. હાથી ઉપર બેસવું નહીં. [ ૨ થી વધુ ]

૭૭. સ્ટીમર, વહાણ, રેલ્વે, વિમાન, હેલીકોપ્ટર પોતાના થકી રાખવા નહીં. [ ]

૭૮. મોટર, મોટર સાઈકલ, સ્કૂટર, ટ્રેકટર, સાઈકલ આદિ વાહન ............ થી વધારે પોતા થકી રાખવા નહીં.

૭૯. ફરનીચર (ટેબલ, પલંગ, ખુરશી, કબાટ, સોફાસેટ, શો કેશ) ઈત્યાદિ .................. નંગથી વધુ રાખવા નહીં.
[ છે ઉપરાંત ૨૦ થી વધુ લેવા નહીં. ]

## વ્રત છઠ્ઠું : દિશા મર્યાદા

૮૦. મધ્યમ ખંડથી બહાર જઈને પાંચે આશ્રવ સેવવાના પચ્ચખાણ નવ કોટી [ ]

૮૧. હમણાંની મનાતી દુનિયાથી બહાર જવું નહીં. પાંચે આશ્રવ સેવવાના પચ્ચખાણ [ ]

૮૨. ભારત દેશમાંથી ......૩...... વખતથી વધુ બહાર જવું

૮૩. ઊંચે સામાન્ય વિમાન જાય તેથી ઊંચે જવું નહીં. [ ]

૮૪. નીચે દરિયા સપાટીથી .................. માઈલ ઉપરાંત જવું. નહીં. [ ]

## વ્રત સાતમું-વસ્તુ વપરાશ તથા વ્યાપાર મર્યાદા

૮૫. પોતાના નિમિત્તે દરેક જાતનું કાપડ વરસમાં અંગ ઉપર પહેરવા માટે ......૫૦૦થી...... મીટરથી વધુ વાપરવું નહીં.
[ પ્રસંગે છૂટ ]

૮૬. રોજ દાતણ અથવા ટુથબ્રશ ખાસ કારણ વગર વખતથી વધુ વાપરવું નહીં. [ ૨ ]

૮૭. મહીનામાં સાબુ નહાવા ધોવા માટે ૫ ગોટીથી કિલોથી વધુ વાપરવું નહીં.

૮૮. તેલ માલિશ માટે માસિક ૧ Bottle કિલોથી વધુ વાપરવું નહીં.

૮૯. દરરોજ ૨ વખતથી વધુ નહાવું નહીં. (લૌકિક કારણે આગાર) પાણીની મર્યાદા કરવી. [ પ્રસંગ ૧૨ ]

૯૦. કીડા મારીને તેનાથી બનતાં શુદ્ધ (પીગોર) રેશમનાં વસ્ત્રો વાપરવા નહીં. [ ]

૯૧. સુખડ, ચંદન, સ્નો, પાવડર ઈત્યાદિ શૃંગાર વિલેપનની વસ્તુઓ રોજ ૫ થી વધુ વાપરવી નહીં. હાલમાં વેચાતા સૌંદર્ય પ્રસાધનોની અનેક વસ્તુઓ હિંસક પદાર્થમાંથી બને છે, તે વાપરવા નહીં.

૯૨. સચેત ફૂલની માળા વરસમાં ........ થી વધુ પહેરવી નહીં અગર પહેરાવવી નહીં.[ ભગવાનની ૧૨ ]

૯૩. શરીર ઉપર દાગીના ૧૦ નંગથી વધારે પહેરવા નહીં. (ખાસ પ્રસંગોએ આગાર) [ ૨૦ ]

૯૪. જૈન ધર્મ નિમિત્તે ધુપદીપ કરવાં નહીં તથા ફળ ફૂલ ચડાવવા નહીં. [ ——— ]

૯૫. લૌકિક કારણે ધુપ વરસમાં ........ વખતથી વધુ કરવો નહીં. [ ]

૯૬. ભાંગ, ગાંજો, અફીણ, દારૂ, બીયર વાપરવો નહીં.
[ ]

૯૭. દરરોજ દૂધ [ ૧ લીટર ] મિષ્ઠાન [ 1/2 ] કિલો, દહીં [ 1/2 ], ઘી [ 1/2 ], તેલ [ 1/2 ] ગોળ [ 1/2 ], સાકર [ 1/2 ], ફરસાણ [ 1/2 ] ઉપરના વિગયો કુલ્લે [ 3 ] કિલોથી વધુ ખાવા નહીં.

૯૮. સપ્તાહમાં ~~પ્રમ~~, માખણ 50 ગ્રામ થી વધુ ખાવું નહીં. (શરીર કારણે આગાર)

૯૯. દરરોજ લીલાફળમાં લિઆર, બોર, કરવંદા, ગુંદા, આંબલી, સાંઠા, જાંબુ, ચીકુ, કેળા, પપૈયા, દ્રાક્ષ, સફરજન, સીતાફળ, કોઠીંબા, સ્ટ્રોબેરી, રાસબરી, સેતુર, મોસંબી, સંતરા, નારિયલ, દાડમ, અંજીર, અનાનસ, આંબા તથા અન્ય અનેક પ્રકારનાં ફળ ફુટ આવે છે, તેમાંથી બધા મળીને કિલો ૨ થી વધુ ફળ સત્વ અથવા પ્રવાહીના રૂપમાં ખાવાં નહીં. (દવા કે પ્રાયોગિક કારણે આગાર)
ઉપર દર્શાવેલ અને બીજા ફળોમાંથી જે સંકોચ કરવો હોય તેના પચ્ચખાણ લેવા, અથવા નક્કી કરેલ જાતો ઉપરાંતના પચ્ચખાણ લેવા.

[મોસંબી, આંબા વિગેરે બી-ગોટલી સહિત હોય તે સચેત ગણાય, બી નીકળી ગયા પછી અચેત ગણાય].

૧૦૦. દરરોજ કાચી લીલોતરી ............ ૨ ............ કિલોથી વધુ ખાવી નહીં. પોંક શેકીને ખાવાં નહીં.

૧૦૧ આ ભવમાં જેટલી કાચી લીલોતરીની જાત ખાધેલ છે તે તથા વધારાની અણધારેલ જાત નંગ ............ ૨૦ ............ ઉપરાંત કાચી લીલોતરી ખાવી નહીં. ખાધેલી છે તે ઉપરાંત [અણધારેલી જાત ખાવામાં આવે તેની મર્યાદા પૂરી થતાં સુધી નોંધ રાખવી.]
અગાઉ ખાધેલી જાતમાંથી જે લીલોતરીનું ત્યાગ કરવાનું હોય તે પણ નોંધી રાખવું.

૧૦૨. કંદમૂળ કોઈપણ જાતનું અથવા ..............................

..............................

જાત સિવાય ખાવા નહીં.

## મર્યાદિત લીલોતરી નોંધ (List)

..............................

..............................

..............................

..............................

..............................

..............................

..............................

૧૦૩. મહિનામા સૂકો મેવો ........ ૨ ........ કિલોથી વધુ ખાવો નહીં.

૧૦૪. રોજ ખાવા માટે અનાજ, કઠોળ કિલો ........ ૨ ........ ઉપરાંત ખાવા નહીં. [ ]

૧૦૫. રોજ/ ~~મહિનામાં~~ નાગરવેલના પાન ........ નંગ મુખવાસ, સુવા, સોપારી, લવીંગ, એલચી, ધાણાદાળ, વરિયાળી આદિ ........ 3 ........ ગ્રામ ઉપરાંત ખાવા નહીં. [ ]

૧૦૬. સ્વાદ અથવા નશા માટે પાનમાં વપરાતા તમાકુ, હેરોઈન, કીમામ, માવો એવા પદાર્થ તથા તેની બનાવટો વાપરવા નહીં. [ ]
(કેન્સરની ચિકિત્સામાં થયેલા એક ઓપરેશનમાં પાન પરાગના ગંઠા પેટમાં બાઝી ગયાના દાખલા નોંધાયેલા છે,. બહુ નુકશાનકારી ચીજ છે.)

૧૦૭. હશીશ, બ્રાઉન સુગર, હેરોઈન અને એવા કોઈ નશાકારી દ્રવ્યો વાપરવા/વેચવા નહીં.

૧૦૮. વાર્ષિક પગરખા બુટ, ચંપલ આદિ ........ ૧૨ ........ જોડીથી વધુ વાપરવા નહીં.

૧૦૯. વિમાનમાં વરસમાં .......... ૫ .......... વખતથી વધુ મુસાફરી કરવી નહીં. (અણધાર્યા પ્રસંગ ઉપરાંત).

૧૧૦. રોજ પલંગ, પાટ, ખાટલા, ખુરશી, કોચ, સોફા ઈત્યાદિ .......... ૨૦૦ .......... નંગથી વધુ વાપરવા નહીં. [ \ ]

૧૧૧. રાતના કાચી લીલોતરી ખાવી નહીં .......... અથવા ..... જાત ઉપરાંત નહીં. [ ૨ kg. થી વધુ ]

૧૧૨. રોજના દ્રવ્ય (ખાવાની વસ્તુઓ) .......... 30 .......... થી વધારે ખાવા નહીં. [ ]

૧૧૩. રાત્રી ભોજન કરવું નહીં. [ weekમાં ૨ વાર પાળીશ વધીી ]

૧૧૪. ચા-પાણી અથવા કોઈપણ વસ્તુ (નાસ્તો) કરવા માટે અણધાર્યા સંજોગ સિવાય નોન-વેજીટેરિયન હોટલમાં જવું નહીં. ૨ વારથી વધુ જવાય તો આકું જડી

૧૧૫. સચેત, આંશિક સચેત તથા દુપરિપકવ, તુચ્છ વિ. સચેત વસ્તુઓની ધારણા મર્યાદા કરવી ..........

..........

..........

.......... તે ઉપરાંત ખાવી નહીં.

## પંદર કર્માદાન વેપારના પચ્ચખાણ લેવા

૧૧૬. **ઈંગાલ કર્મ** : લોખંડ વિગેરે ધાતુ, સીમેન્ટ, અણુભઠ્ઠી, હેવી ઈલેકટ્રીક વિગેરે જે ભારે અગ્નિથી ચાલે એવા મોટા કારખાના, મોટા પ્રોસેસીંગ વર્કસ કરવા નહીં. તેનું મેનેજમેન્ટ કરવું નહીં.

૧૧૭. **વનકર્મ** : જંગલો કપાવવા નહીં તથા શાકભાજી, ફૂલફળ, જથ્થાબંધ ઉતારવાના કોન્ટ્રાકટ કરવા નહીં. મૂળ સહિત મોટા ઝાડો પોતાના હાથે કારણ વગર કપાવવા નહીં. (જગ્યા વગેરેમાં હોય તે ઉપરાંત).

૧૧૮. **સાડીકર્મ** : ધંધાને અર્થે દારુ, ગળી, દ્રાક્ષાસવ, હલુઆ, પ્રમુખના સાડ પોતાને હાથે કરી વેચવા નહીં.

૧૧૯. **ભાડીકર્મ** : ઘોડા, ઊંટ, બળદ, ગાડા, ગાડી, વગેરે ભાડે આપવાનો વેપાર કરવો નહીં.
સ્કુટર, રીક્ષા નંગ .................... મોટર, લોરી નંગ ઉપરાંત ભાડે આપવા રાખવા નહીં. બગડી જાય, રીપેરીંગ તથા કાનુની કાર્યવાહીના કારણે મર્યાદિત વધારો આગ્રાર. સ્ટીમર, વિમાન એવા મોટા વાહન બનાવવા નહીં, કે એવી કંપનીનું મેનેજમેન્ટ કરવું નહીં.

૧૨૦. **ફોડીકર્મ** : ડુંગર ફોડાવી તથા તળાવ ખોદાવી એવા જમીન ફોડવાનાં વેપાર કરવા નહીં.

૧૨૧. **દંતવાણિજ્ય** : હાથી વગેરે જનાવર મરાવી દાંત, નખ કે શીંગડાનાં વેપાર કરવા નહીં.

૧૨૨. **કેશ વાણિજ્ય** : પીંછા, ચામડા તથા વાળ (કેશ) તથા ઉન મેળવવા પશુ પંખીને મારીને વેપાર કરવો નહીં.

૧૨૩. **રસ વાણિજ્ય** : માંસ, ઈંડા, ચરબી, મચ્છી, હાડકા, દારૂનો વેપાર કરવો નહીં (દવા મિક્ષિંગમાં અપવાદરૂપે આવે તે ઉપરાંત)

Imp. • કતલખાનાં, મત્સ્ય ઉદ્યોગ, મરઘા ઉછેર કેન્દ્ર (પોલ્ટ્રી ફાર્મ) વગેરેના ધંધા કરવા નહીં. પૈસા ધીરવા નહીં.

• ઉત્પાદન બનાવટમાં પંચેન્દ્રિય જીવની ઘાત થાય કે રીબામણી થાય તેવી વસ્તુ બનાવવી નહીં.

• માછલી વિ. પકડવાની જાળ બનાવવી નહીં. વેચવી નહીં.

• મચ્છીમાર, માળી, ઘાંચી, કસાઈ એવા વ્યવસાય પોતાને હાથે કરવા નહીં.

૧૨૪. **લખવાણિજ્ય** : લાખ, મીણ, રંગ વગેરે સળગી ઉઠે તેવા પદાર્થના વેપાર કરવા નહીં.

તેમજ વેરઝેર કે ઈર્ષાથી પ્રેરાઈને તથા જાણીબુઝીને સળગાવવાનાં કાવત્રા કરવા નહીં.

૧૨૫. **વિષવાણિજ્ય** : ધંધાની રીતે, જીવન ઘાત થાય તેવી ઝેરી વસ્તુ બનાવવી નહીં, વેપાર કરવો નહીં.

૧૨૬. **યંત્રપીલણકર્મ** : કપાસ, કઠોળ વગેરે પીલણ, કેમીકલ પીલણ, પ્રાણીજ પીલણ (લીવર વિગેરે દવાની બનાવટો જેથી તૈયાર થાય) તથા આટાની મોટી મીલો એવા યંત્રોથી ચાલતા વેપાર કરવા નહીં.

૧૨૭. **નિલ્લંછણ કર્મ** : બાળક/છોકરાને ધંધા ખાતર પાંગળા કે અંપગ બનાવવા નહિ, વેપાર દલાલી કરવી નહીં.

૧૨૮. **દવગ્ગિદાવણઆ** : આગ દાવાનળ સળગાવવાનો તથા સંહારક શાસ્ત્રોનો વ્યાપાર કરવો નહીં.

૧૨૯. **શોષણ કર્મ** : ધંધાની રીતે સરોવર, દ્રહ, તળાવ વિગેરેના પાણી શોષાવવાં/પૂરાવવાં નહીં.

૧30. **અસઈજણ પોષણયા** : હિંસક જીવ તથા દુરાચારી જન (ગુંડાગીરી)ને આજીવિકા અથવા વેરવૃત્તિથી બદલો લેવાં, પાળવા, પોષવા ઉત્તેજન આપી એવી જાતના વ્યાપાર-વ્યવસાય કરવા નહીં.

**છણાવટ** : વ્યાપારની મર્યાદા.

- માંસ મદીરાનું વ્યાપાર કરવો નહીં.
- નીચે લખેલા વ્યાપારની મર્યાદા કરવી.

લોકોને ઉપયોગી ખાદ્ય પદાર્થ અને તે પીણાં, જાનવરોનાં ખાદ્ય પદાર્થો, કાપડ, કપડાં, સાબુ, કાગળ, કાચ, લાકડું, કટલેરી, પરફ્યુમરી, હાર્ડવેર પ્લાસ્ટીક, પૈડાંવાળાં વાહનો, હળવી મશીનરી અને પ્રોસેસીંગ, સ્પેર પાર્ટસ, દવાઓ ખનીજ તેલ અને તેનું કમીશન, વાસણ, સાચા-ખોટા દાગીના, ઉપરોક્ત વસ્તુઓના તથા નાણાના, વિમાના દલાલ એજન્ટ.

**ટીપ** : ઉપરની કોલમમાં દર્શાવેલ વેપારમાંથી પચ્ચખાણ લેનાર વસ્તુઓ ઘટાડી અગર વધારી શકે છે; અને તે માટે નીચેની ખાલી જગ્યા રાખવામાં આવી છે. મર્યાદાની ધારણા કરવી.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

રસોઈ કરવામાં, ખાવા પીવામાં, હરતાં ફરતાં કે રસ્તે ચાલતાં, સાધન લે મૂક કરતાં, ન્હાતાં-ધોતાં અને તેવી જ રીતે વ્યવસાય ધંધામાં, સાંસારિક તેમજ ધાર્મિક વિગેરે પ્રસંગોમાં સાવચેતી રાખવામાં આવે, ભાષા બોલવામાં તથા કાર્ય કરવામાં ધ્યાન ઉપયોગ લગાડો તો કેટલા બધા અનોર્થોથી બચી જવાય.

નીચેના બોલ પચ્ચખાણ ક્રમાંકમાં નથી આદત/ખાસિયત ન હોવી જોઈએ. એ ધ્યાન ખેંચવા પુરતા યાદી રૂપે છે. આવી ખાસિયત હોય તો મૂકી દેવી. (૧) એઠુ મુકવું (૨) ગમે ત્યાં કચરો, ગંદવાડ, ફેંકવા (૩) વિના કારણ નળ, પંખા, લાઈટ, ગેસ, ચુલા ચાલુ રાખવા (૪) બેફામ રીતે ચાલવું તથા ઝાડ, પાન તોડવાની અડપલાઈ કરવી.

૧૩૧. કપડાં, પગરખાં, રમતગમતના સાધનો વિગેરે જાતજાતની અનેક વસ્તુઓ બીનજરૂરી અને ફાલતું રીતે ભેગી કરવી નહીં.

૧૩૨. જાણી જોઈને ઘર, દુકાન, કારખાના, ખળાવાડ, ચરોચાર પોતાના કે પારકા સળગાવવાં નહીં. [ ]

૧૩૩. હિંસક પશુ, પક્ષી પાળવાં નહીં. [ ]

૧૩૪. નર્તકીના નાચ જોવા નહીં. કરાવવા નહીં.

૧૩૫. અષાઢ સુદ ૧૫ થી અથવા આદ્રા નક્ષત્ર બેસે ત્યાંથી તે ફાગણ સુદ ૧૫ સુધી આંબા ખાવા નહીં.

૧૩૬. જુગાર, રેસ સટ્ટો, આંકફરક મટકા રમવા નહીં. [ ]

૧૩૭. જુગાર રમવાની કલબ તથા વેશ્યાગીરી માટે જગ્યા રાખવી નહીં. કે એવા ધંધાને માટે જગ્યા ભાડે આપવી નહીં.

[ ]

૧૩૮. ડિસ્કો દાંડિયા રમવા નહીં, જોવું નહીં, તેમાં ભાગ લેવો નહીં. (સભ્યતાને નામે આ સ્વચ્છંદતાનું દૂષણ પેસી ગયું છે.)

૧૩૯. કેબરે ડાન્સ રમવું નહીં, જોવા જવું નહીં. [ ]

૧૪૦. દાંડિયા રાસ રમવું નહીં. [ ]

૧૪૧. જાતીય ઉત્તેજિત સેકસ બ્લુ ફીલ્મ જોવી નહીં, બ્લુ બુકસ વાંચવી નહીં. [ ]

૧૪૨. વેશ્યા વાડો ચલાવવો નહીં, વેશ્યા બનાવવી નહીં, તેની દલાલી કરવી નહીં.

૧૪૩. કોલગર્લ અને એવી અન્ય અનીતિમય પ્રવૃત્તિમાં

કામભોગ કે લાલચની રીતે પરિચય, સંસર્ગ કરવો કે રાખવો નહીં, દલાલ બનવું નહીં.

૧૪૪. મધપુડા પોતાના હાથે તોડવા નહીં, તેમજ તોડાવવા નહીં. (રહેઠાણ કે ધંધા વપરાશની જગ્યામાં થયેલ હોય તેની જયણા.)

૧૪૫. આપઘાત કરવો કે કરાવવો નહીં.

૧૪૬. પર્યુષણના આઠ દિવસ નાટક, સિનેમા, સરકસ, એકઝીબીશન જોવા નહીં.

૧૪૭. વરસમાં નાટક, સિનેમા, સરકસ આદિ ............ થી વધુ જોવા નહીં.

૧૪૮. ખાસ કરીને છેલ્લા 'શો'માં સિનેમા જોવા જવું નહીં. (જાન માલને પણ એમાં ખતરો છે.)

૧૪૯. ફાંસી અપાતી જોવા જવું નહીં.

૧૫૦. બની શકે ત્યાં સુધી ઝાડો, પેશબ ખુલી જમીનમાં (જંગલમાં) કરવું. (સંડાસ, મુત્રીમાં નહીં.)

૧૫૧. ખેતરોનાં સેઢાં સળગાવવા નહીં.

૧૫૨. સરકારી મોટા હોદ્દાઓ લેવા નહીં.

૧૫૩. મહિનામાં ........ સામાયિક તથા પ્રતિક્રમણ
.................. તથા one week ચોવિહાર કરવા.
[ ]

૧૫૪. દરરોજ--------- માળા ફેરવવી ..20.. મિનિટ
પ્રભુસ્મરણ કરવું [ ]
અને વંદના નમસ્કાર કરવા.

૧૫૫. વરસમાં .............. ઉપવાસ કરવા [ ]

૧૫૬. ડી. ડી. ટી. પ્રવાહી અથવા પાવડર અથવા તો ફલીટ આદિ જંતુનાશક રોજ/મહિનામાં ..3 વખતથી વધુ છાંટવા કે છંટાવવા નહીં. [ ]

૧૫૭. કીડા, ગંદકીનું ફેલાવો થાય, કોઈના કપડા બગડે, લપસી પડે એ રીતે જાણી જોઈને ગંદવાડ/એંઠવાડ ફેંકવા નહીં, સાવચેતી રાખવી. [ ]

૧૫૮. વાડીમાં કંદમૂળ એકર ........ ઉપરાંત વાવવાં નહીં.
[ ]

૧૫૯. શોખના નિમિત્તે ઘરમાં લીલાફૂલ, ફૂલદાની તથા જાનવરના ચામડા રાખવા નહીં. [ ]

૧૬૦. સિનેમા, નાટક, સરકસ રાખવાં નહીં. અને તેમાં

અભિનેતા તરીકે કામ કરવું નહીં. [ ]

૧૬૧. પોતાના નજીવા લાભ કે સ્વાર્થ માટે બીજાનું નાનું કે મોટું નુકશાન જાણી બુઝીને કરવું નહીં. [ ]
સ્પષ્ટતા: પોતાના મોટા લાભ માટે બીજાનું નાનું નુકશાન કરવાની છુટનું વિકલ્પ અહીં નથી. પ્રાથમિક મૂળરૂપ મોટા પચ્ચખાણરૂપે અહીં આપ્યા છે.

૧૬૨. પોતાની પાસે આજીવિકા પૂરતું હોય તો ખેતીવાડીની મૂલ મજુરી પૈસા લઈને કરવી નહીં. [ ]

૧૬૩. મોટું ખેતીનું કામ પોતાના હાથે કરવું, કરાવવું નહીં. [ ]

૧૬૪. લગ્ન વિગેરે જમણવારમાં કંદમૂળ વાપરવા નહીં તથા ફટાકડા ફોડવા નહીં. [ સ્વેચ્છા એ નહિ ]

૧૬૫. રાત્રીના સ્નાન વરસમાં ........ ૧૨ ........ થી વધુ કરવાં નહીં. [ ]

૧૬૬. સલાટ, લુહાર, રસોયો, મોચી, વગેરેના ધંધા આજીવિકા પૂરતું હોય, તો કરવા નહીં.
[ ]

૧૬૭. જાનવરોની દોડ કરવી કે કરાવવી નહીં.
[ ]

૧૬૮. લગ્ન પ્રસંગે વર્ષમાં ........૭૫........ થી વધુ જવું નહીં, ફોટા પડાવવા નહીં. [ ]

૧૬૯. દોરા, ધાગા, તેજીમંદી ફળ, વશીકરણ મંત્ર કરવા કે કહેવા નહીં. [ ]

૧૭૦. નાના મોટા બૉંબની ફેકટરી બનાવવી નહીં. [ ]

૧૭૧. સૂક્ષ્મ જીવો તથા દેવતા, નારકી, જુગલીઆને મારવા નહીં. [ ]

૧૭૨. દીક્ષાર્થી ને સ્વધર્મમાં અંતરાય પાડવી નહીં. [ ]

૧૭૩. નદી, કૂવા, તળાવ, દરિયામાં છુટા પાણીમાં નહાવું નહીં. [ [illegible] ]

૧૭૪. ધર્મ, તપસ્યાનું ફળ માંગી, નિયાણું (માગણી) કરવું નહીં. [ ]

૧૭૫. વિમાન પાયલોટ, રેલ્વે એંજીન ડ્રાયવર, મોટર ડ્રાયવર, સ્ટીમરના કપ્તાનની નોકરી તરીકે કામ કરવું નહીં. [ ]

૧૭૬. બંદૂક, ભાલા, હાથબોમ્બ, રીવોલ્વર જેવા હિંસક શસ્ત્રો રાખવા નહિ, સિવાય કે રાજ્ય કે સામાજિક ફરમાન.

૧૭૭. રેલ્વે તથા સ્ટીમરની લાંબી મુસાફરી એક વરસમાં .................................... થી ઉપરાંત કરવી નહીં.

૧૭૮. કોઈ પણ કંદમૂળનો વેપાર કરવો નહીં. [ ] (આ પચ્ચખાણ પુખ્ત વિચાર કરીને લેવું.)

૧૭૯. એક વરસમાં મોટા જમણવારમાં .................... થી ઉપરાંત જવું નહીં સિવાય કે દીક્ષા, નીતિ સંસ્કાર ઉત્તેજિત કે સામાજિક મિલન પ્રસંગે.

૧૮૦. કોઈને ઉતારી પાડવા, તેની ઠેકડી ઉડાડવા, કે હલકો પાડવા ખાતર ખોટી રીતે જાણીબુઝીને એવા ખોટા આળ કોઈની ઉપર ચડાવવા નહીં.

૧૮૧. કુટુંબ, સમાજ, સંઘ વિગેરેમાં ફાટ પડે એવું વલણ વહેવાર, કે કૃત્ય જાણીબુઝીને કરવું નહીં. (સાંધો મારવો; રુઝ લાવવું.)

૧૮૨. સાધુ સાધ્વીને આધાકર્મી (તેમના માટે બનાવી રાખેલા કે વેચાતા લાવીને) તથા અસૂઝતા આહારપાણી તથા વસ્ત્ર. ઔષધ વિગેરે વહોરાવવા નહીં.

❉ ❉ ❉

યાદી : પચ્ચખાણ પ્રતિજ્ઞા લેવાનું પાઠ પાના નં. ૪૯માં છે.

# સંથારો - સંલેખણા

★ અધ્યાત્મ જીવનનું અંતિમ કાર્ય, છેલ્લી અવસ્થામાં સંથારો/સંલેખના /સમાધી મરણ.

★ પ્રચલિત રીત પ્રમાણે જાણે અજાણે દોષ-પાપ લાગ્યા હોય તેનું પ્રાયશ્ચિત તથા પૂર્વભવોની ચાલી આવતી પાપક્રિયાઓ વોસરાવીને એક એક દિવસના ઉપવાસના પચ્ચખાણથી સંથારો થાય છે. ગુરુ મહારાજ અથવા પૂજ્ય વડીલની હાજરીમાં કરવું.

❖ ❖ ❖

નોંધ ★ આકસ્મિત સંયોગો માટેનું સાગારી સંથારો તથા વિધિ પાછળ આપેલી છે. જુઓ અનુક્રમણિકા.

★ વ્રતની શુદ્ધતા માટે નવાણું અતિચારના દોષ ટાળવા જરૂરી છે. (જુઓ પચ્ચખાણ પ્રતિજ્ઞાની પછી.)

Sa

# વધારાના પચ્ચખાણ માટે મુકવામાં આવેલું પાનું

# વધારાના પચ્ચખાણ માટે મુકવામાં આવેલું પાનું

# વધારાના પચ્ચખાણ માટે મુકવામાં આવેલું પાનું

# વધારાના પચ્ચખાણ માટે મુકવામાં આવેલું પાનું

# વધારાના પચ્ચખાણ માટે મુકવામાં આવેલું પાનું

## મોટી ઉંમર તથા પાકટ અનુભવવાળા માટે સરળ પચ્ચખાણ ટુંકમાં લેવાની સમજ

સમકિત અર્થાત સમ્યકત્વસહિત અહિંસા, સત્ય, પરિગ્રહ વિગેરે મૂળ વ્રતો તથા પર્યટન દિશા, ખાવા પીવા તથા વાપરવાની વસ્તુઓ, ધંધો વ્યવસાય વિગેરેની મુકરર મર્યાદા જે પહેલાં લીધેલ હોય, તેમાં નવેસરથી બની શકે તેટલો સંકોચ કરીને ફરીથી ચોકકસ મર્યાદિત પ્રમાણ VERY LIMITED માં નકકી કરી (અમુક સંખ્યા, નંગ, અંતર, વજન, પ્રમાણ, જે રીતે સુગમ બને તે રીતે) તે ઉપરાંત પચ્ચખાણ લેવાથી બધા અવ્રત ટળે તથા યાદ રાખવાનું પણ સરળ બને.

ભૂલચુક, માંદગી, રાજકીય કાનુન બાધા અને એવા અનિવાર્ય પ્રસંગો જો કવચિત બને તો તે રીતે આગાર રાખીને પચ્ચખાણ લઈ શકાય. કષાય અને મોહ ઘટાડવા સતત સાવચેત રહેવું.

● માનવ શરીરની ભઠ્ઠી, લોહી ભ્રમણ, પ્રદુષણ શુધ્ધિકરણની ક્રિયા, એકધારી રીતે સ્વયંસંચાલીત રીતે ઓટોમેટીક સો વરસ સુધી ચાલતી રહે, કેવી વ્યવસ્થિત કારિગીરી ?

● અને ૫૦ વરસ પહેલાની ગુફતેગો વાયરલેસ તેજ ક્ષણે યાદ આવી જાય. કેવી કરામત ! અજબ શોધખોળ !!!

# મોટી/પાકટ ઉંમરવાળા માટે પચ્ચખાણ યાદી પાનું

# મોટી/પાકટ ઉંમરવાળા માટે પચ્ચખાણ યાદી પાનું

# યાદ રાખો

- કાળ/સમય હંમેશ માટે એક સરખી રીતે બધા ઉપર પસાર થતો રહે છે, થ...તો...જ રહે છે. તેને વૃદ્ધાવસ્થા આવતી નથી. તે ચૂકતો નથી, મૂકતો નથી, ખુટતો નથી.
- તમે ગમે તે અવસ્થામાં હો, તમારો કાળ પૂરો કરી દે છે.
- રાજ્યસત્તા જેવા સુખ વિલાસ ભોગવો છો ? યૌવનમાં મશગુલ છો ? - દુ:ખની ગતિના એંધાણ.
- થાકશે કોણ ? ખલાસ કોણ થશે ?
- બંદો.
- કાળને સર કરી લે તો બંદાનો બેડો પાર.
- એક રાંક ને એક નૃપ, એ આદિ જે ભેદ, કારણ વિના ન કાર્ય તે, એજ કર્મ સિધ્ધાંત.

❋ ❋ ❋

- પ્રાર્થનામાં કેટલી શક્તિ છે, તેનું અનુભવ કરો. એકાંત સ્થળે, એક ચિત્તે પંચ પરમેષ્ઠિનું નિખાલસતાથી સ્મરણ કરો, પરિણામ જણાશે જ.

  તમારા કરેલા પાપને સંભારો. પશ્ચાતાપ કરો.

# પચ્ચખાણ - પ્રતિજ્ઞા

ત્રસ અને સ્થાવર (છ કાય) જીવોની રક્ષા માટે અને આત્માના ઉત્કર્ષ માટે ઉપર મુજબ ધારેલા પચ્ચખાણ ૧ કોટી ન કરેમી કાયસા, ૩ કોટી ન કરેમી મણસા, વયસા, કાયસા, પચ્ચખાણમાં લખેલ કોટીએ લીધા છે.

ખાવા પીવાના અને અન્ય પચ્ચખાણમાં ભૂલચૂક, ભેળસેળ, માંદગીમાં દવાના કારણે, ગાઢાગાઢ અને પરવશપણે મર્યાદા ઓળંગાય તેનું આગાર છે.

પરિગ્રહના પચ્ચખાણમાં ચલણની ફેરબદલી કે તેની રાષ્ટ્રિય કે આંતરરાષ્ટ્રિય કિંમતમાં વધઘટ થાય તો તેને અનુરૂપ મૂળ પચ્ચખાણને બંધબેસતી ધારણા કરવી; સમયના વહેણ પ્રમાણે સાધનોમાં ફેરફાર થાય, નવા નામોથી નવા સાધનો બહાર પડે એ કારણે મર્યાદા ઓળંગાય તેનો આગાર. મુદ્દો એક જ કે કરવું છે પોતાના માટે. જે વૃત્તિથી પચ્ચખાણ લીધેલ હોય તેને અનુરૂપ થઈને સાચવવું.

૧. સંવત ..........................................................

તારીખ .................................................. ના દિવસે મહા પુરૂષ શ્રી ૧૦૦૮ શ્રી .......................................... પાસેથી ગામ .............. મધ્યે, લખ્યા પ્રમાણે, મુદત ........... અને તે ઉપરાંત ન પાળું ત્યાં સુધી પચ્ચખાણ અંગીકાર કરું છું. તેની પાળવામાં શુદ્ધિ હોજો.

સહી .................................................................

❋ ❋ ❋

**યાદી નં. ૧ :** મુદત પૂરી થયે ફેર તપાસ કરી પચ્ચખાણને લંબાવવા. ઓછામાં ઓછા એક વરસમાં બે-ત્રણ વખત વાંચીને યાદ તાજી કરવી તથા પ્રસંગ ઉપસ્થિત થયે જોઈ લેવું.

**યાદી નં. ૨ :** દરેક વખતે પચ્ચખાણ લેતા પહેલા પોતાની ઈચ્છા પ્રમાણે સુધારા વધારા કરી લખી લેવું. જાવજીવના પચ્ચખાણ લીધેલ હોય તેમાં ફેરફાર ન કરવો, ન થઈ શકે. પુખ્ત વિચારધારા થયેથી, પાંચ-સાત વર્ષ પછી જાવજીવ (જીવું ત્યાં સુધી) ના પચ્ચખાણ લઈ લેવા, પોતાના અનુભવ પ્રમાણે.

૨. ફરીથી લીધા લખ્યા/ધાર્યા પ્રમાણે ઉપરના પચ્ચખાણ સંવત ............................................ તારીખ ......................

આગાર પાના ૪૯માં છે, તે મુજબ મુદત .................. માટે અને તે ઉપરાંત ન પાળું ત્યાં સુધી.

પૂજ્ય (સાધુ શ્રાવક અથવા પોતાની મેળે) ......................

........................ પાસેથી ગામ .................... મધ્યે

તેની પાળવામાં શુદ્ધિ હોજો.

૩. ફરીથી લખ્યા/ધાર્યા પ્રમાણે ઉપરના પચ્ચખાણ લીધા સંવત ............................................ તારીખ ......................

આગાર પાના ૪૯ માં છે, તે મુજબ મુદત .................. માટે

પૂજ્ય (સાધુ, શ્રાવક અથવા પોતાની મેળે) ......................

........................ પાસેથી ગામ .................... મધ્યે

તેની પાળવામાં શુદ્ધિ હોજો.

**નોંધ** : પહેલાં જે પચ્ચખાણ લીધેલ હોય તેમાં પોતાની ઈચ્છા પ્રમાણે સુધારા વધારા કરી લખી લેવું. જાવજીવના પચ્ચખાણ લીધેલ હોય તેમાં ફેરફાર ન કરવો, ન થઈ શકે.

# નવાણું અતિચાર

બાર વ્રત શુધ્ધ પાળવા માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના નવાણું અતિચાર (દોષ) છે, તે ટાળવા.

જ્ઞાનના ૧૪, દર્શનના ૫, ચારિત્ર અને તપ (૧૨ વ્રત અને આણસાણ - અનશન) ના ૮૦ મળીને ૯૯ અતિચાર તે જાણવા યોગ્ય છે પણ આચરવા - સેવવા યોગ્ય નથી.

# પ્રતિક્રમણના ૯૯ અતિચારનું ગુજરાતીમાં શબ્દાર્થ

**જ્ઞાન :-**

સૂત્ર સિદ્ધાંતના બોલ આઘાપાછા ભણવા। ઉપયોગ વિના ભણવા। અક્ષર ઓછો ભણવો। અક્ષર અધિક ભણવો। પદ ઓછા ભણવા। વિનય રહિત ભણવા। મન, વચન, કાયાની એકાગ્રતા વિના ભણવા। શુદ્ધ ઉચ્ચાર વિના ભણવા। અવિનિતને જ્ઞાન આપવું। અવિનયપણે જ્ઞાન લેવું। બાર અકાળ છે તે સમયે સૂત્રના પાઠ વાંચવા। કાળમાં સજ્ઝાય - સ્વાધ્યાય ન કરવા। અયોગ્ય સ્થળે સજ્ઝાય કરવી। યોગ્ય સ્થળે સજ્ઝાય ન કરવી।

**દર્શન :-**

કેવળી (સર્વજ્ઞ) ભગવાને ભાખેલ ધર્મ તત્ત્વ એટલે સમક્તિ (સત્ય સમજાણ)માં શંકા રાખે, શ્રદ્ધા ન રાખે। ઠાઠમાઠ, આડંબર એવા અન્ય ધર્મની આકાંક્ષા, ઈચ્છા કરે। કરાણીનું ફળ મળશે કે નહિ, તે સંદેહ રાખવો, તર્ક-વિતર્ક કરવા। પાખંડી (ઢોંગી) મતના વખાણ કરવા। પાખંડીનો પરિચય રાખવો ।

**ચારિત્ર અને તપ :**

**૧ લું વ્રત :-** પ્રાણી, જીવ, મનુષ્ય, પશુ પક્ષી વગેરેને ગાઢ બંધનમાં રાખે। બહુ માર મારે। કાન, નાક વગેરે અવયવ છેદે। ગજા ઉપરાંત ભાર ભરે। નોકર પાસેથી હદ ઉપરાંત કામ લે,

અન્ન-પાણી ભોગવતા અટકાવે આજીવિકામાં વિક્ષેપ નાખે।

**૨ જું વ્રત:-** ધ્રાસકો પડે તેવી રીતે બોલવું। કોઈના રહસ્ય-ગુપ્ત વાત પ્રકાશિત કરવા। પોતાની પત્ની કે પતિના મર્મ પ્રકાશવા। જાણી બૂઝીને બીજાને ખોટા માર્ગે દોરવા। ખોટા લેખ લખવા।

**૩ જું વ્રત:-** ચોરેલી વસ્તુ લેવી, રાખવી, ચોરી કરવી, કામચોર બનવું। ચોરી કરનારને સહાય કરવી। દાણચોરી, દેશદ્રોહી। ખોટા તોલ માપ। ભેળસેળ તથા વસ્તુ સારી બતાવી હલકી આપવી। છેતરપિંડી, રાજ્ય વિરૂદ્ધ કાર્ય।

**૪ થું વ્રત:-** પોતાની પરણેલી લઘુવયની પત્ની અથવા થોડો કાળ પણ પરણેલી સ્ત્રી પાસે વિષય બુદ્ધિએ આવાગમન કરે। ધણી વગરની સ્ત્રી, વેશ્યા, વિધવા, કુંવારી પાસે વિષય બુદ્ધિએ આવાગમન કરે। અનેરા અંગે કામ ચેષ્ટા કરે। (અપ્રાકૃતિક કામ ક્રીડા કરે) બીજાઓના લગ્નના જોડા મેળા કરી આપે, સેકસ સાધન અને ચિત્રો વિ. વિષયાતુર પ્રસંગોમાં તીવ્ર ભાવ વેદે॥

**૫ મું વ્રત:-** જમીન, મકાન, દુકાન, કારખાનાની કરેલી મર્યાદા ઓળંગવી। સોનું, રૂપું ઝવેરાતની મર્યાદા ઓળંગવી। ધન, ધાન્યના પ્રમાણનું ઉલ્લંઘન કરવું। દાસ, પશુ, પક્ષી રાખવાની મર્યાદા ઓળંગવી। ઘરવખરી, મોજશોખની વસ્તુઓની મર્યાદાનું

ઉલ્લંઘન કરવું।

૬ ઠું વ્રત :- દેશ, વિદેશ ક્ષેત્રોમાં જવા આવવાની માન મર્યાદા કરેલ તેમાં ઊંચી દિશાનું। નીચી દિશાનું। ત્રીછી સપાટી દિશાનું માન ઓળંગવું। મન ફાવતી રીતે એક દિશાનું માન (માપ) ઘટાડી બીજી દિશાનું માન વધારે। શંકા પડે છતાં આગળ વધે।

૭ મું વ્રત :- ખાવા, પીવા, પહેરવા, વાપરવા વસ્તુ મર્યાદાનું ઉલ્લંઘન કરવું - સચિત વસ્તુનું। સચિત મિશ્ર વસ્તુનું। અપરિપકવ વસ્તુનું। દુષ્પકવ વસ્તુ (ભડથાં પોંક વગેરે)નું। ખાવું થોડું, નાખી દેવું ઘણું (શેરડી, સીતાફળ, બોર વગેરે) વસ્તુનું। (આવી વસ્તુઓ ન ખાવી.) વેપાર - ઉદ્યોગ જેમાં આરંભ - હિંસા ખૂબ થાય તેવા ૧૫ કર્માદાન વેપાર : ભારે અગ્નિથી ચાલતાં। વન કાપવાના। સાડી - સડાવીને બનાવેલ વસ્તુ (દારૂ વગેરે)। ગાડા લોરી વગેરેના ભાડાં। ખાણ, નહેર વગેરે, પૃથ્વીના પટ ફોડવા। હાથીદાંત વગેરે। ચમરી ગાય, ડુકકર વગેરેના વાળ-મોરપીંછ। ખનીજ તથા વનસ્પતિના તથા પ્રાણીજ વિ.ના રસ તથા ચરબી। લાખ, રંગ, ક્ષાર, દારૂખાનું। ઝેરી વસ્તુઓની બનાવટ તથા વિક્રી। પીલણ યંત્રથી પીલણ કાર્ય। અવયવ છેદન-ભેદન (બે ઈન્દ્રિયથી પંચેન્દ્રિય (ત્રસ) જીવોના અવયવ છેદી ભેદી તેમાંથી દવા, રસાયણ વગેરેની બનાવટ)। દાવાનળ, આગ અને સંહારક શસ્ત્ર। તળાવ વગેરે ઉલેચવાં, શોષવાં। હિંસક પશુ, વેશ્યાવૃત્તિ, ઠગ-ચોર વગેરે દુરાચારીને

પાળી-પોષીને; એવં યોજીત આજીવિકા।

૮ મું વ્રત:- વિના કારણ કર્મ બાંધે: કામવિકાર વધે તેવી વાતો-કથા કહેવી। કુચેષ્ટા, કટાક્ષ કરવા, ગાંડા, મૂંગા, બહેરાં વગેરેની મશ્કરી-હાંસી કરવી। ગમે તેમ બોલવું. નિરર્થક વચન કજિયા વૃત્તિ, એકને એક, બીજાને બીજી અંટશ થાય તેવી વાતો, આચરણ। હિંસાકારી સાધનો, હથિયાર ભેગાં કરે। મોજશોખ અને તેવી વસ્તુઓમાં અતિ આસકત।

૯ મું વ્રત:- સામાયિકમાં મન માઠી રીતે વર્તે। સંસારની વાતો - ચર્ચા કરે। કાયાથી માઠી પ્રવૃત્તિ ફોગટ આંટાફેરા મારે, અડપલાં કરે, ઘરના કામ કરે। સમતા, વૈરાગ્ય ભાવ ના બદલે, આળપંપાળમાં અને નિરુત્સાહપણે વખત જાય। સમય પુરો થતા પહેલાં પાળે।

૧૦ મું વ્રત:- દિશા પરિમાણ, હિંસાત્યાગ, અસત્ય ન બોલવું, કષાય ન કરવી, પરિગ્રહ તથા વિવિધ વસ્તુઓની ઈચ્છા પરિમાણ - મર્યાદા એ બધા ટૂંકી મુદતના પચ્ચખાણના આ વ્રતમાં સમાવેશ ગણી શકાય. મર્યાદા બહારથી વસ્તુ મંગાવે - મોકલે। નોકર દ્વારા મંગાવે - મોકલે। સાદ કરીને મંગાવે। રૂપ, ચિહ્‌ન, ઈશારાથી મંગાવે। કાંકરા કમાડ વગેરે ખખડાવી મંગાવે।

૧૧ મું પૌષધ વ્રત:- શય્યા - પાટ, વસ્ત્ર-પાત્રનું પડિલેહણ (નિરીક્ષણ) ન કરે અથવા જેમ તેમ કરે। શય્યાપાટ, વસ્ત્રપાત્રને

ન પૂંજે અથવા જેમ તેમ પૂંજે। મળ, મુત્ર, પરઠવાની ભૂમિનું નિરીક્ષણ ન કરે અથવા માઠી રીતે કરે પૌષધની વિધિ, સજ્ઝાય, ધ્યાન યોગ્ય રીતે ન કરે, પ્રમાદથી કરે।

**૧૨ મું વ્રત:-** શ્રમણ નિર્ગ્રંથ (સાધુ) ને નિર્દોષ અને ગ્રાહ્ય એવા ભોજન-પાણી, વસ્ત્ર-પાત્ર તથા ઉછીના આપી શકાય તેવા પાટ, બાજઠ વગેરે પોતાના માટે બનાવેલ, પોતાના વપરાશ માટે લીધેલી વસ્તુમાંથી ભક્તિપૂર્વક દાન આપવું તે: કલ્પનીય વસ્તુ અને સચેત વસ્તુ (વનસ્પતિ, પાણી વગેરે)નો સાથે સંઘટ્ટો હોય। કલ્પનીય વસ્તુ, સચેત વસ્તુથી ઢાંકેલી કે ઢંકાયેલી હોય છતાં આપે। બગડી ગયેલું આપે, ગોચરી સમયે વહોરાવવાની ભાવના ન ભાવે। પોતે સૂઝતો છતાં નોકર (અન્ય પાસે) પાસેથી વહોરાવે, પોતાની વસ્તુ રાખી પારકી આપે। દાન આપીને અહંકાર - બડાઈ કરે.

**અનશણ (અન્નશન) સંથારો :**

ભવ સુધારવા માટે છેલ્લું કાર્ય, તેના પાંચ અતિચાર: [૧]આ ભવમાં યશકીર્તિ વધે એવી ઈચ્છા ચિત્તવૃત્તિ રાખવી। [૨]પરભવે સ્વર્ગ કે ઋદ્ધિની આકાંક્ષા। [૩]વાહ વાહ કહેવાય માટે અધિક જીવિત રહેવાની ઈચ્છા। [૪]ભૂખ, તરસ વગેરે દુ:ખ - પીડાથી કંટાળી જલદી મરવાની વાંછના। [૫]કર્મ ખપાવી મોક્ષ પામવાના ધ્યેયને બદલે કામ-ભોગ (શબ્દ, રૂપ, રસ ગંધ સ્પર્શ) મેળવવાની અભિલાષા રાખવી। ૯૯-અતિચાર (દોષો) ને છાંડવા.

# દરરોજના નિયમની મર્યાદા

૧. કાચી લીલોતરી નંગ [ ] કિલો [ ] તથા પાકી લીલોતરીના દ્રવ્ય [ ] ઉપરાંત ખાવા નહીં.

૨. પોતાના ઘર સિવાય [ 3 ] ઘર કે હોટલ ઉપરાંત જમવું નહીં.

૩. નાહવામાં [ ] બાલદી ઉપરાંત પાણી વાપરવું નહીં. સપ્તાહમાં [ ] વખત ઉપરાંત (ખાસ કારણ સિવાય) નહાવું નહીં.

૪. મૈથુન (સોય દોરાની રીતે) સેવવું નહીં. સપ્તાહમાં [ ] વખત ઉપરાંત નહીં.

૫. [ ] થી ફરતે [ ] માઈલ ઉપરાંત જવું નહીં. (માંદગી કે સારવારના કારણે આગાર)

૬. સૂર્યાસ્ત પછી ચૌવિહાર કરવો અથવા રાત્રે [ ] વાગ્યાથી [ ] વાગ્યા સુધી કરવું.

૭. નવકાર સ્મરણ [ ] મિનિટ કરવું. જમ્યા પહેલાં સ્મરણ કરવું.

★ મર્યાદિત જીવનથી ધર્મ ઉપરાંત તન, મન અને ધનનું સ્વાસ્થ્ય પણ જળવાય છે.

પચ્ચખાણ - ધાર્યા પ્રમાણે ન કરેમિ મણસા, વયસા, કાયસા, તસ્સ ભંતે પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

## શબ્દાર્થ

| | |
|---|---|
| ત્રસ જીવ | : હાલતા ચાલતા જીવ બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરેંદ્રિય અને પંચેન્દ્રિય. |
| સ્થાવર | : હાલે ચાલે નહીં, તે - પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ. |
| છકાય | : ત્રસ એક અને સ્થાવરના પાંચ મળીને છકાયના જીવ. |
| વિગલેંદ્રિય | : બેઈંદ્રિય, તેઈંદ્રિય, ચૌરેંદ્રિય. |
| ઈંદ્રિય પાંચ | : કાયા, જીભ, નાસિકા, આંખ, કાન. તે અનુક્રમે એકેંદ્રિયને એક એમ પંચેંદ્રિયને પાંચ ઈંદ્રિય હોય, એકેંદ્રિયથી અનંતગણી અધિક પુન્યાઈ વધે ત્યારે બેઈંદ્રિયપણું પામે. એમ અનુક્રમે પંચેંદ્રિય સુધી. |
| ગતિ ચાર | : નારકી, તિર્યંચ, મનુષ્ય, દેવતા, (પાંચમી સિદ્ધ ગતિ શાશ્વત છે, જ્યાં ગયા પછી કોઈ ગતિમાં ભટકવાનું નથી.) |
| નિગોદ | : સૂક્ષ્મ વનસ્પતિકાય તથા બાદરમાં સાધારણ વનસ્પતિકાય કે જેમાં એક શરીરમાં અનંત જીવ સમાયેલા છે. |

કર્મ આઠ : જ્ઞાનાવર્ણીય, દર્શનાવર્ણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય.

મોક્ષનો દરવાજો : મનુષ્ય ભવ ફક્ત એક જ દ્વાર છે કે જ્યાંથી જ્ઞાન અને ક્રિયા વડે સિધ્ધગતિ અર્થાત મોક્ષમાં જવાય છે.

કેવળ જ્ઞાન : આત્માનું આત્મા વિશે સંપૂર્ણ જ્ઞાન. સ્વ અને પરનું સંપૂર્ણ જ્ઞાન. સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનું સર્વપ્રકારથી એક સમયે જ્ઞાન.

**નોંધ :** કેવળ એટલે ફકત, એકજ બીનહરીફ, સંપૂર્ણ. કેવળજ્ઞાનથી ઉપરવટ બીજો કોઈ જ્ઞાન ન હોય, તે સર્વ દષ્ટિથી સંપૂર્ણ છે. કેવળજ્ઞાનીના તુલ્યે કેવળ જ્ઞાની જ હોય. જ્ઞાન અને દર્શનમાં એક સરખા હોય. એક અંશ પણ હીણ હોય તે કેવળજ્ઞાનીમાં ન ભળે.

# પચ્ચખાણ શા માટે ?

પચ્ચખાણ કરવાથી વેર વિખેર પડેલા વિચારો એકત્રિત થઈ ચોકકસ સ્વરૂપે આચરણમાં આવે, તેથી વ્યવસ્થિત કાર્યો અને નિયમન થઈ શકે.

પચ્ચખાણ વિશે શ્રીમદ્ રાજચંદ્રનું અભિપ્રાય :

અમુક વસ્તુભણી ચિત્ત ન કરવું અને જે નિયમ કરવો તે પચ્ચખાણ.

પચ્ચખાણ/પ્રત્યાખ્યાનનો હેતુ મહાઉત્તમ અને સૂક્ષ્મ છે. તેમ ન કરવાથી ગમે તે વસ્તુ ન ખાઓ પીઓ કે ભોગવો તો પણ તેથી સંવરપણું નથી. તત્ત્વરૂપે કરીને ઈચ્છાનું રૂંધન કરો તો સંવરપણું નિપજે.

એનાથી આપણું લક્ષ્ય અમુક વસ્તુઓ પુરતું જ મર્યાદિત રહે છે. બાકી બધી વસ્તુઓનો ત્યાગ થઈ જાય છે આ ઘણો મોટો લાભ છે.

★ જ્ઞાનીઓ પોકારી પોકારીને કહે છે; કાન આંખના બાહ્ય મનોરંજનનાં સાધનો જીવનના આનંદ માટે નથી, પીડા માટે છે. જુવાનીમાં બુઢાપો લાવે છે.. શીત ઉષ્ણયંત્રની સાહ્યબી રૂક્ષતા વકૃતા લાવે છે.

★ મિતાહારી, મિતભાષી બનવાથી તેમજ સ્વાદ અને વચન તથા આંખના દ્રષ્યો ઉપર અંકુશ રાખવાથી પ્રત્યક્ષ તાત્કાલિક ફાયદા અનુભવવામાં આવે છે.

# ❀ શ્રી ચોવીસ

| નં. | નામ | પિતાનું નામ | માતાનું નામ |
|---|---|---|---|
| ૧ | શ્રી ઋષભદેવ સ્વામી | નાભિ રાજા | મરૂદેવી |
| ૨ | શ્રી અજીતનાથ સ્વામી | જિતશત્રુ રાજા | વિજયાદેવી |
| ૩ | શ્રી સંભવનાથ સ્વામી | જીતાર્થ રાજા | સોનાદેવી |
| ૪ | શ્રી અભિનંદન સ્વામી | સંવર રાજા | સિદ્ધાથદિવી |
| ૫ | શ્રી સુમતિનાથ સ્વામી | મેધરથ રાજા | સુમંગલાદેવી |
| ૬ | શ્રી પદ્મપ્રભુ સ્વામી | શ્રીધર રાજા | સુસીમાદેવી |
| ૭ | શ્રી સુપાર્શ્વનાથ સ્વામી | સુપૈષ્ઠ રાજા | પૃથ્વીદેવી |
| ૮ | શ્રી ચંદ્રપ્રભુ સ્વામી | મહાસેન રાજા | લક્ષ્મણાદેવી |
| ૯ | શ્રી સુવિધિનાથ સ્વામી | સુગ્રીવ રાજા | રામાદેવી |
| ૧૦ | શ્રી શીતળનાથ સ્વામી | દૃઢરથ રાજા | નંદાદેવી |
| ૧૧ | શ્રી શ્રેયાંસનાથ સ્વામી | વિષ્ણુ રાજા | વિષ્ણુદેવી |
| ૧૨ | શ્રી વાસુપૂજ્ય સ્વામી | વસુપૂજ્ય રાજા | જયાદેવી |
| ૧૩ | શ્રી વિમળનાથ સ્વામી | કૃતવર્મા રાજા | સામાદેવી |
| ૧૪ | શ્રી અંનતનાથ સ્વામી | સિંહસન રાજા | સુયશા |
| ૧૫ | શ્રી ધર્મનાથ સ્વામી | ભાનુ રાજા | સુવ્રતા |
| ૧૬ | શ્રી શાંતિનાથ સ્વામી | વિશ્વસેન રાજા | આચિરાદેવી |
| ૧૭ | શ્રી કુંથુનાથ સ્વામી | સુરનાથ રાજા | સુરાદેવી |
| ૧૮ | શ્રી અરનાથ સ્વામી | સુદર્શન રાજા | દેવકીદેવી |
| ૧૯ | શ્રી મલ્લિનાથ સ્વામી | કુંભ રાજા | પ્રભાવતી |
| ૨૦ | શ્રી મુનિસુવ્રત સ્વામી | સુમિત્ર રાજા | પ્રદ્માવતી |
| ૨૧ | શ્રી નમિનાથ સ્વામી | વિજય રાજા | વિપુલદેવી |
| ૨૨ | શ્રી નેમનાથ સ્વામી | સમુદ્રવિજય રાજા | શિવાદેવી |
| ૨૩ | શ્રી પાર્શ્વનાથ સ્વામી | અશ્વસેન રાજા | વામાદેવી |
| ૨૪ | શ્રી મહાવીર સ્વામી | સિદ્ધાર્થ રાજા | ત્રિશલાદેવી |

# તીર્થંકરોના સપ્તાંગ

| જન્મ નગરી | વર્ણ | લાંછન | આયુષ્ય |
|---|---|---|---|
| વનિતા | પીળો | વૃષભ | ૮૪ લાખ પૂર્વ |
| અયોધ્યા | પીળો | હાથી | ૭૨ લાખ પૂર્વ |
| સાવરથી | પીળો | ઘોડો | ૬૦ લાખ પૂર્વ |
| વનિતા | પીળો | વાંદરો | ૫૦ લાખ પૂર્વ |
| કુશળપુર | પીળો | કૌંચપક્ષી | ૪૦ લાખ પૂર્વ |
| કૌશાંબી | રાતો | પદમકમળ | ૩૦ લાખ પૂર્વ |
| વારાણસી | પીળો | સાથિયો | ૨૦ લાખ પૂર્વ |
| ચંદ્રપુરી | ધોળો | ચંદ્રમા | ૧૦ લાખ પૂર્વ |
| કાકદી | ધોળો | મગરમચ્છ | ૨ લાખ પૂર્વ |
| ભદ્દિલપુર | પીળો | શ્રી વત્સ સાથિયો | ૧ લાખ પૂર્વ |
| સિંહપુર | પીળો | ગેંડો | ૮૪ લાખ પૂર્વ |
| ચંપાપુર | રાતો | ભેંસ (મહિષ) | ૭૨ લાખ પૂર્વ |
| કંપિલપુર | પીળો | સુવર | ૬૦ લાખ પૂર્વ |
| અયોધ્યા | પીળો | સિંચાણો | ૩૦ લાખ પૂર્વ |
| રત્નપુર | પીળો | વજ્ર | ૧૦ લાખ પૂર્વ |
| હસ્તિનાપુર | પીળો | મૃગ | ૧ લાખ પૂર્વ |
| ગજપુર | પીળો | બકરો | ૯૫,૦૦૦ વર્ષ |
| નાગપુર | પીળો | નંદાવર્ત સાથિયો | ૮૪,૦૦૦ વર્ષ |
| મિથિલા | લીલો | કળશ | ૫૫,૦૦૦ વર્ષ |
| રાજગ્રહી | કાળો | કાચબો | ૩૦,૦૦૦ વર્ષ |
| મથુરા | પીળો | નીલોત્પલ કમળ | ૧૦,૦૦૦ વર્ષ |
| સુરિપુર | કાળો | શંખ | ૧,૦૦૦ વર્ષ |
| વારાણસી | લીલો | સર્પ | ૧૦૦ વર્ષ |
| ક્ષત્રિયકુંડ | પીળો | સિંહ | ૭૨ વર્ષ |

# -: વીસ વિહરમાન તીર્થંકરો :-

| | |
|---|---|
| ૧ શ્રી સીમંધર સ્વામી | ૧૧ શ્રી વજ્રધર સ્વામી |
| ૨ શ્રી યુગમંધર સ્વામી | ૧૨ શ્રી ચંદ્રાનન સ્વામી |
| ૩ શ્રી બાહુ સ્વામી | ૧૩ શ્રી ચંદ્રબાહુ સ્વામી |
| ૪ શ્રી સુબાહુ સ્વામી | ૧૪ શ્રી ભુજંગદેવ સ્વામી |
| ૫ શ્રી સુજાતનાથ સ્વામી | ૧૫ શ્રી ઈશ્વર સ્વામી |
| ૬ શ્રી સ્વયંપ્રભુ સ્વામી | ૧૬ શ્રી નેમેશ્વર સ્વામી |
| ૭ શ્રી ઋષભાનન સ્વામી | ૧૭ શ્રી વીરસેન સ્વામી |
| ૮ શ્રી અનંતવીર્ય સ્વામી | ૧૮ શ્રી મહાભદ્ર સ્વામી |
| ૯ શ્રી સુરપ્રભ સ્વામી | ૧૯ શ્રી દેવયશ સ્વામી |
| ૧૦ શ્રી વિશાળપ્રભુ સ્વામી | ૨૦ શ્રી અજીતવીર્ય સ્વામી |

# -: શ્રી સોળ સતીઓના નામ :-

| | | | |
|---|---|---|---|
| ૧ બ્રાહ્મી | સતી | ૯ ચંદનબાળા | સતી |
| ૨ સુંદરી | ” | ૧૦ મૃગાવતી | ” |
| ૩ દમયંતી | ” | ૧૧ સુલસા | ” |
| ૪ કૌશલ્યા | ” | ૧૨ સુભદ્રા | ” |
| ૫ સીતા | ” | ૧૩ પુષ્પચુલા | ” |
| ૬ કુંતી | ” | ૧૪ પ્રભાવતી | ” |
| ૭ દ્રૌપદી | ” | ૧૫ શિલાવતી | ” |
| ૮ રાજેમતી | ” | ૧૬ પદ્માવતી | ” |

# પ્રાસંગિક

શ્રી વીતરાગ દેવની આજ્ઞા પ્રમાણે વર્તનાર જિન શાસન દીપાવનાર, સાધુજીના સત્તાવીસ ગુણધારી મહાવ્રતધારી શુદ્ધાચારી સાધુ સાધ્વીજી આ વિશાળ લોકમાં જઘન્ય ૨૦૦૦ કરોડ વિદ્યમાન હોય જ. એનાથી પણ વધુ હોય એ સર્વવંદનીય છે, પુજનીય છે.

**પ્રસંગિક નોંધ** : સંવત ૧૯૯૬ થી સં. ૧૯૯૯માં મારો દેશમાં રહેવાનું થતાં (દેશલપુર કંઠી, કચ્છ) અને એ ગાળા દરમ્યાન ચારિત્રશીલ આઠકોટી નાની પક્ષના યુવાચાર્ય સિદ્ધાંતપારગામી શ્રી કુંવરજી સ્વામીનું સંજોગવશાત ત્યાં સ્થિરવાસ હોતાં તેમના વ્યાખ્યાનવાણી તથા રૂબરૂ સંપર્કનું લાભ મળતાં મારા આધ્યાત્મજીવનનું ઘડતર થયું. એમનો ઉપકાર હું ભૂલી શકું એમ નથી. કોટી કોટી વંદન.

નાની પક્ષના સાધુ સાધ્વીજીઓના વ્રત આદરવાની ઉપયોગીતાના સ્તુત્ય ઉપદેશથી આ પુસ્તિકાનું બહોળા પ્રમાણમાં ઉપયોગ થયેલ છે. સમજપૂર્વક લેવાયેલા વ્રત, જીવન ઘડતર માટે કેટલા ઉપયોગી અને ફળદાયી છે તે ઉપદેશની અસરથી અનેક આત્માર્થીઓએ વ્રત આદર્યો છે. ધર્મ માર્ગના પ્રચાર માટે આ એમનો મહાન ઉપકાર છે.

**ત્રીજી આવૃત્તિ** : 'આત્મશુદ્ધિ'ના પ્રચાર માટે એક ઉત્કંઠિત

અજાણ્યા ભાઈ પોતાની મેળે, આવૃત્તિની નકલ મુંબઈ સમાચારના જાહેર પુસ્તક પરિચય સમાલોચના માટે મોકલી આપી અને મુંબઈ સમાચારમાં પ્રસિદ્ધ થયેલ અભિપ્રાય તથા જૈન પ્રકાશમાં આ પુસ્તિકાની ઉપયોગીતા માટે આવેલ કિંમતી અભિપ્રાયથી તથા અનેક સાધુ સાધ્વીજીઓના સ્તુત્ય ઉપદેશ અને ધર્મપ્રેમી ભાઈઓએ વ્રત લેવાની જરૂરિયાત સમજાવવા કરેલ પ્રયાસના કારણે વપરાશ વધ્યો છે તથા દરેક આવૃત્તિના પ્રકાશનને દાતાઓએ ઉદારતાથી વધાવી લેવાના કારણે-

આ રીતે આઠમી આવૃત્તિ સહિત સહુના સહકારથી આ વ્રત વહીનાં પ્રચાર કાર્યને વેગ મળ્યો છે અને આ નવમી આવૃત્તિ બહાર પડે છે. સહુનો આભાર માનું છું.

*લી. આણંદજી ભુલા*

# ❋ સૂક્ષ્મદર્શક માર્ગ ❋

જૈન દર્શન સૂક્ષ્મદર્શક યંત્રથી પણ વધુ સૂક્ષ્મ કાર્યદક્ષ છે. અને તેનાં સિદ્ધાંત હાલનાં વિજ્ઞાનિકોને માન્ય કરવાં પડે છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો (હવા) અને વનસ્પતિ એ પાંચે ય જીવ છે. છકાય જીવોમાં તેઓનો પણ સમાવેશ છે. જિનેશ્વર દેવોના આ સનાતન કથન, શોધ માટે દરેક જૈન ગૌરવ અનુભવે છે. અને તેઓ દુભાય, મરે તેમાં હિંસા જ માને છે.

આત્માનો ઉદ્ધાર આત્માએ પોતે જ મન, વચન અને કાયાના યોગબળ કે જેમાં અદ્ભુત શક્તિ છે તેનો ઉપયોગ કરીને કરવાનું છે. જૈન ધર્મની આખી જીવનચર્યા ત્યાગવૃત્તિ અને અહિંસાના ભાવ પર રચાયેલી છે. નિર્દોષ દાન, શિયલ, તપ અને ભાવ એ બધું આવકાર્ય છે અને કરવાનું છે. ધર્મકાર્યમાં હિંસા, મિથ્યાની ભેળસેળ ન કરવી.

તિર્થંકર મહાવીરની સાક્ષીએ ધર્મપ્રેમી અને ચાર તીર્થમાં એક તીર્થ-શ્રાવક તરીકે જેઓના નામ સિદ્ધાંતમાં અંકિત થયેલા છે એવા આનંદ આદિ દશ શ્રાવક કે જેઓ ગૃહસ્થાશ્રમમાં શુભનિષ્ઠ આદર્શ વ્યવહારિક જીવન ગાળીને પ્રૌઢતાએ પહોંચતા, કરોડોની સંપત્તિના માલિક હતા. તેઓએ પોતાના જીવનના ઉત્કર્ષ માટે, સાધના માટે, શ્રાવકના વ્રત-નિયમ અંગીકાર કરેલા છે. વૈભવ-ઠઠારાને છોડીને ત્યાગમાર્ગ ગ્રહણ કર્યું છે. વિષય વિકારને તથા મોહ મમતાને જીતવા

તથા આત્મશુદ્ધિ માટે તેઓએ પ્રભુ મહાવીરે બતાવેલ વ્રતનિયમ, તપશ્ચર્યા, ધ્યાન વિગેરે એટલે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને અપનાવેલ છે. આ બધું પોતાના સંકલ્પથી પોતે જ પુરુષાર્થ કરવાનું છે. બીજાને બતાવવા કે યશ માટે નહીં. પ્રભુ મહાવીરના પ્રત્યક્ષ શ્રાવકોએ જે માર્ગ અપનાવ્યો તેને આપણે કેમ ન અનુસરીએ ?

(**નોંધ** : અંગ સૂત્રોમાંનું એક ઉપાશક દશાંગ સૂત્રમાં પ્રભુ મહાવીરના દશ શ્રાવકોનું વૃત્તતાંત વિસ્તારથી આવેલ છે, તે જોઈ લેવું.)

- શ્રીમદ્ રાજચંદ્ર પોતાની માતાને શ્રાવકના ૧૨ વ્રત અદરાવવાની ઈચ્છા ધરાવતા હતા.

# સાગારી સંથારો, ઉપવાસ વિ. લેવાની રીત

આગ, મકાન હોનારત, મુસાફરી કે ધરતીકંપ જેવા કોઈ પણ સંકટ/અકસ્માતનાં પ્રસંગોમાં આ સંથારો કરવો ખૂબ જ અગત્યનું છે.

સાગારી સંથારો કરતી વખતે સંકટ પુરો થાય ત્યાં સુધી અથવા ચોક્કસ સમય મર્યાદાની ધારણા કરવી, અને ધારેલ ચોક્કસ સમય-મર્યાદા સુધીમાં સંકટનું નિવારણ ન થયું હોય તો આવશ્યકતા મુજબ ઉમેરો કરવો.

રાત્રીનાં સૂવાનાં સમયથી તે ઉઠતાનાં સમય સુધી પણ આ સંથારો લઈ શકાય છે.

**લેવાની રીત:** આહાર, શરીર અને ઉપધી (કુટુંબ, ધંધો, પરિગ્રહ વિગેરે જંજાળ) પચ્ચખું પાપ અઢાર, મરણ થાય તો વોસિરે વોસિરે અને જીવું તો આગાર.

**અર્થ** : આહાર, પાણી, શરીર, વસ્ત્ર, પાત્ર આદિ બાહ્ય ઉપકરણો એટલે બાહ્ય ઉપધિ અને વિષય કષાય વિગેરે આભ્યંતર ઉપધિ અને અઢારે પાપ સ્થાનકનો હું ત્યાગ કરૂં છું. ધારણા પ્રમાણે વોસિરાવું છું અને જીવીત રહું તો આગાર, ત્યાર પછી ત્રણ નવકાર મંત્ર ગણવા.

## સાગારી સંથારો પાળવાની વિધિ

"નવકારથી તસ્સ ઉત્તરી" સુધીનો પાઠ કહીને ઈરિયા વહિયાનો તથા ચાર લોગસ્સનો કાઉસ્સગ કરવો પછી ઉપર લોગસ્સ બોલાવવો. પછી પોસહ વ્રત પાળવાની વિધિ મુજબ સંથારો પાળવો. પછી ત્રણ નમોથ્થુણં કહેવા.

## ઉપવાસ (ચૌવિહાર, તિવિહાર) વિગેરે પચ્ચખાણ લેવાની વિધિ

**૧ ચાવિહાર ઉપવાસ :** કાલ દિવસ ઉગ્યા સુધી ચઉવિહં પિ આહારં પચ્ચખામિ (બીજાને પચ્ચખાણ આપવા હોય તો પચ્ચખાણ બોલવું) અસણં, પાણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાણા ભોગેણં, સહસા ગારેણં, અપાણં વોસિરામિ. (બીજાને પચ્ચખાણ આપવા હોય તો 'વોસિરે' બોલવું.)

**૨ તિવિહાર ઉપવાસ :** કાલ દિવસ ઉગ્યા સુધી તિવિહં પિ આહારં પચ્ચખામિ, અસણં, પાણં, ખાઈમં, સાઈમં અન્નત્થાણા ભોગેણં (અજાણતા વસ્તુ મોઢામાં મુકાઈ જાય) સહસ્સા ગારેણં (બળાત્કારે કોઈ વસ્તુ મોઢામાં મુકે) અપ્પાણં વોસિરામિ.

(તિવિહાર ઉપવાસમાં ફકત પાણી પિવાની છૂટ રહે છે.)

**૩ આયંબિલ :** વિગય માત્ર લેપ રહિત આયંબિલના પચ્ચખાણ તિવિહં પિ આહારં, આસણં, ખાઈમં, સાઈમં, અન્નત્થાણા ભોગેણં, સહસ્સા ગારેણં અપ્પાણં વોસિરામિ.

**૪ એકટાણું :** (એક વખત જમવાનું અને મુખવાસની છૂટ) એકટાણાં ઉપરાંત દુવિહં પિ આહારં પચ્ચખામિ, અસણાં ખાઈમં અન્નત્થાણા ભોગેણં, સહસ્સા ગારેણં અપ્પાણં વોસિરામિ.

**૫ ધાર્યાપ્રમાણે પચ્ચખાણ :** મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ ન કરેમિ, મણસા વયસા, કાયસા, તસ્સભંતે પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

**૬ સંવર લેવાની વિધિ :** એટલે સમયની મર્યાદામાં સંસારની પ્રવૃત્તિ કરવાના પચ્ચખાણ :- દ્રવ્યે, ક્ષેત્રે, કાલે ભાવે પાંચે આશ્રવ સેવવાના પચ્ચખાણ, ન કરેમિ, મણસા, વયસા, કાયસા, તસ્સભંતે પડિક્કમામિ, નિંદામિ, ગરિહામિ, અપ્પાણં વોસિરામિ.

# પાળવાની વિધિ

ઉપવાસ વિગેરે તથા ધાર્યા પ્રમાણે તથા સંવર જે લીધેલ હોય તેનું નામ બોલીને... સમકાએણં, ફાસિયં, પાલિયં, તિરિયં, કિત્તિય, આરાહિયં, આણાએ આણુપાલિયં ન ભવઈ તસ્સ મિચ્છામિ દુક્કડં.

• • •

હરેક કાર્ય વિધિમાં નવકાર મંત્રનું સ્મરણ કરવું જોઈએ. એનાથી વૈરાગ્યભાવ વધે છે. સાધુ સાધ્વીનું જોગ હોય, બને ત્યાં સુધી પચ્ચખાણ તેમની હાજરીએ લેવા.

પચ્ચખાણ લેવાના તથા પાળવાના પાઠ ન આવડતા હોય અને બીજું કંઈ સાધન ન હોય તો, મનની ઈચ્છા મુજબ સ્પષ્ટતાથી ધારણા કરવી, અને વિધિના બદલે ત્રણ વખત નવકાર મંત્ર બોલવું.

• • •

## क्षमापना

खामेमि सव्वे जीवा सव्वे जीवा खमंतु मे ।
मित्ति मे सव्व भूएसु वेरं मज्झं न केणई ॥ १ ॥

अबंम ए आलोईयं निंदिय गरहियं दुगंछियं ।
सव्वं तिविहेण पडिक्कतो वंदामि जिण चउवीसम् ॥ २ ॥

## અર્થ

હું સર્વે જીવોને ખમાવું છું. સર્વ જીવો ! તમે મારા અપરાધની ક્ષમા કરજો. મને સર્વ જીવો સાથે મિત્રતા છે, મારે કોઈની સાથે વેરભાવ નથી. ૧

ચોવીસે તીર્થંકરોને વંદન કરી, તેમની સાક્ષીએ પાપ-અતિચારનું પ્રાયશ્ચિત કરી મન, વચન, કાયાના (ત્રિવિધ) દોષોથી વિરક્ત થઈ ગર્હણા-હેલના-દુગંછા કરી નિવર્તના કરૂ છું. ૨

# પચ્ચખાણમાં દોષ લાગ્યો હોય તેની નોંધ (૧)

# પચ્ચખાણમાં દોષ લાગ્યો હોય તેની નોંધ (૨)

# પચ્ચખાણમાં દોષ લાગ્યો હોય તેની નોંધ (૩)

# શ્રી ગુણસ્થાન (ગુણઠાણા)

પ્રથમ ત્રેવીસ દ્વારના નામ આ પ્રમાણે છે : ૧ નામ, ૨ લક્ષણ, ૩ ગુણ, ૪ સ્થિતિ, ૫ ક્રિયા, ૬ સત્તા, ૭ બંધ, ૮ વેદય, ૯ ઉદય, ૧૦ ઉદિરણા, ૧૧ નિર્જરા, ૧૨ ભાવ, ૧૩ કારણ, ૧૪ પરિષહ, ૧૫ માર્ગણા, ૧૬ આત્મા, ૧૭ જીવના ભેદ, ૧૮ જોગ, ૧૯ ઉપયોગ, ૨૦ લેશ્યા, ૨૧ ચારિત્ર, ૨૨ સમક્તિ, ૨૩ અલ્પબહુત્ત્વદ્વાર. તેમાંથી અહીં સાત દ્વાર નીચે પ્રમાણે આપ્યા છે.

નોંધ : ક્રમાંક ૨ લક્ષણના વિવેચનમાં સરદહે શબ્દ આવે છે. સરદહે એટલે શ્રદ્ધે, શ્રદ્ધા અર્થાત્-આસ્થા રાખે.

## પહેલું નામ દ્વાર

૧ મિથ્યાત્વ ગુણઠાણું, ૨ સાસ્વાદાન ગુણઠાણું, ૩ સમામિથ્યાત્વ ગુ., ૪ અવિરતિ સમકિત ગુ., ૫ દેશ વિરતિ ગુ., ૬ સર્વ વિરતિ ગુ., ૭ અપ્રમત સંયતિ ગુ., ૮ નિયટ્ટી બાદર ગુ., ૯ અનિયટ્ટી બાદર ગુ., ૧૦ સૂક્ષ્મ સંપરાય ગુ., ૧૧ ઉપશાંત મોહ ગુ., ૧૨ ક્ષીણ મોહ ગુ., ૧૩ સજોગી કેવલી ગુ., ૧૪ અજોગી કેવલી ગુણઠાણું.

# બીજું લક્ષણ અને ત્રીજો ગુણ

(એ બે દ્વાર સાથે કહે છે.)

**પહેલો મિથ્યાત્વ ગુણઠાણાના લક્ષણ :** જે પચીસ પ્રકારનું મિથ્યાત્વ સેવે, સેવરાવે અને સેવતા પ્રત્યે અનુમોદે, તે વિષે શ્રી ગૌતમ સ્વામીએ હાથ જોડી, માન મોડી, વંદના નમસ્કાર કરી શ્રી ભગવંત દેવને પૂછ્યું : સ્વામીનાથ! તેને શું ગુણ થાય ? ત્યારે શ્રી ભગવંત દેવે કહ્યું : ૪ ગતિ, ૨૪ દંડક, ૮૪ લાખ જીવયોનિમાં વારંવાર પરિભ્રમણ કરે, પણ સંસારરૂપ સમુદ્રમાંથી પાર પામે નહીં.

**બીજા સાસ્વાદાન ગુણઠાણાના લક્ષણ :** જેમ કોઈ પુરુષે ખીરખાંડનું ભોજન જમ્યા પછી તેજ વખતે તેણે વમન કર્યું, ત્યારે તેને બીજા માણસે પૂછ્યું : તમને શું સ્વાદ રહ્યો ? તેણે કહ્યું: મને અલ્પ (થોડો) સ્વાદ રહ્યો. તેમજ તે સમાન સમક્તિ અને વમ્યો તે સમાન મિથ્યાત્વ, અથવા તો આંબાને દ્રષ્ટાંતે-જીવરૂપ આંબો તેના પરિણામરૂપ ડાળથી, સમક્તિરૂપ ફળ મોહરૂપ વાયરે કરી તુટ્યું, મિથ્યાત્વરૂપ ધરતીએ આવી પડ્યું નથી, વચમાં છે, ત્યાં સુધી સાસ્વાદાન સમક્તિ કહીએ, અને ધરતીએ આવી પડ્યું, ત્યારે મિથ્યાત્વ. તે વિષે ગૌતમસ્વામીએ હાથ જોડી, માન મોડી, વંદના નમસ્કાર કરી શ્રી ભગવંત દેવને પૂછ્યું : સ્વામીનાથ! તેને શું ગુણ

થાય? ત્યારે શ્રી ભગવંત દેવે કહ્યું : અર્ધા પુદ્ગલ પરાવર્તમાં મોક્ષ જાય, તે વ્યવહારીઆ ઉપર લાખ ક્રોડનું દેવું હતું, તે પરદેશ જઈને આવ્યો, દેવું દેતા બાકી અડધા રૂપિયાનું દેવું રહ્યું, તેમ અર્ધ પુદ્ગલ સંસાર ભોગવતો રહ્યો.

**ત્રીજા સમામિથ્યાત્ત્વ ગુણઠાણાના લક્ષણ :** તે જિનમાર્ગને અન્ય માર્ગ સરખા કરી જાણે. ભલા ભૂંડાની ખબર નથી. જેમ કોઈ નગર બહાર સાધુ મહાપુરુષ પધાર્યા છે, તેને શ્રાવક વાંદવા જાય છે, તેવામાં મિશ્ર દ્રષ્ટિવાળો મિત્ર મળ્યો. તેણે પૂછ્યું: ક્યાં જાઓ છો? ત્યારે શ્રાવક કહે: સાધુ મહાપુરુષને વાંદવા જઉં છું. ત્યારે મિશ્ર દ્રષ્ટિવાળો કહે: એને વાંદે શું થાય? ત્યારે શ્રાવક કહે: મહા લાભ થાય. ત્યારે કહે: હું પણ વાંદવા આવું? ત્યારે કહે: ભલે ચાલો અને તેણે સાધુને વાંદવા ભણી એક પગ ઉપાડયો. તેવામાં બીજો મહામિથ્યાત્ત્વી મિત્ર મળ્યો. તેણે પૂછ્યું: તમે આ શ્રાવક સાથે ક્યાં જાઓ છો? ત્યારે કહ્યું: સાધુ મહાપુરુષને વાંદવા જઈએ છીએ. ત્યારે મહામિથ્યાત્વી કહે: એને વાંદે શું થાય? એ તો મેલા-ઘેલા છે, ઘોડા, હાથી માર માર કરતા આવે, તો મસીદમાં પેસી જઈએ, પણ એ મેલડા ઘેલડા સાધુ પાસે ન જઈએ. એટલે તે મિશ્ર ગુણસ્થાનકવાળો ચાલતો હતો તે અટક્યો. તે વિષે ગૌતમ સ્વામીએ વંદના નમસ્કાર કરીને શ્રી ભગવંતદેવને પૂછ્યું:

સ્વામીનાથ ! તેને શું ગુણ થયો ? એટલે ભગવંત દેવે કહ્યું:- કૃષ્ણપક્ષી હતો, તે શુક્લપક્ષી થયો, અડદના દાણા જેવો કાળો હતો, તે છડી દાળ સરખો ઉજળો થયો. અડધા પુદ્દગલમાં મોક્ષ જશે. વ્યવહારીઆ દષ્ટાંતે.

## ચોથા અવિરતિ સમક્તિ ગુણઠાણાનાં લક્ષણ

તે સાત પ્રકૃતિને ક્ષયોપશમાવે તે ૧ અનંતાનુ બધી ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, ૫ સમક્તિ મોહનીય, ૬ મિથ્યાત્વ મોહનીય, ૭ સમા મિથ્યાત્વ મોહનીય, એ સાત પ્રકૃતિને કાંઈક ઉપશમાવે અને કાંઈક ક્ષય કરે, તેને ક્ષયોપશમ સમક્તિ કહીએ. અને એ સાત પ્રકૃતિને સર્વથા ઉપશમાવે, ઢાકે, તેને ઉપશમ સમક્તિ કહીએ અને એ સાત પ્રકૃતિના દળને સર્વથા ક્ષય કરે તેને ક્ષાયક સમક્તિ કહીએ. ચોથે ગુણઠાણે આવ્યો થકો, જીવાદિક પદાર્થ ૧ દ્રવ્યથી, ૨ ક્ષેત્રથી, ૩ કાળથી, ૪ ભાવથી, નોકારશી આદિ છ માસી તપ જાણે સરદહે, (શ્રદ્ધે), પ્રરૂપે પણ ફરસી શકે નહીં. તે વિષે ગૌતમ સ્વામીએ વંદના નમસ્કાર કરીને શ્રી ભગવંતદેવને પૂછ્યું : સ્વામીનાથ ! તેને શું ગુણ થયો ? ત્યારે શ્રી ભગવંતદેવે કહ્યું : જો સમક્તિ વમન ન કરે તો જઘન્ય ત્રીજે ભવે મોક્ષ જાય. ઉત્કૃષ્ટો પંદર ભવે મોક્ષ જાય. આયુષ્યનો બંધ સમક્તિ આવ્યો પછી પડે, તો સાત બોલ વરજીને તે ૧ નરક, ૨ તિર્યંચ, ૩ ભવનપતિ, ૪

વાણવ્યંતર, ૫ જ્યોતિષી, ૬ સ્ત્રીવેદ અને ૭ નપુંસકવેદ એવં સાત બોલમાં આયુષ્યનો બંધ પડે નહિ. મનુષ્ય તિર્યંચના ભવમાં આયુષ્ય બાંધે, વૈમાનિકનું, દેવતા નારકીમાં આયુષ્યનો બંધ બાંધે તો, મનુષ્ય નો બાંધે.

### પાંચમાં દેશ વિરતિ ગુણઠાણાનાં લક્ષણ :

અગિયાર પ્રકૃતિને ક્ષયોપશમાવે તે સાત પૂર્વે કહી તે અને અપચ્ચખાણી, ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ એવં ૧૧ પ્રકૃતિને કાંઈક ઉપશમાવે, અને કાંઈક ક્ષય કરે તેને ક્ષયોપશમ સમક્તિ કહીએ, ઢાકે તો ઉપશમ અને ક્ષય કરે તો ક્ષાયક સમકિત કહીએ. પાંચમે ગુણઠાણે આવ્યો થકો, જીવાદિક પદાર્થ દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારશી આદિ દઈને છ માસી તપ જાણે, સરદહે, પ્રરૂપે, શક્તિ પ્રમાણે સ્પર્શે. તે વિષે ગૌતમ સ્વામીએ વંદના નમસ્કાર કરીને શ્રી ભગવંતદેવને પૂછ્યું : "સ્વામીનાથ! તેને શું ગુણ થયો ?" ત્યારે શ્રી ભગવંતદેવે કહ્યું: જો સમક્તિ વમન ન કરે તો જઘન્ય ત્રીજે ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટો પંદર ભવે મોક્ષ જાય અને આયુષ્યનો બંધ એક જ વૈમાનિક ગતિનું બાંધે.

## ★ છઠ્ઠા સર્વવિરતિ ગુણઠાણાનાં લક્ષણ

૧૫ પ્રકૃતિને ક્ષયોપશમાવે, તે ૧૧ પૂર્વે કહી તે અને પચ્ચખાણાવરણીય ૧ ક્રોધ, ૨ માન, ૩ માયા, ૪ લોભ, એવં ૧૫ પ્રકૃતિને કાંઈક ઉપશમાવે અને કાંઈક ક્ષય કરે તેને ક્ષયોપશમ સમકિત કહીએ, ઢાંકે તો ઉપશમ, અને ક્ષય કરે તો ક્ષાયક સમકિત કહીએ, ત્યારે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારશી આદિ દઈને છ માસી તપ જાણે, પ્રરૂપે, સ્પર્શે. તે વિષે ગૌતમ સ્વામીએ વંદના નમસ્કાર કરીને શ્રી ભગવંતદેવને પૂછ્યું: 'સ્વામીનાથ! તેને શું ગુણ થયો?'' ત્યારે શ્રી ભગવંત દેવે કહ્યું: '' + જઘન્ય તે જ ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટો પંદરે ભવે મોક્ષ જાય. અહીં અવ્રત ટળ્યો અને સર્વવિરતિ થયો.''

---

★ છઠ્ઠો પમત સંયતિ ગુણઠાણ પણ કહેવાય છે.

+ જઘન્ય ત્રીજે ભવે મોક્ષ જાય, ઘણા સંપ્રદાયવાલા માને છે.

## સાતમા અપ્રમત સંજતિ ગુણઠાણાનાં લક્ષણ : ૧૬

પ્રકૃતિને ક્ષયોપશમાવે, તે ૧૫ પૂર્વે કહી તે અને ૧. + સંજવલનો ક્રોધ એવં ૧૬ પ્રકૃતિને ક્ષયોપશમાવે ત્યારે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારશી આદિ છ માસી તપ, જાણે X સરદહે, પ્રરૂપે ને સ્પર્શે. તે વિષે ગૌતમ સ્વામીએ વંદના નમસ્કાર કરીને શ્રી ભગવંતદેવને પૂછ્યું : સ્વામીનાથ! તેને શું ગુણ થયો? ત્યારે શ્રી ભગવંતદેવે કહ્યું : જઘન્ય તે જ ભવે મોક્ષ જાય. ઉત્કૃષ્ટો ત્રીજે ભવે મોક્ષ જાય. અહીં પ્રમાદ ટળ્યો. અપ્રમાદી થયો.

## આઠમા નિયટ્ટી બાદર ગુણઠાણાનાં લક્ષણ :

૧૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે, તે ૧૬ પૂર્વે કહી તે અને ૧ સંજવલનું નામ એવં ૧૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે ત્યારે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારશી આદિ છ માસી તપ જાણે, સરદહે પ્રરૂપેને સ્પર્શે. તે વિષે ગૌતમ સ્વામીએ વંદના નમસ્કાર કરીને શ્રી ભગવંતદેવને પૂછ્યું : સ્વામીનાથ! તેને શું ગુણ થયો ? ત્યારે શ્રી ભગવંતદેવે કહ્યું : જઘન્ય તે જ ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટો ત્રીજે ભવે મોક્ષ જાય. અહીં પરિણામ ધારા, અપૂર્વ કરણ અને શુકલ ધ્યાન આવ્યું. અહીંથી શ્રેણી બે કરે. ૧ ઉપશમ શ્રેણી ને ૨ ક્ષપક

---

+ સંજવલ અથવા સંજવલન પણ કહેવાય છે. X સરદહે : શ્રદ્ધે

શ્રેણી. ઉપશમ શ્રેણીવાળો જીવ મોહનીય કર્મની પ્રકૃતિના દળને ઉપશમાવતો અગિયારમા ગુણઠાણા સુધી જાય, પડવાઈ પણ થાય અને ક્ષપકશ્રેણીવાળો જીવ તે મોહનીય કર્મની પ્રકૃતિના દળને ખપાવતો શુદ્ધ મૂળમાંથી નિર્જરા કરતો, નવમે દશમે ગુણઠાણે જાય, અપડવાઈ જ હોય, વર્ધમાન પરિણામ - પરિમણે.

## નવમા અનિયટ્ટી બાદર ગુણઠાણાનાં લક્ષણ :

૨૧ પ્રકૃતિને ક્ષયોપશમાવે, તે ૧૭ પૂર્વે કહી તે અને ૧ સંજવલની માયા, ૨ સ્ત્રીવેદ, ૩ પુરૂષવેદ, ૪ નપુસંકવેદ, એવં ૨૧ પ્રકૃતિને ક્ષયોપશમાવે, ત્યારે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારશી આદિ છ માસી તપ જાણે, સરદહે, પ્રરૂપે ને સ્પર્શે તે વિષે ગૌતમ સ્વામીએ વંદના નમસ્કાર કરીને શ્રી ભગવંતને પૂછ્યું : સ્વામીનાથ! તેને શું ગુણ થયો? ત્યારે શ્રી ભગવંતદેવે કહ્યું : જઘન્ય તે જ ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટો ત્રીજે ભવે મોક્ષ જાય. અહીં વેદ વિકાર ટળ્યો, અવેદી થયો.

## દશમા સૂક્ષ્મ સ પરાય ગુણઠાણાનાં લક્ષણ :

૨૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે, તે ૨૧ પૂર્વે કહી તે અને ૧ હાસ્ય, ૨ રતી, ૩ અરતિ, ૪ ભય, ૫ શોક, ૬ દુર્ગચ્છા એવં ૨૭ પ્રકૃતિને ક્ષયોપશમાવે ત્યારે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારશી

આદિ છમાસી તપ જાણે, સરદહે પ્રરૂપે ને સ્પર્શે તે વિષે ગૌતમસ્વામીએ વંદના નમસ્કાર કરીને શ્રી ભગવંતદેવને પૂછ્યું : સ્વામીનાથ! તેને શું ગુણ થયો? ત્યારે ભગવંતદેવે કહ્યું : જઘન્ય તે જ ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટો ત્રીજે ભવે મોક્ષ જાય, ઉત્કૃષ્ટો ત્રીજે ભવે મોક્ષ જાય. અહીં સૂક્ષ્મ માત્ર સંજવલનો લોભ રહ્યો છે, તેથી સૂક્ષ્મ સંપરાય એવું નામ દીધું છે.

## અગિયારમા ઉપશાંત મોહ ગુણઠાણાના લક્ષણ :

૨૮ પ્રકૃતિને ઉપશમાવે, તે ૨૭ પૂર્વે કહી તે અને સંજવલનો લોભ, એવં ૨૮ મોહનીય કર્મ પ્રકૃતિને ઉપશમાવે સર્વથા ઢાંકે ત્યારે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારશી આદિ છ માસી તપ જાણે, સરદહે, પ્રરૂપે ને સ્પર્શે તે વિષે ગૌતમસ્વામીએ વંદના નમસ્કાર કરીને શ્રી ભગવંત દેવને પૂછ્યું : સ્વામીનાથ! તેને શું ગુણ થયો? ત્યારે શ્રી ભગવંતદેવે કહ્યુ: પડવાઈ ગુણઠાણો પડે છે તો દશમે ગુણઠાણે આવે. અને જો કાળ કરે તો અનુત્તર વિમાનમાં ઉપજે. **બારમા ક્ષીણમોહ ગુણઠાણાનાં લક્ષણ :** ૨૮ પ્રકૃતિને સર્વથા ખપાવે, અહીંયા ક્ષપક શ્રેણી, ક્ષાયક ભાવ, ક્ષાયક સમકિત અને યથાખ્યાત ચારિત્ર હોય ત્યારે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, નોકારશી આદિ છ માસી તપ જાણે, સરદહે, પ્રરૂપે ને સ્પર્શે તે વિષે ગૌતમસ્વામીએ વંદના નમસ્કાર કરીને શ્રી ભગવંત દેવને પૂછ્યું :

સ્વામીનાથ! તેને શું ગુણ થયો ? ત્યારે શ્રી ભગવંતદેવે કહ્યું: બારમે ગુણઠાણે અપડવી થયો પડવાનો ભય ટાળ્યો. બારમેથી અવશ્યમેવ તેરમે જાય બોલ દશ લઈ જાય, તે ૧ સશરીરી, ૨ સજોગી, ૩ સલેશી, ૪ શુકલ લેશી, ૫ ક્ષાયક સમક્તિ, ૬ યથાખ્યાત ચારિત્ર, ૭ પંડિત વીર્ય ૮ શુક્લ ધ્યાન, ૯ કેવળ જ્ઞાન, ૧૦ કેવળ દર્શન. તેરમેથી ચૌદમે અજોગી કેવળી, ગુણઠાણે જાય, ત્યાં બોલ સાત લઈ જાય, તે ૧ સશરીરી, ૨ ક્ષાયક સમક્તિ, ૩ યથાખ્યાત ચારિત્ર, ૪ પંડિત વીર્ય, ૫ શુકલ ધ્યાન, ૬ કેવળ જ્ઞાન, ૭ કેવળ દર્શન. ચૌદમા ગુણઠાણાથી અવશ્ય મોક્ષ જાય, ત્યાં ત્રણ બોલ લઈ જાય, તે ૧ ક્ષાયક સમક્તિ, ૨ કેવળ જ્ઞાન, ૩ કેવળ દર્શન.

ત્રણ દ્વાર સમાપ્ત

# ચોથું સ્થિતિ દ્વાર

**પહેલા ગુણઠાણાની સ્થિતિના ત્રણ ભેદ :** ૧ અણાદિયા ને અપજ્જવસિયા, તે અભવ્ય જીવ ★ આશ્રી આદિ અંત નથી. ૨ અણાદિયા ને સપજ્જવસિયા, તે ભવ્યજીવ આશ્રી આદિ નથી, પણ અંત છે. ૩ સાદિયા ને સપજ્જવસિયા, તે સમક્તિ પડવાઈ જીવ આશ્રી આદિ છે અને અંત પણ છે તેની સ્થિતિ + જઘન્ય અંતમુહૂર્તની. + ઉત્કૃષ્ટી અર્ધ પુદ્ગલ પરાવર્તન દેશે ઉણી. **બીજા ગુણઠાણાની સ્થિતિ :** જઘન્ય ૧ સમયની ઉત્કૃષ્ટી ૬ આવલીકા, ૭ સમયની - **ત્રીજા ગુણઠાણાની સ્થિતિ :** જઘન્ય અંતમુહૂર્તની. **ચોથા ગુણઠાણાની સ્થિતિ :** જઘન્ય અંતમુહૂર્તની. ઉ. ૬૬ સાગરોપમ ઝાઝેરાની. **પાંચમા ગુણઠાણાની સ્થિતિ :** જઘન્ય અંતમુહૂર્ત ઉ. દેશે ઉણી ક્રોડ પૂર્વની **છઠ્ઠા ગુણઠાણાની સ્થિતિ :** જઘન્ય ૧ સમયની, ઉ. દેશે ઉણી ક્રોડ પૂર્વની - **સાતમાથી અગિયારમા ગુણઠાણા સુધીની સ્થિતિ :** જઘન્ય ૧ સમયની ઉ. અંતર્મુહુર્તની બારમા ગુણઠાણાની સ્થિતિ : જઘન્ય અંતમુહૂર્તની ઉ. દેશે ઉણી ક્રોડ પૂર્વની. **ચૌદમા ગુણઠાણાની સ્થિતિ :** પાંચ લઘુ અક્ષરની અ, ઈ, ઉ, ઋ, લ બોલવા પ્રમાણે જાણવી.

---

★ આશ્રી = સંબંધમાં

+ જઘન્ય = ઓછામાં ઓછી + ઉત્કૃષ્ટી = વધુમાં વધુ

★ ચોથું સ્થિતિ દ્વાર સમાપ્ત ★

## વીસમું લેશ્યા દ્વાર

પહેલાથી છઠ્ઠા ગુણઠાણા સુધી ૬ લેશ્યા લાભે, સાતમે ગુણ. ઉપલી ત્રણ લેશ્યા : ૧ તેજુ ૨ પદ્મ, ૩ શુકલ લેશ્યા. આઠમાંથી બારમાં ગુણ સુધી ૧ શુકલ લેશ્યા લાભે. તેરમે ગુણ. ૧ પરમ શુકલ લેશ્યા. ચૌદમે ગુણ. લેશ્યા નથી.

## એકવીસમું ચારિત્ર દ્વાર

પહેલાથી ચોથા ગુણઠાણા સુધી કોઈ ચારિત્ર નથી. પાંચમે ગુણઠાણે દેશથી સામાયિક ચારિત્ર છે. છઠ્ઠે સાતમે ગુણઠાણે ૩ ચારિત્ર લાભે ૧ સામાયિક ચારિત્ર, ૨ છેદોપસ્થાનીય ચારિત્ર, ૩ પરિહાર વિશુદ્ધ ચારિત્ર આઠમે નવમે ગુણઠાણે ૨ ચારિત્ર લાભે ૧ સામાયિક ચારિત્ર, ૨ છેદોપસ્થાપનીય ચારિત્ર દશમે ગુણઠાણે ૧ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર. અગિયારમાંથી ચૌદમા ગુણઠાણા સુધી ૧ યથાખ્યાત ચારિત્ર લાભે.

## બાવીસમું સમકિત દ્વાર

પહેલે ને ત્રીજે ગુણઠાણે સમકિત નથી, મિથ્યાત્વ છે. બીજે ગુણઠાણે ૧ સાસ્વાદાન સમકિત છે. ચોથાથી સાતમા ગુણ સુધી ૪ સમકિત લાભે. ૧ ઉપશમ, ૨ ક્ષયોપશમ, ૩ વેદક ને ૪ ★ ક્ષાયક. આઠમાંથી અગિયારમા ૨ ગુણઠાણા સુધી ૩ સમકિત લાભે + ૧ ઉપશમ, ક્ષયોપશમ, ૩ ક્ષાયક બારમે, તેરમે, ચૌદમે ગુણઠાણે તથા સિદ્ધમાં ૧ ક્ષાયક લાભે.

**નોંધ :** ગુણસ્થાનના ૨૩ દ્વારમાંથી ફક્ત ૭ દ્વાર અહીં આપેલા છે.

~ ~ ~

★ ત્રણે કાળને વિષે પરમાર્થનો પંથ એટલે મોક્ષનો માર્ગ એક હોવો જોઈએ. જેથી તે પરમાર્થ સિદ્ધ થાય, તે વ્યવહાર જીવે માન્ય રાખવો જોઈએ, બીજો નહીં.

★ આત્માની શંકા આત્મા આપ પોતે કરે છે. જે શંકાનો કરનાર છે, તે જ આત્મા છે. તે જણાતો નથી. એ માપ ન થઈ શકે એવું આશ્ચર્ય છે.

— શ્રીમદ્ રાજચંદ્ર

---

★ જુની બોલામણી ક્ષાયક, નવી બોલમણી ક્ષાયિક છે.

+ ઘણા સંપ્રદાયની માન્યતા પ્રમાણે બે સમકિત લાભે.
૧ ઉપશમ ૨ ક્ષાયક

## ★ સમક્તિ સડસઠીઓ ★

[૧] સમક્તિની ચાર સદ્દહણા : ૧, જીવાદિક નવ પદાર્થ જાણવાને કાજે અભ્યાસ કરવો. ૨, તત્ત્વના જાણ આચાર્યાદિકની પર્યુપાસના કરવી. ૩, છતા પદાર્થ ગોપવી પોતાનો મત ચલાવે એવા નિન્હવાદિકનો પરિચય ટાળવો. ૪, કુદર્શનીનો સંઘ વર્જવો. [૨] સમક્તિના ત્રણ લિંગ ૧, જેમ કિન્નર જાતિના દેવતા રાગના જાણ ગીત ઉપર એક ચિત્ત આપે, તેમ ગુરુનો ઉપદેશ એક ચિત્તે સાંભળવો. ૨, ભૂખ્યો જેમ અન્નની અભિલાષા કરે તેમ ધર્મની અભિલાષા કરવી. ૩, જેમ વ્યાવહારિક જ્ઞાન શિખવાની તીવ્ર અભિલાષા હોય તેમ વીતરાગના કહેલા સૂત્રોનું જ્ઞાન સાંભળવાની તથા શિખવાની તીવ્ર અભિલાષા કરવી. [૩] સમકિતના દશ વિનય. ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ આચાર્યજી, ૪ ઉપાધ્યાયજી, ૫ ગુરૂજી, ૬ ચતુર્વિધ સંઘ, ૭ સમદષ્ટિ, ૮ સૂત્ર સિદ્ધાંત, ૯ ધર્મ-એમની ભક્તિ સ્તુતી કરવી. ૧૦ કોઈના અવર્ણવાદ બોલવા નહીં. [૪] સમક્તિની ત્રણ શુદ્ધતા : ૧ અરિહંતને દેવ કરી જાણવા, ૨ સુસાધુને ગુરૂ કરી જાણવા, ૩ કેવળી પ્રરૂપીત ક્ષમા, દયાને ધર્મ કરી જાણવો. [૫] સમક્તિના પાંચ લક્ષણ : ૧ શમ કહેતાં અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચારને ક્ષયોપશમાવે. સમાને સમું ને વસમાને

વસમું જાણે. શુદ્ધ દેવ ગુરૂ ધર્મને આદરે, અશુદ્ધને પરિહરે આપદા આવે કોઈનો વાંક દેખે નહિં. ક્ષમા ઘણી ઘણી રાખે. ૨ સંવેગ કહેતા વૈરાગ્ય વાસના ઘણી રાખે સંસારથી સદા ઉદાસી રહે. ૩ નિર્વેગ કહેતાં વિષય કષાયની અભિલાષા ન કરે. મોક્ષની અભિલાષા કરે. ૪ અનુકંપા કહેતાં દુ:ખી પ્રાણી દેખી કંપે. સર્વ જીવ ઉપર અનુકંપા રાખે. ૫ આસ્તા કહેતાં જિન વચન પદાર્થ આસ્તિ ભાવે છે તે આસ્તિ ભાવે માને, અને નાસ્તિ ભાવે છે તે આસ્તિ ભાવે માને, અને નાસ્તિ ભાવે છે તે નાસ્તિ ભાવે માને, [૬] સમક્તિના પાંચ ભૂષણ : ૧ જૈન શાસનને વિશે ચતુરાઈ કરે, ૨ નિર્વદ્ય કરણી કરી જિન શાસન દીપાવે ૩ ડગતાને સ્થિર કરે, નવાને ધર્મ પમાડે, ૪ સુસાધુની સેવા કરે, ૫ સાધર્મીની ભક્તિ કરે [૭] સમક્તિના પાંચ દોષ : ૧ જિન વચન સિદ્ધાંતમાં શંકા કરે ૨ મિથ્યાત્વી મતની ઈચ્છા કરે. ૩ ધર્મકરણીના ફળનો સંદેહ આણે. ૪ પાખંડી મતની પ્રસંશા કરે. ૫ પાખંડીનો પરિચય કરે. એ દોષ જરૂર ટાળવા જોઈએ. [૮] સમક્તિની આઠ પ્રભાવના : ૧ જે કાળમાં જેટલાં સૂત્રો હોય એને ગુરૂગમથી જાણી, જિન શાસનને વિષે ચતુરાઈ કરી, ૨ ધર્મકથા કરી, વ્રત નિયમ લેવા માટેનું પ્રચાર કાર્ય કરી, ૩ બાદર દષ્ટાંત દઈ, ૪ સુસાધુના ગુણ કહી, ૫ કઠિન તપશ્ચર્યા કરી, ૬ તપશ્ચર્યાથી

લબ્ધિ ઉપજે તેણે કરી, ૭ તીર્થંકરાદિકની રિધ્ધિ કહી, ૮ બ્રહ્મચર્ય આદિ કોઈ મોટા વ્રત લઈ એ આઠ બોલે પ્રભાવના કરી જિન શાસન દીપાવે. [૯] સમક્તિની છ જયણા : ૧ અન્ય તીર્થી દેવ, અન્ય તીર્થી ગુરૂ ને જિન પડવાઈ એ ત્રણ ને ગુરુ બુધ્ધિએ વાંદે નહીં ૨ એ ત્રણના ગુણગ્રામ કરે નહીં. ૩ એ ત્રણ સાથે અલાપસલાપ કરે નહીં. ૪ એ ત્રણ સાથે વગર બોલાવ્યો બોલે નહીં. ૫ એ ત્રણ ને ગુરુ બુધ્ધિએ વાંદે નહિ ૬ અશણાદિક આપે નહિ. એ ત્રણને ગુરુ બુધ્ધિએ વાંદે નહિ ૬ અશણાદિક આપે નહિ. એ ત્રણને ગુરુ બુધ્ધિએ વાંદે નહિ ૬ અશણાદિક આપે નહિ. એ ત્રણને ગુરુ બુધ્ધિએ વસ્ત્ર પાત્ર આપે નહિ, (સાંસારિક વ્યવહાર તરીકે કોઈપણ ભિક્ષુને આપી શકાય. આપવાનું નિષેધ નથી.) [૧૦] સમક્તિના છ આગાર : ૧ રાજાના કહ્યાથી, ૨ ન્યાતના કહ્યાથી, ૩ મા-બાપ, ગુરુના કહ્યાથી, ૪ બળાત્કારે, ૫ દેવતાને કારણે, ૬ અટવીને કારણે, [દુકાળમાં આજીવિકા ન ચાલે તો] એ છ પ્રકારના આગારોથી સમક્તિમાં કોઈ અનુચિત કાર્ય કરવું જ પડે તો સમક્તિ ભંગ થતો નથી. વિવેકથી દર્શન શુધ્ધ રાખવું. જે પદાર્થ જે સ્વરૂપે હોય તે દૃષ્ટિએ જોવું. [૧૧] સમક્તિના છ સ્થાન : ૧ ધર્મરૂપી નગરનું બારાણું તે સમક્તિ ૨ ધર્મરૂપી વૃક્ષનું થડ [આધાર] તે સમક્તિ ૩ ધર્મરૂપી

મહેલનો નીંવ (પાયો) તે સમક્તિ. ૪ ધર્મરૂપી માલની દુકાન તે સમક્તિ. ૫ ધર્મરૂપી ભોજનનો થાળ તે સમક્તિ ૬ ધર્મરૂપી દેશવ્રત. મહાવ્રતરૂપી રત્નની તિજોરી તે સમક્તિ. [૧૨] સમક્તિની છ ભાવના :- [૧]આત્મા છે. (જીવાદિક નવ પદાર્થ ચિંતવે) [૨]આત્મા નિત્ય છે. (આત્મા ઉત્પતિ વિનાશ રહિત છે) [૩]આત્મા કર્તા છે. (શુભાશુભનો કરનાર તે પોતાનો જીવ છે) [૪]આત્મા-ભોક્તા છે. (કીધા કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી) [૫]મોક્ષ છે. (સર્વ કર્મ) / પાપથી મુક્ત થવું (છૂટવું) તે.) [૬]મોક્ષનો ઉપાય છે. (સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ) સમ્યક્ દર્શનના નિવાસ માટે છ પદની ભાવના સર્વોત્કૃષ્ટ છે.

**★ શ્રી સમક્તિ સડસઠીઓ સંપૂર્ણ ★**

★ સ્વછંદને તથા પોતાના મતના આગ્રહને તજીને જે સદ્ગુરૂના લક્ષે ચાલે, તેને પ્રત્યક્ષ ગણીને વીતરાગે 'સમક્તિ' કારણ કહ્યું છે.

**શ્રીમદ્ રાજચંદ્ર**

---

**ચારિત્ર વિનાનું જ્ઞાન, સમ્યગ્દર્શન વિનાનું મુનિપણું અને સંયમ વિનાનું તપશ્ચરણ નિરર્થક છે.**

# નવ તત્વ (ટુંકમાં)

(તત્વ એટલે મૂળભૂત અંગ જેનો ગુણધર્મ. એકાંત અમૃત હોય, એકાંત ઝેર હોય અથવા અમૃત-ઝેર બંને મિશ્રિત હોય. તેનું ફળ, અને બદલો કેટલો ઉપકારક અથવા ઝેરી છે, તેનું વિશ્લેષણ કરીને તે પ્રમાણે વર્તન - જીવનનું ક્રમ ગોઠવવું જરૂરી છે. હળાહળ ઝેર હોય તેનું નિશ્ચયથી ત્યાગ એજ એનું ઉપાય. અમૃતનું નિશ્ચિત આચરણ અને મિશ્રનું તે રીતે.)

વિવેકી સમદષ્ટિ જીવને નવ પદાર્થ જેવા છે તેવા તથા રૂપ બુદ્ધિ પ્રમાણે ગુરૂ આમન્યાથી ધારવાની જરૂર છે. તે પ્રથમ નવ તત્ત્વના નામ તથા લક્ષણ :

૧. **જીવતત્ત્વ :** કોને કહીએ ? - ચેતન લક્ષણ સહીત, સદા ઉપયોગી, અસંખ્યાત પ્રદેશી, સુખદુ:ખનો જાણ, સુખદુ:ખનો વેદક, સુખદુ:ખનો કર્તા, સુખદુ:ખનો ભોક્તા, અજર, અમર, અરૂપી, સદા શાશ્વતો છે, તેને જીવ તત્ત્વ કહીએ.

૨. **અજીવતત્ત્વ :** કોને કહીએ ? - જડ, મૂઢ, ચેતન લક્ષણ રહિત, વર્ણાદિક રૂપ સહિત અને રહિત સુખદુ:ખને વેદે નહિં તેને અજીવ તત્ત્વ કહીએ.

૩. **પુણ્ય તત્ત્વ :** કોને કહીએ ? - જે શુભ કમાણીએ કરી, શુભ કમાણી ઉદયે કરી, જેનાં ફળ ભોગવતાં આત્માને મીઠાં લાગે,

તેને પુણ્ય તત્ત્વ કહીએ.

**૪. પાપ તત્ત્વ :** કોને કહીએ ? - અશુભ કમાણીએ કરી, અશુભ કર્મના ઉદયે કરી જેનાં ફળ ભોગવતાં આત્માને કડવાં લાગે, તેને પાપ તત્ત્વ કહીએ.

**૫. આસ્રવ તત્ત્વ :** કોને કહીએ ? - જે અવ્રત ને અપચ્ચક્ખાણે કરી, તથા વિષયકષાયને સેવવે કરી, આત્મારૂપી તળાવને વિષે ઈન્દ્રિયાદિક ગરનાળે - છિદ્રે કરી, કર્મરૂપી જળનો પ્રવાહ આવે તેને આસ્રવ તત્ત્વ કહીએ.

**૬. સંવર તત્ત્વ :** કોને કહીએ ? - આત્મારૂપી તળાવને વિષે ઈન્દ્રિયાદિક ગરનાળે - છિદ્રે કરી, કર્મરૂપી જળનો પ્રવાહ આવે તેને વ્રત પચ્ચક્ખાણે કરી રોકીએ, તેને સંવર તત્ત્વ કહીએ.

**૭. નિર્જરા તત્ત્વ :** કોને કહીએ ? - જે આત્માના પ્રદેશ સાથે વળગેલા કર્મને, બાર ભેદે તપસ્યાએ કરી દેશ થકી નિર્જરે (આંશિક), તેને નિર્જરે તત્ત્વ કહીએ.

**૮. બંધ તત્ત્વ :** કોને કહીએ ? - આત્માના પ્રદેશ સાથે કર્મ પુદ્ગલના દળ ખીર - નીરની પેરે, લોહપિંડ અગ્નિની પેરે, લોલીભૂત થઈ બંધાય તેને બંધ તત્ત્વ કહીએ.

**૯. મોક્ષ તત્ત્વ :** કોને કહીએ ? - જે આત્માના સકળ

પ્રદેશથી, સકળ કર્મનું છૂટવું, સકળ બંધનથી મુકાવું, સકળ કાર્યની સિદ્ધિ થાય તેને મોક્ષ તત્ત્વ કહીએ.

## નવ તત્ત્વના ભેદ :

**જીવ તત્ત્વ** : જીવના મૂળ ભેદ ચૌદ : ૧ સૂક્ષ્મ એકેન્દ્રિય, ૨ બાદર એકેંદ્રિય, ૩ બેઈંદ્રિય, ૪ તેઈંદ્રિય, ૫ ચૌરેંદ્રિય, ૬ અસંજ્ઞી પંચેન્દ્રિય, ૭ સંજ્ઞી પંચેન્દ્રિય, એ સાતના અપ્રજાપ્તા ને પ્રજાપ્તા મળી ચૌદ ભેદ. વિસ્તારથી ૫૬૩ ભેદ છે. ૧૪ ભેદ નરકના, ૪૮ ભેદ તિર્યંચના, ૩૦૩ ભેદ મનુષ્યના અને ૧૯૮ ભેદ દેવતાના મળી કુલે ૫૬૩ ભેદ જીવના છે.

**અજીવ તત્ત્વ** : અજીવના મુખ્ય ભેદ ચૌદ : ૧ ધર્માસ્તિ કાયનો સ્કંધ, ૨ દેશ, ૩ પ્રદેશ, ૪ અધર્માસ્તિકાયનો સ્કંધ, ૫ દેશ, ૬ પ્રદેશ, ૭ આકાશાસ્તિકાયનો સ્કંધ, ૮ દેશ, ૯ પ્રદેશ, ૧૦ અદ્ધા સમય કાળ. એ દસ ભેદ અરૂપી અજીવના કહ્યા. રૂપી અજીવના ચાર ભેદ : ૧૧ પુદ્‌ગલાસ્તિકાયનો સ્કંધ, ૧૨ સ્કંધનો દેશ, ૧૩ સ્કંધનો પ્રદેશ, ૧૪ પરમાણુ પુદ્‌ગલ. વિસ્તારે ૫૬૦ ભેદ અજીવના છે.

**પુણ્ય તત્ત્વ** : તે નવ પ્રકારે કરી જીવ પુણ્ય ઉપાર્જે. ૧ અન્ન, ૨ પાણી, ૩ લયણ, ૪ સયણ, ૫ વત્થ, ૬ મન, ૭ વચન, ૮ કાય, ૯ નમસ્કાર પુણ્ય, તેના શુભ ફળ ૪૨ પ્રકારે કરી જીવ ભોગવે.

**પાપ તત્ત્વ** : ૧ હિંસાથી, ૨ ખોટું બોલવાથી, ૩ ચોરી કરવાથી, ૪ મૈથુન સેવવાથી, ૫ પરિગ્રહથી, ૬ ક્રોધથી, ૭ માનથી, ૮ માયાથી, ૯ લોભથી, ૧૦ રાગથી, ૧૧ દ્વેષથી, ૧૨ કલેશથી, ૧૩ ખોટા આળ ચડાવવાથી, ૧૪ ચાડીચુગલીથી, ૧૫ પારકી નિંદાથી, ૧૬ રતિ અરતિ (ગમતો અણગમતો), ૧૭ માયા કપટ, ૧૮ મિથ્યાત્વ (વિપરીત સમજ) એ ૧૮ પ્રકારે કરીને જીવને પાપ લાગે અને તેના અશુભ ફળ ૮૨ પ્રકારે જીવ ભોગવે.

**આસ્રવ તત્ત્વ** : તેના મુખ્ય ભેદ ૨૦ : ૧ મિથ્યાત્વ, ૨ અવ્રત, ૩ પ્રમાદ, ૪ કષાય, ૫ અશુભ જોગ, ૬ પ્રાણાતિપાત, ૭ મૃષાવાદ, ૮ અદત્તાદાન, ૯ મૈથુન, ૧૦ પરિગ્રહ, ૧૧ શ્રોતેંદ્રિય અસંવરે, ૧૨ ચક્ષુઈંદ્રિય અસંવરે, ૧૩ ઘ્રાણેંદ્રિય અસંવરે, ૧૪ રસઈંદ્રિય અસંવરે, ૧૫ સ્પર્શઈંદ્રિય અસંવરે, ૧૬ મન અસંવરે, ૧૭ વચન અસંવરે, ૧૮ કાય અસંવરે, ૧૯ ભંડ ઉપકરણ - અયત્નાએ લે મૂકે, ૨૦ સૂચિ કુસગ્ગ સેવે. તેના વિસ્તારે ૪૨ ભેદ છે.

**સંવર તત્ત્વ** : તેના ભેદ ૨૦ : તે ઉપર કહ્યા તે જ ૨૦ બોલ સવળા જાણવા સમકિતના જીવ ૨૦મું સુચી કુશગ્ગ ન સેવે, તેના વિસ્તારે ૫૭ ભેદ છે.

**નિર્જરા તત્ત્વ** : તપના ૧૨ ભેદ : ૧ અણસણ, ૨ ઉણોદરી, ૩ વ્રતિ સંક્ષેપ (ભિક્ષાચરી), ૪ રસ પરિત્યાગ, ૫ કાય કલેશ,

૬ પડિસંલીનતા એ છ બાહ્ય તપ, હવે છ અભ્યંતર તપ કહે છે. ૭ પ્રાયશ્ચિત, ૮ વિનય, ૯ વૈરાવચ્છ, ૧૦ સજ્ઝાય (સ્વાધ્યાય), ૧૧ ધ્યાન, ૧૨ વિઉસગ્ગ (કાઉસગ્ગ).

**બંધ તત્ત્વ** : તેના ચાર ભેદ: ૧ પ્રકૃતિ બંધ, ૨ સ્થિતિ બંધ, ૩ અનુભાગ બંધ, ૪ પ્રદેશ બંધ.

**મોક્ષ તત્ત્વ** : તેના ચાર ભેદ: ૧ જ્ઞાન, ૨ દર્શન, ૩ ચારિત્ર, ૪ તપ એ ચાર બોલની ઉત્કૃષ્ટી આરાધના કરવાથી જીવ મોક્ષ ગતિ પામે.

નવતત્ત્વમાં જાણવા જોગ ત્રણ: જીવ, અજીવ ને પુણ્ય, છાંડવા જોગ ત્રણ: પાપ, આશ્રવ ને બંધ. આદરવા જોગ ત્રણ: સંવર, નિર્જરા ને મોક્ષ.

વિશેષ થકી નવે તત્ત્વ થોકડાના પુસ્તકમાંથી વિસ્તારથી જાણી લેવા.

❃❃❃

# શ્રી સદ્‌ગુરૂ ભક્તિ રહસ્ય
## (દોહરા)
### હે પ્રભુ! હે પ્રભુ શું કહું

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ,
હું તો દોષ અનંતનો, ભાજન છું કરૂણાલ. ૧

શુધ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ,
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ ? ૨

નથી આજ્ઞા ગુરૂદેવની, અચળ કરી ઉરમાંહી,
આપ તણો વિશ્વાસ દઢ, ને પરમાદર નાંહી. ૩

જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ,
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪

હું પામર શું કરી શકું, એવો નથી વિવેક,
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫
અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬

અચળરૂપ આસક્તિ નહીં, નહીં વિરહનો તાપ,
કથા અલભ્ય તુજ પ્રેમની, નહીં તેનો પરિતાપ. ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહીં, નહીં ભજન દૃઢ ભાવ,
સમજ નહીં નિજધર્મની, નહીં શુભ દેશે સ્થાન. ૮

કાળ દોષ કળીથી થયો, નહિ મર્યાદા ધર્મ,
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯

સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ,
દેહેન્દ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન મન માંહી,
નહીં ઉદાસ અન્નભક્તથી, તેમ ગૃહાદિક માંહી. ૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહી,
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય,
નહીં એક સદ્‌ગુણ પણ મુખ બતાવું શુંય ? ૧૩

કેવળ કરૂણામૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ,
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪

અનંતકાળથી આથડયો, વિના ભાન ભગવાન,
સેવ્યા નહીં ગુરૂસંતને, મૂક્યું નહીં અભિમાન. ૧૫

સંતચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક,
પાર ન તેથી પામિયો, ઉગ્યો ન અંશ વિવેક. ૧૬

સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય,
સત્ સાધના સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય. ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરૂ પાય,
દીઠા નહીં નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય? ૧૮

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય,
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯

પડી પડી તુજ પંકજે, ફરી ફરી માંગુ એ જ,
સદ્‌ગુરૂ સંત સ્વરૂપ તુજ, એ દઢતા કરી દેજ. ૨૦

---

- સમ્યકત્વ વિનાની વ્યક્તિ હજારો કરોડો વર્ષ સુધી રૂડી રીતે ઉગ્ર તપ કરે તો પણ બોધિ પ્રાપ્ત કરતી નથી.
- પોતાના દોષ જે જુએ અને પાયશ્ચિત કરે એનું ભવિષ્ય સુધરે છે.

## ★ મા બાપને ભૂલશો નહિ ★

ભૂલો ભલે બીજું બધું, માબાપને ભૂલશો નહિ,
અગણિત છે ઉપકાર એમનાં, એને વીસરશો નહિ. ૧

અસહ્ય વેઠી વેદના, ત્યારે દીઠું તમ મુખડું,
એ પુનિત જનનાં કાળજાં, પત્થર બની છૂંદશો નહિ. ૨

કાઢી મુખેથી કોળિયો, મોંમા દઈ મોટા કર્યા,
અમૃત તણાં દેનાર સામે, ઝેર ઉછાળશો નહિ. ૩

ખૂબ લડાવ્યા લાડ તમને, કોડ સૌ પૂરા કર્યા,
એ કોડ પૂરનારના, કોડ પૂરવા ભૂલશો નહિ. ૪

લાખો કમાતા હો ભલે, (પણ) માબાપ જેના ના ઠર્યાં,
એ લાખ નહિ પણ રાખ છે, એ માનવું ભૂલશો નહિ. ૫

સંતાનથી સેવા ચાહો, (તો) સંતાન છો સેવા કરો,
જેવું કરો તેવું ભરો, એ ભાવના ભૂલશો નહિ. ૬

ભીને સૂઈ પોતે અને, સૂકે સુવાડ્યા આપને,
એની અમીમય આંખને, ભૂલીને ભીંજવશો નહિ. ૭

પુષ્પો બિછાવ્યા પ્રેમથી, જેણે તમારા રાહ પર,
એ રાહબરના રાહ પર, કંટક કદિ બનશો નહિ. ૮

ધન ખર્ચતા મળશે બધું, (પણ) માતાપિતા મળશે નહિ,
એનાં પુનિત ચરણો તણી, કદિ ચાહના ભૂલશો નહિ. ૯

# હે કરૂણાના કરનારા

હે કરૂણાના કરનારા તરી કરૂણાનો કોઈ પાર નહીં
હે સંકટના હરનારા તારી કરૂણાનો કોઈ પાર નહીં. ૧

મેં પાપ કર્યા છે એવા, હું ભૂલ્યો તારી સેવા
મારી ભૂલોના ભૂલનારા, તારી કરૂણાનો કોઈ પાર નહીં. ૨

હું અંતરમાં થઈ રાજી, ખેલ્યો છું અવળી બાજી
અવળીને સવળીના કરનારા, તારી કરૂણાનો કોઈ પાર નહીં. ૩

હે પરમ કૃપાળુ વ્હાલા, મેં પીધા વિષના પ્યાલા
મારા સાચા રક્ષણહારા, તારી કરૂણાનો કોઈ પાર નહીં. ૪

કદિ છોરૂ - કછોરૂ થાયે, તું તો માવતર કહેવાયે
મીઠી છાયાનાં દેનારા, તારી કરૂણાનો કોઈ પાર નહીં. ૫

મને જડતો નથી કિનારો, મારો ક્યાંથી આવે આરો
મારા સાચા ખેવણહારા, તારી કરૂણાનો કોઈ પાર નહીં. ૬

છે મારૂ જીવન ઉદાસી, તું શરણે લે અવિનાશી
મારા દિલમાં હે રમનારા, તારી કરૂણાનો કોઈ પાર નહીં. ૭

## - એ પ્રાર્થના મારી -

કરો રક્ષા વિષદ માંહીં, ન એવી પ્રાર્થના મારી,
વિપદથી ના ડરૂં કો'દિ, પ્રભો ! એ પ્રાર્થના મારી

ચહું દુ:ખ તાપથી શાંતિ, ન એવી પ્રાર્થના મારી,
સકળ દુ:ખો શકું જીતિ, પ્રભો એ પ્રાર્થના મારી.

સહાયે કો'ચઢે આવી, ન એવી પ્રાર્થના મારી,
તૂટો ના આત્મબળ દોરી, પ્રભો એ પ્રાર્થના મારી

મને છળ હાનિથી રક્ષો, ન એવી પ્રાર્થના મારી,
ડગું ના આત્મપ્રીતથી, પ્રભો ! એ પાર્થના મારી.

પ્રભો તું પાર ઉતારે, ન એવી પ્રાર્થના મારી,
તરી જવા ચહું શક્તિ, પ્રભો ! એ પ્રાર્થના મારી.

તું લે શિખર ભાર ઉપાડી, ન એવી પ્રાર્થના મારી,
ઉઠાવી હું શકું સહેજે, પ્રભો ! એ પ્રાર્થના મારી.

સુખી દિને સ્મરૂં ભાવે, દુ:ખી અંધાર રાત્રીએ,
ન શંકા તું વિશે આવે, પ્રભો ! એ પ્રાર્થના મારી.

---

સમ્યગ્દર્શન વિના જ્ઞાન થતું નથી. જ્ઞાન વિના ચારિત્ર ગુણ નથી. ચારિત્ર વિના મોક્ષ (કર્મક્ષય) નથી અને મોક્ષ વિના અનંત આનંદ નથી.

# મહાવીર તારો છે આધાર

કરજો કરજો નૈયા પાર, મહાવીર તારો છે આધાર,...કરજો.
મારા જીવનનો તું સાર, મહાવીર તારો છે આધાર

જૂઠી છે આ જગની માયા, જૂઠી છે આ કાચી કાયા,...કરજો.
જૂઠો જાણ્યો છે સંસાર, મહાવીર તારો છે આધાર

જીવન આ લાગે છે ખારૂં, નામ તમારૂં, લાગે પ્યારૂં,...કરજો.
તમે છો સાચા તારણહાર, મહાવીર તારો છે આધાર

મારી અરજી ઉરમાં ધરજો, સંકટ મારા દૂર કરજો,...કરજો.
તમે છો આશાના એક તાર, મહાવીર તારો છે આધાર

મારી નૈયા નિર્ભય કરજો, પ્રભુ તમે સુકાની બનજો,...કરજો.
હરજો આતમનાં અંધકાર, મહાવીર તારો છે આધાર

સુંદર ગુણ તમારા ગાવે વીરપ્રભુને મળવા જાવે,...કરજો.
સૂનો જાણ્યો છે સંસાર, મહાવીર તારો છે આધાર....કરજો

---

સમ્યગદર્શનના આ આઠ અંગ છે: નિ:શંકા, નિષ્કાંક્ષા, નિર્વિચિકિત્સા, અમૂઢ દૃષ્ટિ, ઉપગુહન, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના (જે નિ:શંકા હોય છે, તે નિર્ભય પણ હોય છે.)

# તુજ આજ્ઞા હૈયે વસે

ઓ ઈશ્વર તુજ શક્તિનો, કહેતાં ના'વે પાર,
જ્ઞાન ધ્યાન ને સત્યનો, અક્ષય તું ભંડાર.

તું દેવોનો દેવ છે, તારા ગુણો અનંત,
નામ રટણ તારૂં કરે, પામે દુ:ખનો અંત.

આ દુનિયામાં તુજ વિના, મારે નહિ આધાર,
નાથ! નિરંજન હું તને, વંદુ વારંવાર.

નિર્મળ મન મારૂં બને, કરે ન પાપ પ્રવેશ,
તુજ આજ્ઞા હૈયે વસે, માગું એ પરમેશ.
માગું એ પરમેશ.

---

વધારે શું કહું ? અતીતકાળે જે શ્રેષ્ઠ વ્યક્તિઓ સિદ્ધત્વ પામી અને ભવિષ્યકાળે જે પામશે એ સમ્યક્ત્વનું જ મહાત્મ્ય છે.

# એક જ દે ચિનગારી

એક જ દે ચિનગારી,
મહાનલ એક જ દે ચિનગારી.

ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ખરચી જિંદગી સારી,
જામગરીમાં તણખો ન પડયો, ન ફળી મહેનત મારી
મહાનલ........................

ચાંદો સળગ્યો, સૂરજ સળગ્યો, સળગી આભ અટારી,
ના સળગી એક સગડી મારી, વાત વિપદ ભારી.
મહાનલ........................

ઠંડીમાં મુજ કાયા થથરે, ખુટે ધીરજ મારી,
વિશ્વાનલ હું અધિક ન માગું, એક જ દે ચિનગારી
મહાનલ........................

---

તું મહાસાગર તો પાર કરી ગયો છે, તો પછી કિનારા પાસે પહોંચીને કેમ ઉભો છે? એને પાર કરવામાં શીઘ્રતા કર, હે ગૌતમ ! ક્ષણભરનો પ્રમાદ ન કર.

## સાંભરે ત્યારે

મૂકું પગ મહેલમાં જ્યારે, સ્મરણ સ્મશાનના ત્યારે,
મૂકું પગ પુષ્પ શય્યામાં, ચિતા પણ સાંભરે ત્યારે. ૧

ધરું તન શાલ દુશાલા, કફન પણ સાંભરે ત્યારે,
સુણું સંગીત સ્વજનનું, રુદન પણ સાંભરે ત્યારે, ૨

ચડું સુખપાલમાં જ્યારે, નનામી સાંભરે ત્યારે,
જમું મિષ્ટાન ફળ જ્યારે, મરણપિંડ સાંભરે ત્યારે. ૩

~ ~ ~

મૃત્યુ પછી કોને ત્યાં અને ક્યાં જવું એ આપણા હાથની બાજી નથી, એ જ મુશિબત છે! કર્મથી છુટવું, ધર્મ કરવો એ જ એની લાઈન દોરી છે.

---

★ આત્માનો શ્રેય ઈચ્છનારાઓએ ચિંતવવાના ૩ મનોરથ - ૧ ક્યારે આરંભ પરિગ્રહ છોડીશ. ૨ ક્યારે મમત્વ છોડીને સંયમ આદરીશ, ૩ ક્યારે સંલેખણા સંથારો કરીશ.

# સર્વ માન્ય ધર્મ

(ચોપાઈ)

ધર્મ તત્ત્વ જો પૂછ્યું મને,
તો સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર,
સર્વ માન્ય સહુને હિતકાર. ૧

ભાખ્યું ભાષણમાં ભગવાન,
ધર્મ ન લાભે દયા સમાન,
અભય દાન સાથે સંતોષ,
દ્યો પ્રાણીને દળવા દોષ. ૨

સત્ય, શીલને સઘળાં દાન,
દયા હોઈને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહીં એક,
વિના સૂર્ય કિરણ નહીં દેખ. ૩
પુષ્પ પાંખડી જ્યાં દુભાય,
જિનવરની ત્યાં નહીં આજ્ઞાય;
સર્વ જીવનું ઈચ્છો સુખ,
મહાવીરની શિક્ષા મુખ્ય. ૪

– શ્રીમદ્ રાજચંદ્ર

---

જે સત્કાર, પૂજા અને વંદના સુદ્ધાં નથી ચાહતો એ કોઈની પણ પ્રશંસાની અપેક્ષા કેવી રીતે કરે ?

# ❋ અથ શ્રી મોટી સાધુ વંદના ❋

(સૂત્ર સમૂહના મહર્ષિઓના કડીબદ્ધ વૃતાંત આ ગુણમાળામાં સમાયેલ છે. દરેક વૃતાંત પોતાનું આગવું ઈતિહાસ ધરાવે છે.)

નમું અનંત ચોવીશી, ઋષભાદિક મહાવીર,
જેણે આર્ય ક્ષેત્રમાં, ઘાલી ધર્મની સીર. ૧

મહા અતુલી બલ નર, શૂર વીરને ધીર,
તીર્થ પ્રવર્તાવી, પહોંચ્યા ભવજળ તીર. ૨

સીમંધર પ્રમુખ, જઘન્ય તીર્થંકર વીસ,
છે અઢી દ્વીપમાં, જયવંતા જગદીશ. ૩

એકસો ને સિત્તેર, ઉત્કૃષ્ટપદે જગદીશ,
ધન્ય મોટા પ્રભુજી, જેને નમાવું શીશ. ૪

કેવળી દોય ક્રોડી, ઉત્કૃષ્ટા નવ ક્રોડ,
મુનિ દોય સહસ્ર ક્રોડી, ઉત્કૃષ્ટા નવ સહસ્ર ક્રોડ. ૫

વિચરે વિદેહે, મોટા તપસ્વી ઘોર,
ભાવે કરી વંદું, ટાળે ભવની ખોડ. ૬

ચોવીસે જિનના, સઘળા એ ગણધાર,
ચૌદસેં ને બાણું, હું પ્રણમું સુખકાર. ૭

જિન શાસન નાયક, ધન્ય શ્રી વીર જિણંદ,
ગૌતમાદિક ગણધર, વરતાવ્યો આણંદ. ૮

શ્રી ઋષભદેવના, ભરતાદિક સો પુત્ર,
વૈરાગ્ય મન આણી, સંયમ લીયો અદ્દ્ભુત. ૯

કેવળ ઉપરાજ્યું કરી કરણી કરતંત,
જિન મત્ત દિપાવી, સઘળા મોક્ષે પહુંત. ૧૦

શ્રી ભરતેશ્વરના, હુઆ પટોધર આઠ,
આદિત્ય જશાદિક પહોંચ્યા શિવપુર વાટ. ૧૧

શ્રી જિન અંતરના, હુઆ પાટ અસંખ્ય,
મુનિ મુગતે પહોંચ્યા, ટાળી કર્મના વંક. ૧૨

ધન્ય કપિલ મુનિવર, નમિ નમું અણગાર,
જેણે તત્ક્ષણ ત્યાગ્યો, સહસ્ર રમણિ પરિવાર. ૧૩

મુનિ હરિકેશી, ચિત્ત મુનીશ્વર સાર,
શુધ્ધ સંયમ પાળી, પામ્યા ભવનો પાર. ૧૪

વળી ઈષુકાર રાજા, ઘેર કમળાવતી નાર,
ભગુને જશા પત્ની, તેહુના દોય કુમાર. ૧૫

છએ છતી રિધ્ધિ છાંડી, લીધો સંયમ ભાર,
ઈણ અલ્પ કાળમાં, પામ્યા મોક્ષ દ્વાર. ૧૬

વળી સંયતિ રાજા, હરાણ આહિડે જાય,
મુનિવર ગદભાલી, આણ્યો મારગ ઠાય. ૧૭

ચારિત્ર લઈને, ભેટયા ગુરુના પાય,
ક્ષત્રીરાજ ઋષીશ્વર, ચર્ચા કરી ચિત્ત લાય. ૧૮

વળી દશે ચક્રવર્તી, રાજ્ય રમાણી ઋદ્ધિ છોડ,
દશે મુગતે પહોંચ્યા, કુળને શોભા ચોડ. ૧૯

ઈણ અવસર્પિણીમાં, આઠ રામ ગયા મોક્ષ,
બલભદ્ર મુનીશ્વર, ગયા પંચમે દેવલોક. ૨૦

દશાર્ણભદ્ર રાજા, વીર વાંદ્યા ધરી માન,
પછી ઈંદ્રે હઠાયો, દીઓ છકાય અભેદાન.૨૧

કરકંડુ પ્રમુખ, ચારે પ્રત્યેક બોધ, (બુદ્ધ),
મુનિ મુગતે પહોંચ્યા, જીત્યાકર્મ મહાજોધ (યુદ્ધ). ૨૨

ધન્ય મ્હોટા મુનિવર, મૃગાપુત્ર જગીશ,
મુનિવર અનાથી, જીત્યા રાગ ને રીસ. ૨૩

વળી સમુદ્રપાળ મુનિ, રાજેમતિ રહનેમ,
કેશી ને ગૌતમ, પામ્યા શિવપુર ક્ષેમ. ૨૪

ધન્ય વિજય ઘોષ મુનિ, જય ઘોષ વળી જાણ,
શ્રી ગર્ગાચાર્ય જ, પહોંચ્યા છે નિર્વાણ. ૨૫

શ્રી ઉત્તરાધ્યયનમાં, જીનવરે કર્યા વખાણ,
શુધ્ધ મને ધ્યાવો, મનમાં ધીરજ આણ. ૨૬

વળી ખંધક સંન્યાસી, રાખ્યો ગૌતમ શું નેહ,
મહાવીર સમીપે, પંચ મહાવ્રત લેહ. ૨૭

તપ કઠણ કરીને, ઝોંસી આપણી દેહ,
ગયા અચ્યુત દેવલોકે, ચ્યવી લેશે ભવ છેહ. ૨૮

વળી ઋષભદત્ત મુનિ શેઠ સુદર્શન સાર,
શિવરાજ ઋષિશ્વર, ધન્ય ગાંગેય અણગાર. ૨૯

શુધ્ધ સંયમ પાળી, પામ્યા કેવળ સાર,
એ ચારે મુનિવર, પહોંચ્યા મુક્તિ મોઝાર. ૩૦

ભગવંતની માતા, ધન્ય સતી દેવાનંદા,
વળી સતી જયંતી, છોડ દીઓ ઘર ફંદા. ૩૧

સતી મુગતે પહોંચ્યા, વળી તે વીરની નંદા,
મહાસતી સુદર્શના, ઘણી સતીઓનાં વૃંદા. ૩૨

હુઈ વીરની શિષ્યાણી, બહુ વિધ તપસ્યા કીધ,
વીર આજ્ઞા આરાધી, આતમ કારજ સિધ્ધ. ૩૩

વળી કાર્તિક શેઠે, પડિમા વહી શૂરવીર,
જમ્યો મહોરા ઉપર, તાપસ બળતી ખીર. ૩૪

પછી ચારિત્ર લીધું, મિત્ર એક સહસ્ત્ર આઠ ધીર,
મરી હૂઆ શક્રેંદ્ર, ચ્યવી લેશે ભવતીર. ૩૫

વળી રાય ઉદાયન, દીયો ભાણેજને રાજ,
પોતે ચારિત્ર લઈને, સાર્યા આતમ કાજ. ૩૬

ગંગદત્ત મુનિ આણંદ, તરણ તારણ જહાજ,
કુશળ મુનિ રોહો, દિયો ઘણા ને સાજ. ૩૭

ધન્ય સુનક્ષત્ર મુનિવર, સર્વાનુભૂતિ અણગાર,
આરાધિક હોઈને, ગયા દેવલોક મોઝાર. ૩૮

ચ્યવી મુગતે જાશે, વળી સિંહ મુનિશ્વર સાર,
બીજા પણ મુનિવર, ભગવતીમાં અધિકાર. ૩૯

શ્રેણીકનો બેટો, મોટો મુનિવર મેઘ,
ત્યજી આઠ અંતેઉરી, આણ્યો મન સંવેગ. ૪૦

વીરપેં વ્રત લઈને, બાંધી તપની તેગ,
ગયા વિજય વિમાને, ચ્યવી લેશે શિવ વેગ. ૪૧

ધન્ય થાવર્ચ્ચા પુત્ર, તજી બત્રીસે નાર,
તેની સાથે નીકળ્યા, પુરૂષ એક હજાર. ૪૨

શુકદેવ સંન્યાસી, એક સહસ્ત્ર શિષ્ય લાર,
પાંચસે સું સેલક, લીધો સંયમ ભાર. ૪૩

સર્વ સહસ્ત્ર અઢાઈ, ઘણા જીવોને તાર,
પુંડરગિરિ ઉપર કીયો, પાદોપગન સંથાર. ૪૪

આરાધિક હુઈને, કીધો ખેવો પાર,
હુઆ મોટા મુનિવર, નામ લિયા નિસ્તાર. ૪૫

ધન્ય જિનપાળ મુનિવર, દોય ધનાવા સાધ,
ગયા પ્રથમ દેવલોકે, મોક્ષ જશે આરાધ. ૪૬

મલ્લીનાથના છ મિત્ર, મહાબળ પ્રમુખ મુનિરાય,
સર્વ મુગતે સિધાવ્યા, મોટી પદવી પાય. ૪૭

વળી જીતશત્રુ રાજા, સુબુદ્ધિ નામે પ્રધાન,
પોતે ચારિત્ર લઈને, પામ્યા મોક્ષ નિધાન. ૪૮

ધન્ય તેતળી મુનીવર, દીયો છ કાય અભયદાન,
પોટિલા પ્રતિબોધ્યા, પામ્યા કેવળજ્ઞાન. ૪૯

ધન્ય પાંચે પાંડવ, ત્યજી દ્રૌપદી નાર,
સ્થિવરની પાસે, લીધો સંયમ ભાર. ૫૦

શ્રી નેમિ વંદનનો, એવો અભિગ્રહ કીધ,
માસ માસ ખમણ તપ, શેત્રુંજય જઈ સિદ્ધ. ૫૧

ધર્મઘોષ તણા શિષ્ય, ધર્મરૂચિ અણગાર,
કીડીઓની કરૂણા, આણી દયા અપાર. ૫૨

કડવા તુંબડાનો, કીધો સઘળો આહાર,
સર્વાર્થસિધ્ધે પહોંચ્યા, ચ્યવી લીધો ભવપાર. ૫૩

વળી પુંડરિક રાજા, કુંડરિક ડગ્યો જાણ,
પોતે ચારિત્ર લઈને, ન ઘાલી ધર્મમાં હાણ. ૫૪

સર્વાર્થસિધ્ધે પહોંચ્યા, ચ્યવી લેશે નિર્વાણ,
શ્રી જ્ઞાતા સૂત્રમાં, જિનવરે કર્યાં વખાણ. ૫૫

ગૌતમાદિક કુંવર, સગળા અઢારે ભ્રાત,
સર્વ અંધક વિષ્ણુના સુત, ધારણી જેહની માત. ૫૬

ત્યજી આઠ અંતેઉરી કીધી દીક્ષાની વાત,
ચારિત્ર લઈને, કીધો મુક્તિનો સાથ. ૫૭

શ્રી અનેક સેનાદિક, છએ સહોદર ભ્રાત,
વસુદેવના નંદન, દેવકી જેની માય. ૫૮

ભદ્દિલપુર નગરી, નાગ ગાહાવઈ જાણ,
સુલસા ઘેર વધિયા, સાંભળી નેમિની વાણ. ૫૯

તજી બત્રીસ અંતેઉરી, નીકળીયા છટકાય,
નળ કુબેર સરીખા, ભેટ્યા શ્રી નેમિના પાય. ૬૦

કરી છઠ્ઠ છઠ્ઠ પારણાં, મનમાં વૈરાગ્ય લાય,
એક માસ સંથારે, મુક્તિ બિરાજ્યા જાય. ૬૧

વળી દારૂણ સારણ, સુમુખ દુમુખ મુનિરાય,
વળી કુંવર અનાદ્રષ્ટિ, ગયા મુક્તિ ગઢમાંય. ૬૨

વસુદેવના નંદન, ધન્ય ધન્ય ગજસકુમાર,
રૂપે અતિ સુંદર, કળાવંત વય બાળ. ૬૩

શ્રી નેમી સમીપે, છોડયો મોહ જંજાળ,
ભિક્ષુની પડિમા, ગયા મસાણ મહાકાળ. ૬૪

દેખી સોમીલ કોપ્યો, મસ્તકે બાંધી પાળ,
ખેર તણા ખીરા, શિર ઠવીઆ અસરાળ. ૬૫

મુનિ નજર ન ખંડી, મેટી મનની જાળ,
કઠણ પરિસહ સહીને, મુક્તિ ગયા તત્કાળ. ૬૬

ધન્ય જાળી મયાલી, ઉવયાલાદિક સાધ,
સાંબને પ્રદ્યુમ્ન, અનિરૂદ્ધ સાધુ અગાધ. ૬૭

વળી સચ્ચનેમિ દ્રઢનેમિ, કરણી કીધી અગાધ,
દશે મુગતે પહોંચ્યા, જિનવર વચન આરાધ. ૬૮

ધન્ય અર્જુન માળી, કિથો કદાગ્રહ દૂર,
વીરપેં વ્રત લઈને, સત્યવાદી હુઆ શૂર. ૬૯

કરી છઠ છઠ પારણા, ક્ષમા કરી ભરપૂર,
છ માસની માંહી, કર્મ કિયા ચકચૂર. ૭૦

કુંવર અઈમુત્તે, દીઠા ગૌતમ સ્વામ,
સુણી વીરની વાણી, કીધો ઉત્તમ કામ. ૭૧

ચારિત્ર લઈને, પહોંચ્યા શિવપુર ઠામ,
ધુર આદિ મકાઈ, અંત અલક્ષ મુનિ નામ. ૭૨

વળી કૃષ્ણરાયની, અગ્ર મહિષી આઠ,
પુત્ર વહુ દોએ, સંચ્યા પુણ્યના ઠાઠ. ૭૩

જાદવ કુળ સતીઆં, ટાળ્યો દુઃખ ઉચાટ,
પહોંચ્યા શિનપુરમાં, એ છે સૂત્રનો પાઠ. ૭૪

શ્રેણિકની રાણી, કાલિ-આદિક દશ જાણ,
દશે પુત્ર વિયોગે, સાંભળી વીરની વાણ. ૭૫

ચંદનબાળાપેં, સંયમ લઈ હુઆ જાણ,
તપ કરી દેહ ઝોંસી, પહોંચ્યા છે નિર્વાણ. ૭૬

નંદાદિક તેરે, શ્રેણિક નૃપની નાર,
સઘળી ચંદન બાળાપેં, લીધો સંયમ ભાર. ૭૭

એક માસ સંથારે, પહોંચ્યા મોક્ષ મોઝાર,
એ નેવું જાણાનો, અંતગડમાં અધિકાર. ૭૮

શ્રેણિકના બેટા જાળિયાદિક તેવીશ,
વીરપેં વ્રત લઈને, પાળ્યો વિસવાવીશ. ૭૯

તપ કઠણ કરીને, પૂરી મનની જગીશ,
દેવલોકે પહોંચ્યા, મોક્ષ જાશે તજી રીશ. ૮૦

કાકંદીનો ધન્નો, તજી બત્રીશે નાર,
મહાવીર સમીપે, લીધો સંયમ ભાર. ૮૧

કરી છઠ છઠ પારણાં, આયંબીલ ઉચ્છિત આહાર,
શ્રી વીરે વખાણ્યો, ધન્ય ધન્નો અણગાર. ૮૨

એક માસ સંથારે, સ્વાર્થસિદ્ધ પહુંત,
મહાવિદેહ ક્ષેત્રમાં, કરશે ભવનો અંત. ૮૩

ધન્નાની રીતે, હુઆ નવે સંત,
શ્રી અનુત્તરોવવાઈમાં, ભાખી ગયા ભગવંત. ૮૪

સુબાહુ પ્રમુખ પાંચ પાંચસે નાર,
તજી વીરપેં લીધાં, પંચ મહાવ્રત સાર. ૮૫

ચારિત્ર લઈને, પાળ્યા નિરતિચાર,
દેવલોકે પહોંચ્યા, સુખ વિપાકે અધિકાર. ૮૬

શ્રેણિકના પૌત્ર, પઉમાદિક હુઆ દશ,
વીરપેં વ્રત લઈને, કાઢયો દેહનો કસ. ૮૭

સંયમ આરાધી, દેવલોકમાં જઈ વસ,
મહાવિદેહ ક્ષેત્રમાં, મોક્ષ જાશે લઈ જશ. ૮૮

બલભદ્રના નંદન, નિષધાદિક હુઆ બાર,
ત્યજી પચાસ અંતેઉરી, ત્યાગ દિયો સંસાર. ૮૯

સહુ નેમિ સમીપે, ચાર મહાવ્રત લીધ,
સર્વાર્થસિદ્ધે પહોંચ્યા, હોશે વિદેહમાં સિદ્ધ. ૯૦

ધન્નો ને શાલિભદ્ર, મુનીશ્વરોની જોડ,
નારીના બંધન, તત્ક્ષણ નાખ્યા ત્રોડ. ૯૧

ઘર, કુટુંબ, કબીલો, ધન કંચનની ક્રોડ,
માસ માસ ખમણ તપ, ટાળશે ભવની ખોડ. ૯૨

શ્રી સુધર્મસ્વામીના શિષ્ય, ધન્ય ધન્ય જંબુ સ્વામ,
ત્યજી આઠ અંતેઉરી, માતાપિતા ધનધામ. ૯૩

પ્રભવાદિક તારી, પહોંચ્યા શિવપુર ઠામ,
સૂત્ર પ્રવર્તાવી, જગમાં રાખ્યું નામ. ૯૪

ધન્ય ઢંઢણ મુનિવર, કૃષ્ણરાયના નંદ,
શુદ્ધ અભિગ્રહ પાળી, ટાળ દીયો ભાવ ફંદ. ૯૫

વળી ખંધક ઋષિની, દેહ ઉતારી ખાલ,
પરિસહ સહીને, ભવ ફેરા દિઆ ટાળ. ૯૬

વળી ખંધક ઋષિના, હુઆ પાંચસેં શિષ્ય,
ઘાણીમાં પિલ્યા, મુકિત ગયા તજી રીશ. ૯૭

સંભૂતિવિજયના શિષ્ય, ભદ્રબાહુ મુનિરાય,
ચૌદ પૂર્વધારી, ચંદ્રગુપ્ત આણ્યો ઠાય. ૯૮

વળી આર્દ્રકુમાર મુનિ, સ્થુલીભદ્ર નંદિષેણ,
અરણિક અઈમુત્તો, મુનીશ્વરોની શ્રેણ. ૯૯

ચોવીસે જિન મુનિવર, સંખ્યા અઠાવીશ લાખ,
ઉપર સહસ્ત્ર અડતાલીશ, સૂત્ર પરંપરા ભાખ. ૧૦૦

કોઈ ઉત્તમ વાંચો, મોઢે જયણા રાખ,
ઉઘાડે મુખ બોલ્યા, પાપ લાગે વિપાક. ૧૦૧

ધન્ય મરૂદેવી માતા, ધ્યાયો નિર્મળ ધ્યાન,
ગજહોદ્દે પામ્યાં, નિર્મળ કેવળ જ્ઞાન. ૧૦૨

ધન્ય આદીશ્વરની પુત્રી, બ્રાહ્મી સુંદરી દોય,
ચારિત્ર લઈને, મુક્તિ ગયાં સિદ્ધ હોય. ૧૦૩

ચોવીસે જિનની, વડી શિષ્યણી ચોવીસ,
સતી મુગતે પહોંચ્યા, પૂરી મન જગીશ. ૧૦૪

ચોવીસે જિનનાં, સર્વ સાધ્વી સાર,
સડતાલીસ લાખ ને, આઠ સેં સિત્તેર હજાર. ૧૦૫

ચેડાની પુત્રી, રાખી ધર્મશું શું પ્રીત,
રાજેમતી, વિજયા, મૃગાવતી સુવિનીત. ૧૦૬

પદ્માવતી, મયણરોહા, દ્રૌપદી, દમયંતી, સીતા,
ઈત્યાદિ સતીઓ, ગઈ જન્મારો જીત. ૧૦૭

ચોવીસે જિનના, સાધુ સાધ્વી સાર,
ગયા મોક્ષ દેવલોકે, હૃદયે રાખો ધાર. ૧૦૮

ઈણ અઢી દ્વીપમાં, ઘરડા તપસી બાળ,
શુદ્ધ પાંચ મહાવ્રતધારી, નમો નમો ત્રણ કાળ. ૧૦૯

એ યતિઓ સતીઓનાં, લીજે નિત્ય પ્રત્યે નામ,
શુદ્ધ મને ધ્યાવો, એહ તરવાનું ઠામ. ૧૧૦

એ યતિઓ સતીઓશું, રાખો ઉજ્જવળ ભાવ,
એમ કહે ઋષિ જયમલજી, એહ તરવાનો દાવ. ૧૧૧

સંવત અઢાર ને, વર્ષ સાતો શિરદાર,
શહેર ઝાલોર માંહી, એક કહ્યો અધિકાર. ૧૧૨

ભૂદરજીના શિષ્ય, જયમલ જય જય કાર,
ભવ જીવા હેતે, કિયો મુનિ ગુણ સાર. ૧૧૩

ગુણ માલ જપતાં, પામે ભવનો પાર.

卐 ઈતિ સમાપ્ત 卐

## 卐 સાધુજીને વંદન 卐

સાધુજીને વંદના નિત નિત કીજે,
પ્રહ ઉગમતે સૂર રે પ્રાણી;
નીચ ગતિમાં તે નવ જાવે,
પામે રિદ્ધિ ભરપુર રે પ્રાણી. સા. ૧
મોટા તે પંચે મહાવ્રત પાળે,
રાત્રિ ભોજન પરિહાર રે પ્રાણી;
જાવજીવ લગે એણી પરે પાળે,
ખટવ્રત ખડગની ધાર રે પ્રાણી. સા. ૨
પાંચ સમિતિ ત્રાણ ગુપ્તિ આરાધે,
છકાયના પ્રતિપાળ રે પ્રાણી;
ભ્રમર ભિક્ષા મુનિ સૂજતી લેવે,
દોષ બેંતાળીસ ટાળ રે પ્રાણી. સા. ૩
રિદ્ધિ સંપદા મુનિ કારમી જાણે,
દીધી સંસારને પૂઠ રે પ્રાણી;
એવા પુરુષોની સેવા કરતાં,
આઠે કરમ જાય તૂટ રે પ્રાણી. સા. ૪
એક એક મુનિવર રસના ત્યાગી,
એક એક જ્ઞાન ભંડાર રે પ્રાણી;
એક એક મુનિવર વૈયાવચ્છ વૈરાગી,
એના ગુણનો નાવે પાર રે પ્રાણી. સા. ૫
ગુણ સતાવીસ કરી મુનિ દીપે,
જીત્યા પરિષદ બાવીસ રે પ્રાણી;
બાવન તો અનાચાર જે ટાળે,
તેને નમાવું મારૂં શીષ રે પ્રાણી. સા. ૬

# ★ પદ્માવતી રાણીની આલોચના

હવે રાણી પદ્માવતી, જીવરાશિ ખમાવે.
જાણપણું જગ દોહ્યલું, એની વેળાએ આવે,
તે મુજ મિચ્છામિ દુક્કડં એ ટેક. ૧

ભવ અનંતાએ કરી, અરિહંતની સાખ,
જે મેં જીવ વિરાધીઆ, ચોર્યાસી લાખ. તે મુજ ૨

સાત લાખ પૃથ્વી તણા, સાતે અપકાય,
સાત લાખ તેઉકાયના, સાતે વળી વાય તે. ૩

દશ લાખ પ્રત્યેક વનસ્પતિ, ચૌદે સાધારણ,
બે-ત્રે-ચૌઈંદ્રિય જીવના, બે બે લાખ વિચાર. તે. ૪

---

★ ચંપા નગરીના ચેડા રાજાની પુત્રી અને દધિવાહન રાજાની સ્ત્રી હતી. તેને ગર્ભાવસ્થામાં ડોહેલો ઉપજવાથી રાજાનો પોશાક પહેરી પતિ સાથે હાથી ઉપર બેસી ફરવા નીકળી. નગરીમાં ફરતાં ફરતાં હાથી નાઠો. તેમાં રાજા વડશાખાએ વળગી ર્‌હ્યો, અને હાથી રાણીને લઈ કોઈ અટવીમાં ગયો. ત્યાં પદ્માવતીએ નીચે ઉતરી આ જીવરાશિ કહી છે. નિત્ય સ્વાધ્યાયની આ સજ્ઝાય માંદગી વિગેરે પ્રાયશ્ચિતના પ્રસંગોમાં ફેરવવાથી આલોયણા થાય છે.

દેવતા તિર્યંચ નારકી, ચચ્ચાર લાખ પ્રકાશી,
ચૌદ લાખ મનુષ્યના, એ લાખ ચોર્યાસી. તે. ૫
આ ભવ પરભવે સેવ્યાં, જે પાપ અઢાર,
ત્રિવિધે ત્રિવેધે કરી પરિહરું, દુર્ગતિ દાતાર. તે. ૬
હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ,
દોષ અદત્તાદાનનો. મૈથુન ઉન્માદ. તે. ૭
પરિગ્રહ મેળવ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ,
માન માયા, લોભ મેં કર્યા, વળી રાગને દ્વેષ. તે. ૮
કલેશ કરી જીવ દુભવ્યાં, દીધા કૂડાં કલંક,
નિંદા કીધી પારકી, રતિ અરતિ નિશંક. તે. ૯
ચાડી ખાધી ચોતરે, કીધો થાપણ મોસો,
કુગુરુ, કુદેવ, કુધર્મનો, ભલો આણ્યો ભરોસો. તે. ૧૦
ખાટકીના ભવ મેં કીધા, કીધી જીવની ઘાત,
ચડીમારને ભવે ચરકલાં, માર્યાં દિન ને રાત. તે. ૧૧
માછીગર ભવે માછલા, ઝાલ્યાં જળવાસ,
ધીવર ભીલ કોળી ભવે, મૃગ પાડ્યા પાસ. તે. ૧૨
કાજીમુલ્લાંને ભવે, પઢ્યા મંત્ર કઠોર,
જીવ અનેક ઝબ્બે કર્યાં, કીધાં પાપ અઘોર. તે. ૧૩
કોટવાળનાં ભવ મેં કીધાં, આકરા કર, દંડ,
બંદીવાનને મરાવિયા, કોરડા છડી, દંડ. તે. ૧૪

પરમાધામીના ભવે, દીધાં નારકીને દુઃખ,
છેદન ભેદન વેદના, તાડન અતિ તીખ. તે. ૧૫
કુંભારના ભવ મેં કીધા, કાચા નીંભા પકાવ્યા,
તેલી ભવે તલ પીલિયા, પાપે પિંડ ભરાવ્યા. તે. ૧૬
હાળી ભવે હળ ખેડિઆ, ફોડ્યા પૃથ્વીના પેટ,
સૂડ, નિંદાણ કીધાં, ઘાણી દીધાં બળદ ચપેટ. તે. ૧૭
માળીના ભવે રોપિયાં, નાના વિવિધ વૃક્ષ,
મૂળ, પત્ર, ફળ, ફૂલનાં, લાગ્યાં પાપ અલક્ષ. તે. ૧૮
અધોવાઈયાના, ભવે, ભર્યા અદકેરો ભાર,
પોઠી ઊંટ કીડા પડ્યા, દયા ન આણી લગાર. તે. ૧૯
છીપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ,
અગ્નિ આરંભ કીધાં ઘણાં, ધાતુર્વાદ અભ્યાસ. તે. ૨૦
શૂરપણે રણ ઝુઝતાં, માર્યાં માણસ વૃંદ,
માંસ, મદિરા, માખણ ભખ્યાં, ખાધાં મૂળને કંદ. તે. ૨૧
ખાણ ખણાવી ધાતુની. અણગળ પાણી ઉલેચ્યાં,
આરંભ કીધાં અતિ ઘણાં, પોતે પાપ જ સીંચ્યાં. તે. ૨૨
ઈંગાલ કર્મ કીધાં વળી, ધર્મે ધ્વજ કીધાં,
સમ ખાધા વીતરાગનાં, કુડા કોષ જ કીધાં. તે. ૨૩
બીલી ભવે ઉંદર ગળ્યાં, ગરોળી હત્યારી,
મૂઢ મૂરખ તણે ભવે, મેં જૂ, લીખ મારી. તે. ૨૪

ભાંડભુંજા તણે ભવે, એકેન્દ્રિય જીવ,
જાર-ચણા ઘઉં શેકીઆ, પાડતાં રીવ. તે. ૨૫
ખાંડણ પીસણ ગારીના, આરંભ કીધા અનેક,
રાંધણ, સીંધણ અગ્નિનાં, પાપ લાગ્યાં વિશેક. તે. ૨૬
વિકથા ચાર કીધી વળી, સેવ્યાં પાંચ પ્રમાદ,
ઈષ્ટ વિયોગ પડાવિયાં, રુદન વિખવાદ. તે. ૨૭
સાધુને શ્રાવક તણાં વ્રત લઈને ભાંગ્યાં,
મૂળ અને ઉત્તર તણાં, મુજ દુષણ લાગ્યાં. તે. ૨૮
સાપ, વીંછી, સિંહ, ચિતરા શકરા ને સમળી,
હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી. તે. ૨૯
સુવાવડી દુષણ ઘણાં, કાચાં ગર્ભ ગળાવ્યા,
જીવાણી ઢોળ્યાં ઘણાંલ શિયળવ્રત ભંગાવ્યાં. તે. ૩૦
ધોબીના ભવ જે કર્યા, જળના જીવ સુંવાળા,
ધુળે કરી જળ રોળીઆં, દાન દેતા નિવાર્યા. તે. ૩૧
લુહારના ભવ જે કર્યા, ઘડ્યા શસ્ત્ર અપાર,
કોસ, કોદાળા ને પાવડા, ધીખધીખતી તલવાર. તે. ૩૨
ગુજરના ભવ જે કર્યા, લીલા ભારા વઢાવ્યા,
પાડીને બેલા મેલીઆં, પાડે ઉઠી છે જવાળા. તે. ૩૩
ઓડના ભવ જે કર્યા, કૂવા વાવ ખોદાવ્યાં,
સરોવર ગળાવિઆં, વળી ટાંકા બંધાવ્યાં. તે. ૩૪

વાણિયાના ભવ જે કર્યા, કૂડાં લેખ લખાવ્યા,
ઓછું આપી અધિકું લીધું કૂડાં માપ રખાવ્યાં. તે. ૩૫
હાથીના ભવ જે કર્યા, વેલુડી વલુડિયાં,
પંખી માળા ચૂથીઆં, પાપે પેટ જ ભર્યા. તે. ૩૬
કેરી ને કોઠીંબડાં, વળી લીંબુ જ મોર્યાં,
રાઈ ચઢાવી સેલણે, પોતે પાપ જ સીંચ્યાં. તે. ૩૭
અણગળ આંધણ મેલિઆં, અણુપુંજ્યે ચુલે,
અણસોયા કણ ઓરિઆં, તેના પાપ કેમ ભુલે. તે. ૩૮
ભવ અનેક ભમતાં થકાં, કીધો કુટુંબ સંબંધ,
ત્રિવિધે ત્રિવિધે કરી વોસરૂ, તેણે શું પ્રતિબંધ. તે. ૩૯
ભવ અનેક ભમતાં થકાં, કીધો દેહ સંબંધ,
ત્રિવિધે ત્રિવિધે કરી વોસરૂં, તેણે શું પ્રતિબંધ. તે. ૪૧
એણી પરે ઈહભવ પરભવે, કીધાં પાપ અખત્ર,
ત્રિવિધે ત્રિવિધે કરી પરિહંરૂ, કરું જન્મ પવિત્ર. તે. ૪૨
હવે રાણી પદ્માવતી, કીધાં શરણાં ચાર,
સાગારી અણસણ ર્ક્યો, જાણપણાનુસાર. તે. ૪૩
રાગ વેરાડી જે સુણે, એ એ ત્રીજી ઢાળ,
સમય સુંદર કહે પાપથી, છૂટે તે તત્કાળ. તે. ૪૪

卐 ઈતિ સમાપ્ત 卐

# શ્રી પ્રતિક્રમણની સજ્ઝાય

કર પડિક્કમણું રે ભાવશું, દોય ઘડી શુભ ધ્યાન લાલ રે,
પરભવ જાતાં જીવને, સાચો સંવર ધ્યાન લાલ રે. કર.

શ્રી વીર મુખ એમ ઉચ્ચરે, શ્રેણિક રાય પ્રત્યે એમ લાલ રે,
લાખ ખાંડી સોવન તણી, દિયે દિન પ્રત્યે દાન લાલ રે. કર.

લાલ વરસ લગે તે દિયે, એમ દ્રવ્ય અપાર લાલ રે,
એક સામાયિકની પેરે, ન આવે તે લગાર લાલ રે. કર.

સામાયિક ચઉવીસંથો, વંદના દોય દોય વાર લાલ રે,
વ્રત સંભારો આપણાં, પાળો નિર અતિચાર લાલ રે. કર.

કર કાઉસ્સગ શુભ ધ્યાનથી, પચ્ચખાણ શુદ્ધ વિચાર લાલ રે,
દોય સંધ્યાએ તે વળી, ટાળો ટાળો અતિચાર લાલ રે. કર.

સામાયિક સુપસાયથી, લઈએ અમર વિમાન લાલ રે,
ધર્મસિંહ મુનિ એમ ભણે, એ છે મુક્તિ નિદાન લાલ રે. કર.

---

પંચપ્રમાદ = મદ, વિષય, કષાય, નિંદા, વિકથા
પંચવિષય = શબ્દ અને રૂપ એ કામ છે, ગંધ, રસ અને સ્પર્શ એ ભોગ છે.

# ગુણસ્થાન આરોહણ ક્રમ

## અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?

૧ અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રન્થ જો
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચારશું કવ મહત્ પુરુષને પંથ જો ? અપૂર્વ

૨ સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ

૩ દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે,
દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો;
તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયે,
વર્તે એવું શુદ્ધસ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ

૪ આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની,
મુખ્યપણે તો વર્તે દેહપર્યંત જો;
ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી,
આવી શકે નહીં તે સ્થિરતાનો અંત જો. અપૂર્વ

૫ સંયમના હેતુથી યોગપ્રવર્ત્તના,
સ્વરૂપલક્ષે જિનઆજ્ઞા આધીન જો;
તે પણ ક્ષણ ક્ષણ ઘટતીજાતી સ્થિતિમાં,
અંતે થાયે નિજસ્વરૂપમાં લીન જો. અપૂર્વ

૬ પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા,
પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો;
દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ પ્રતિબંધ વણ,
વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો. અપૂર્વ

૭ ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધસ્વભાવતા,
માન પ્રત્યે તો દીનપણાનું માન જો;
માયા પ્રત્યે માયા સાક્ષી ભાવની,
લોભ પ્રત્યે નહીં લોભ સમાન જો. અપૂર્વ

૮ બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહીં,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો;
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો. અપૂર્વ

૯ નગ્નભાવ, મુંડભાવ સહ અસ્નાનતા,
અદંતધોવન આદિ પરમ પ્રસિદ્ધ જો;
કેશ, રોમ, નખ કે અંગે શૃંગાર નહીં,
દ્રવ્યભાવ સંયમમય નિર્ગ્રંથ સિદ્ધ જો. અપૂર્વ

૧૦ શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો. અપૂર્વ

૧૧ એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન, ને મનમાં નહીં ક્ષોભતા
પરમ મિત્રની જાણ પામ્યા યોગ જો. અપૂર્વ

૧૨ ઘોર તપશ્ચર્યામાં પણ મનને તાપ નહીં,
સરસ અન્ને નહીં મનને પ્રસન્નભાવ જો;
રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની,
સર્વે માન્યાં પુદ્ગલ એક સ્વભાવ જો. અપૂર્વ

૧૩ એમ પરાજય કરીને ચારિત્રમોહનો,
આવું ત્યાં જ્યાં કરણ અપૂર્વ ભાવ જો;
શ્રેણી ક્ષપકતણી કરીને આરૂઢતા,
અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો. અપૂર્વ

૧૪ મોહ સ્વયંભૂરમણ સમુદ્ર તરી કરી,
સ્થિતિ ત્યાં જ્યાં ક્ષીણમોહ ગુણસ્થાન જો;
અંત સમય ત્યાં પૂર્ણસ્વરૂપ વીતરાગ થઈ,
પ્રગટાવું નિજ કેવળજ્ઞાન નિધાન જો. અપૂર્વ

૧૫ ચાર કર્મ ઘનઘાતી તે વ્યવચ્છેદ જ્યાં,
ભવનાં બીજતણો આત્યંતિક નાશ જો;
સર્વ ભાવ જ્ઞાતા દ્રષ્ટા સહ શુદ્ધતા,
કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો. અપૂર્વ

૧૬ વેદનીયાદિ ચાર કર્મ વર્તે જહાં,
બળી સીંદરીવત્ આકૃતિ માત્ર જો;
તે દેહાયુષ આધીન જેની સ્થિતિ છે,
આયુષ્ય પૂર્ણે મટિયે દૈહિક પાત્ર જો. અપૂર્વ

૧૭ મન, વચન, કાયા ને કર્મની વર્ગણા,
છૂટે જહાં સકળ પુદ્ગલ સંબંધ જો;
એવું અયોગી ગુણસ્થાનક ત્યાં વર્તતું,
મહાભાગ્ય સુખદાયક પૂર્ણ અબંધ જો. અપૂર્વ

૧૮ એક પરમાણુમાત્રની મળે ન સ્પર્શતા,
પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો;
શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિ અનન્યમય,
અગુરુલઘુ, અમૂર્ત્ત સહજપદરૂપ જો. અપૂર્વ

૧૯ પૂર્વપ્રયોગાદિ કારણના યોગથી,
ઉર્ધ્વગમન સિદ્ધાલય પ્રાપ્ત સુસ્થિત જો;
સાદિ અનંત અનંત સમાધિસુખમાં,
અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો. અપૂર્વ

૨૦ જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. અપૂર્વ

૨૧ એહ પરમપદપ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
ગજા વગર ને હાલ મનોરથરૂપ જો;
તો પણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો,
પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો. અપૂર્વ

શ્રીમદ્ રાજચંદ્ર

# શ્રી પ્રભાતી સ્તવન

રે જીવ! જિનધર્મ કીજીએ, ધર્મના ચાર પ્રકાર
દાન, શિયળ, તપ, ભાવના, જગમાં એટલો સાર.
...રે જીવ૦ ૧

વરસ દિવસને પારણે, આદિશ્વર સુખકાર,
શેરડી રસ વહોરાવીઓ, શ્રી શ્રેયાંસ કુમાર,
...રે જીવ૦ ૨

ચંપા પોળ ઉઘાડવા, ચારણીએ કાઢ્યું નીર,
સતીય સુભદ્રા જશ થયો, શિયળે શૂરનર ધીર.
...રે જીવ૦ ૩

તપ કરી કાયા શોષવી, અરસ નીરસ આહાર,
વીર જિણંદ વખાણીઓ, ધન્ય ધન્નો અણગાર.
...રે જીવ૦ ૪

અનિત્ય ભાવના ભાવતાં, ધરતાં નિર્મળ ધ્યાન,
ભરત આરીસા ભુવનમાં, પામ્યા કેવળ જ્ઞાન.
...રે જીવ૦ ૫

જૈન ધર્મ સૂર તરૂ સમો, જેહની શીતળ છાંય,
સમય સુંદર કહે સેવતાં, વંચ્છિત ફળ પાય.
...રે જીવ૦ ૬

## ચેત ચેત

પરલોકે સુખ પામવા, કર સારો સંકેત,
હજી બાજી છે હાથમાં, ચેત ચેત નર ચેત. ૧
જોર કરીને જીતવું, ખરેખરૂં રણ ખેત,
દુશ્મન છે તુજ દેહમાં, ચેત ચેત નર ચેત. ૨
ગાફેલ રહીશ ગમાર તું, ફોગટ થઈશ ફજેત,
હવે જરૂર હોશિયાર થઈ, ચેત ચેત નર ચેત. ૩
ધન, તન, તે તારાં નથી, નથી પ્રિયા પરણેત,
પાછળ સૌ રહેશે પડયા, ચેત ચેત નર ચેત. ૪
પ્રાણ જશે જ્યાં પિંડથી, પિંડ ગણાશે પ્રેત,
માટીમાં માટી થશે, ચેત ચેત નર ચેત. ૫
રહ્યા ન રાણા રાજીયા, સૂરનરમુનિ સમેત,
તું તો તરણા તુલ્ય છો, ચેત ચેત નર ચેત. ૬
રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત,
પછી નર તન પામીશ કયાં, ચેત ચેત નર ચેત. ૭
કાળા કેશ મટી ગયા, સર્વે બન્યા શ્વેત,
જોબન જોર જતું રહ્યું, ચેત ચેત નર ચેત. ૮
માટે મનમાં સમજીને, વિચારીને કર વેત,
ક્યાંથી આવ્યો ક્યાં જવું, ચેત ચેત નર ચેત. ૯
શુભ શિખામણ સમજીને, પ્રભુ સાથે કર હેત,
અંતે અવિચળ એ જ છે, ચેત ચેત નર ચેત. ૧૦

# ભાન નિજ

## (દોહરા)

અહો અહો શ્રી સદ્‌ગુરુ, કરુણા સિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો અહો ઉપકાર. ૧

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન,
તે તો પ્રભુએ આપીઓ, વર્તું ચરણાધીન. ૨

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન. ૩

ષટ સ્થાનક સમજાવીને, ભિન્ન બતાવ્યો આપ,
મ્યાન થકી તરવાર વત, એ ઉપકાર અમાપ. ૪

જેહ સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત. ૫

પરમ પુરૂષ પ્રભુ સદ્‌ગુરુ, પરમ જ્ઞાન સુખ ધામ,
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૬

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત. ૭

# કર અને પામ

કરમાઈ ગયો, અટવાઈ ગયો,
રજકણ માંહી ગુમાઈ ગયો. કરમાઈ ૧

જનમ્યો તો સાથી પુણ્ય વડે,
જન્મી જંજાળે વિંટાઈ ગયો. કરમાઈ ૨

શું લાવ્યો તો શું કરવું તું,
પુણ્ય ખાઈ ગયો, ખોવાઈ ગયો. કરમાઈ ૩

બનવોતો દીપ અંધાર બન્યો,
ગુરુ શીખ કહે ડંખાઈ જતો. કરમાઈ ૪

ધૂપ છાંવ દેખી, દિલ ભાન વહે,
સૃષ્ટિ લીલા દેખાઈ રહે. કરમાઈ ૫

કર-પામ સિદ્ધાંત એ અચળ રહે,
છબી આપની આપ મહીં ઉતરે. કરમાઈ ૬

"ધારણ છે ધર્મ" નિશ્ચિંત બનો,
શુદ્ધ ભાવ વડે સુખ શાશ્વત લહો. કરમાઈ ૭

અંતર ધ્વની દિલમાં પ્રગટે,
'આનંદ' દિલમાં પ્રકાશ ઝળકે. કરમાઈ ૮

# પશ્ચાત્તાપ અને ક્ષમાપના

હે ભગવાન! હું બહુ ભૂલી ગયો, મેં તમારા અમૂલ્ય વચનને લક્ષમાં લીધાં નહીં, તમારા કહેલા અનુપમ તત્ત્વનો મેં વિચાર કર્યો નહીં, તમારા પ્રણીત કરેલા ઉત્તમ શીલને સેવ્યું નહીં. તમારા કહેલાં દયા, શાંતિ, ક્ષમા અને પવિત્રતા મેં ઓળખ્યાં નહીં. હે ભગવાન! હું ભૂલ્યો, અથડાયો, રઝળ્યો અને અનંત સંસારની વિટમ્બણામાં પડયો છું. હું પાપી છું, હું બહુ મદોન્મત્ત અને કર્મરજથી કરીને મલિન છું. હે પરમાત્મા! તમારાં કહેલાં તત્ત્વ વિના મારો મોક્ષ નથી. હું નિરંતર પ્રપંચમાં પડયો છું, અજ્ઞાનથી અંધ થયો છું, મારામાં વિવેકશક્તિ નથી અને હું મૂઢ છું, હું નિરાશ્રિત છું, અનાથ છું, નિરાગી પરમાત્મા! હવે હું તમારું, તમારા ધર્મનું અને તમારા મુનિનું શરણ ગ્રહું છું. મારા અપરાધ ક્ષય થઈ હું તે સર્વ પાપથી મુક્ત થાઉં એ મારી અભિલાષા છે. આગળ કરેલા પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરૂં છું. જેમ જેમ હું સૂક્ષ્મ વિચારથી ઊંડો ઊતરૂં છું તેમ તેમ તમારા તત્ત્વના ચમત્કારો મારા સ્વરૂપનો પ્રકાશ કરે છે. તમે નિરાગી, નિર્વિકારી, સચ્ચિનંદન સ્વરૂપ,

સહજાનંદી અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો. હું માત્ર મારા હિતને અર્થે તમારી સાક્ષીએ ક્ષમા ચાહું છું. એક પળ પણ તમારાં કહેલાં તત્ત્વની શંકા ન થાય, તમારા કહેલાં રસ્તામાં અહોરાત્ર હું રહું એ જ મારી આકાંક્ષા અને વૃત્તિ થાઓ! હે સર્વજ્ઞ ભગવાન! તમને હું વિશેષ શું કહું! તમારાથી કંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છું છું.

– શ્રીમદ્ રાજચંદ્ર

## સૂત્ર વચન - સુવાક્યો

૧ ઈંદ્રિય-સમૂહને આત્મા માનનાર બહિરાત્મા છે. આત્મસંકલ્પ-દેહથી ભિન્ન આત્માને સ્વીકારનાર અંતરાત્મા છે. કર્મ-કલંકથી વિમૂક્ત આત્મા પરમાત્મા છે.

૨ શુદ્ધ આત્મામાં વર્ણ-રૂપ, રસ, ગંધ, સ્પર્શ તથા સ્ત્રી ગુરૂ, નપુસંક વગેરે પર્યાયો તથા સંસ્થાન અને સંહનન નથી.

૩ આત્માના શુદ્ધ સ્વરૂપને જાણવાવાળો તથા પરકીય આત્મ વ્યક્તિરિક્ત ભાવોને જાણવાવાળો એવો કયો જ્ઞાની હશે જે 'આ મારું છે' એવું કહેશે ?

૪ (સમ્યક્) દર્શન, જ્ઞાન, ચારિત્ર તથા તપને જિનેન્દ્રદેવે મોક્ષનો માર્ગ કહ્યો છે. નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારનો એ છે.

૫ જે પુણ્યની ઈચ્છા કરે છે એ સંસારની જ ઈચ્છા કરે છે. પુણ્ય સદ્‌ગતિનો હેતુ (જરૂર) છે, પરંતુ નિર્વાણ તો પુણ્યના ક્ષયથી જ થાય છે.

૬ જેનાથી તત્ત્વનું જ્ઞાન થઈ શકે છે, ચિત્તનો નિરોધ સાધી શકાય છે તથા આત્મા વિશુદ્ધ બને છે, એને જિનશાસનમાં જ્ઞાન કહેવામાં આવે છે.

૭ જે એક આત્માને જાણે છે, એ તમામ (જગત)ને જાણે છે, જે તમામને જાણે છે, એ એકને જાણે છે.

૮ જેવી રીતે અંધની આગળ લાખો-કરોડો દીવા સળગાવવા વ્યર્થ છે, એવી રીતે ચારિત્ર શૂન્ય પુરૂષનું વિપુલ શાસ્ત્રાધ્યયન પણ અર્થહીન છે.

૯ ચારિત્ર સંપન્નનું અલ્પ જ્ઞાન પણ ઘણું કહેવાય અને ચારિત્રવિહીનનું શ્રુતજ્ઞાન પણ નિષ્ફળ છે.

૧૦ જિનદેવના મત પ્રમાણે આહાર, આસન તથા નિંદ્રા પર વિજય પ્રાપ્ત કરી, ગુરુકૃપા વડે જ્ઞાન મેળવી નિજાત્માનું ધ્યાન કરવું જોઈએ.

૧૧ ગુરુ તથા ઘરડાં માણસોની સેવા કરવી, અજ્ઞાની લોકોના સંપર્કથી દૂર રહેવું, સ્વાધ્યાય કરવો, એકાંતવાસ, સૂત્ર અને અર્થનું સમ્યક્ ચિંતન કરવું તથા ધીરજ રાખવી આ દુ:ખમાંથી છુટવાનો ઉપાય છે.

## આધુનિક વિજ્ઞાન અને સંશોધન
## ખેતી અને ખોરાક

હાઈબ્રીડ ધાન્યમાં શરીર સ્વાસ્થ્યના પોષક તત્ત્વો હોવા જોઈએ તે નં હોતા કૃત્રિમ ધાન્યના આ દાણા ભરેલ ડૂંડાને પક્ષીઓ પણ ખાતા નથી. વિષમતાને પક્ષીઓ સમજી શકે છે. દેશી દાણાને ખાવા પક્ષીઓ તલપાપડ હોય છે. પક્ષીઓ ન ખાય એમાં કંઈ ચોકકસ કારણ હોવું જોઈએ.

સંશોધનની દ્રષ્ટિએ એ ધાન્યમાં જે પોષક દ્રવ્યો હોવા જોઈએ તે નથીહોતા. તે ઉપરાંત છાણિયા ખાતરના બદલે વપરાતા ફર્ટીલાઈઝર ખાતરથી ખેતરમાં ઉગેલા છોડને જીવાત લાગુ પડે છે. તેને મારવા માટે પેસ્ટીસાઈડના થતા ઉપયોગથી એ ધાન્ય ઝેરીલું બને છે. રાસાયણિક ખાતરના ઉપયોગથી જમીન કઠણ બને છે. કેટલાક વરસો પછી ખેડાણ લાયક નથી રહેતી.

વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિક આઈનસ્ટાઈને જણાવ્યું છે કે, ''આ ખાતર અને ટ્રેકટરની પદ્ધતિ ન અપનાવશો, કારણ કે અમેરિકાની ભૂમિની ફળદ્રુપતા ચારસો વર્ષમાં સમાપ્ત થવા બેઠી છે. જ્યારે ગાય અને બળદ આધારિત ભારતમાં હજારો વર્ષોથી ખેતી થાય છે. છતાં એની ફળદ્રુપતા જેમની તેમ ટકી રહી છે.''

થોડા સમય પહેલા મુંબઈમાં હૃદયરોગ વિશે ભરાયેલા આંતરરાષ્ટ્રીય સંમેલનમાં હાર્ટ ફેઉન્ડેશનના અધ્યક્ષ ડૉ. કે. એલ. ચોપરાએ જણાવ્યું હતું કે રસાયણિક ખાતરથી ઉગાડેલા અનાજમાં

મેગ્નેશિયમ તત્ત્વનો નાશ થઈ જતા લોહીમાં આ ખનીજનો અભાવ વર્તાય છે, જેને કારણે લોહી થીજી જતા ઘણી વ્યક્તિઓને રોગના હુમલા થાય છે.'' ખેતી એ તો પ્રજાના સ્વાસ્થ્યનો પાયો છે પણ એને તાત્કાલિક નફો કરવાનું સાધન બનાવાય ત્યારે ખેતી એક પ્રકારની લૂંટ બની જાય છે.

ખેતી તો પવિત્ર વ્યવસાય છે, સંસ્કૃતિ સાથે સુસંગત હોવી જોઈએ. ઋષભ ભગવાન સંસાર નિયામક અવસ્થામાં ખેતી વિશે, સજીવ ખેતીની વાત કહી છે અને ભારતના લોકો સજીવ ખેતી કરી સમૃદ્ધ હતા.

આપણે ભારતને સમૃદ્ધ અને સુદ્રઢ બનાવવા સજીવ ખેતીને મહત્ત્વ આપવું પડશે, કારણ કે ખેતી પ્રજાના સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને સંસ્કૃતિનો પાયો છે.

ગાય વિગેરા પશુઓ બધી રીતે ઉપયોગી છે. દૂધ અને કુદરતી ખાતર પૂરૂં પાડી મનુષ્ય જીવનને જીવતદાન આપે છે. આપણે પણ એમને જીવતદાન આપવું જોઈએ. પશુધનની કતલ ન થવી જોઈએ. કતલખાના બંધ થવા જોઈએ.

*મું. સ. તા. ૧૭-૧૧-૯૩માં આવેલ લેખ ''કૃષિ ઉત્પાદનનો ટૂંકો માર્ગ અત્યંત જોખમી''માંથી તારવીને.*

# જીવ/આત્માનું ભાવાર્થ

- શરીરયુક્ત ચેતના એટલે જીવ.
- શરીરમુક્ત ચેતના એટલે આત્મા.
- ચરમશરીરી જીવ એટલે સંસાર.
  રઝળપટી (ચાર ગતી)નું આ છેલ્લો ભવ.
  આયુષ્ય પૂર્ણ થયે તે જીવ મોક્ષમાં જાય.
- અર્થ
  - જધન્ય = ઓછામાં ઓછું (Minimum)
  - ઉત્કૃષ્ટ = વધુમાં વધુ (Maximum)
- સમાન અર્થના શબ્દ - ક્ષાયક / ક્ષાયિક.
  સંવેગ / નિર્વેગ = નિર્વેદ.

# શ્રી આત્મશુદ્ધિ

## (પ્રત લેવાની વહી)

નીચે જણાવેલ દાતાઓએ આ આત્મશુદ્ધિ પુસ્તિકાની દશમી આવૃત્તિ સદુપયોગ માટે પ્રકાશિત કરી છે તેમની નામાવલી :

| પ્રત | નામ | ગામ |
|---|---|---|
| ૫૦૦ | સ્વ. ખેરાજ વીરજીના સ્મરણાર્થે<br>ઘાટકોપર (વે.), ટેલી. ૪૩૭૮૯૫૮ | દેશલપુર કંઠી |
| ૫૦૦ | ભાણજી ગેલાભાઈના સ્મરણાર્થે હ. સુપુત્રો<br>મસ્જીદ, ટેલી. ૩૭૫૦૨૫૧ | કારાગોગા |
| ૫૦૦ | સ્વ. દેવજી ધારશી ગાલાના<br>સ્મરણાર્થે હ. પરિવાર અમદાવાદ | વડાલા |
| ૪૦૦ | જેઠાલાલ પાસુ કુરિઆ અને<br>અ.સૌ. મઠાબેન જેઠાલાલ કુરિઆ<br>મઝગામ ટેલી. ૩૭૨૪૮૮૫ | બેરાજા |
| ૩૦૦ | રવી હરેશ છેડા બોરીવલી | |
| ૨૫૦ | સ્વ. વીરજી પુંજાભાઈ<br>પારલા ટેલી. ૬૧૪૨૦૩૭ | સાડાઉ |
| ૨૫૦ | ભાણબાઈ દનાભાઈ કેશવજીના સ્મરણાર્થે<br>અંધેરી ટેલી. ૮૩૨૨૦૪૧ | સાડાઉ |

| | | |
|---|---|---|
| ૨૫૦ | દીર્ઘદ્રષ્ટા સંસ્કારદાતા પૂજ્ય<br>પિતાશ્રી ભુલા અરજણના સ્મરણાર્થે<br>હ. પુત્ર આણંદજી ઘાટકોપર (વે.)<br>ટેલી. ૫૧૬૧૮૧૧ | દેશલપુર-કંઠી |
| ૨૫૦ | ધર્મપ્રેમી સંથારા તપસ્વી પૂજ્ય<br>માતુશ્રી ભચીમાના સ્મરણાર્થે<br>હ. પુત્ર આણંદજી ભુલા<br>ઘાટકોપર (વે.) | દેશલપુર કંઠી |
| ૨૫૦ | મેગજી વેલજી નેણશી ચેરીટેબલ ટ્રસ્ટ<br>માટુંગા ટેલી. ૪૩૭૨૨૭૭ | લાખાપુર |
| ૨૫૦ | લક્ષ્મીબાઈ પ્રેમજી કાનજી સાવલા<br>ઘાટકોપર (વે.) ટેલી. ૪૨૨૧૮૦૬ | બિદડા |
| ૨૦૦ | શ્રી જેઠાલાલ પોપટલાલ શાહ<br>ઘાટકોપર | ભુજ |
| ૧૨૫ | પાલણ મુરજીના સ્મરણાર્થે હ. સુપુત્રો | બેરાજા |
| ૧૨૫ | શ્રી નાનાલાલ અનોપચંદ વીરચંદ | ભુજ |
| ૧૦૦ | શ્રી નટવરલાલ હાથીભાઈ<br>વસા<br>ઘાટકોપર (વે.), ટેલી. ૫૧૬૧૩૨૫ | જામનગર |
| ૧૦૦ | શ્રી માવજી આણંદજી<br>ઘાટકોપર (ઈ.), ટેલી. ૪૩૦૧૫૭૫ | દેશલપુર કંઠી |

| | | |
|---|---|---|
| ૧૦૦ | સ્વ. શ્રી રવજી ઓભાયા<br>છેડાના સ્મરણાર્થે<br>દાદર (વે.), ટેલી. ૪૨૨૭૩૮૭ | નવીનાર |
| ૧૦૦ | જવેરબાઈ પ્રેમજી હીરજી<br>બોરીવલી ટેલી. ૮૯૩૨૫૯૩ | નાનીખાખર |
| ૧૦૦ | સ્વ. લાલજી કેશવજી ભેદા પરિવાર<br>પારલા (વે.) ટેલી. ૬૧૪૩૦૨૧ | ગોધરા |
| ૧૦૦ | વેલબાઈ કુંવરજી દનાના સ્મરણાર્થે<br>હ. ચંચળ ધીરજ દેઢીઆ (નાગલપર) | રતાડીઆ<br>ગણેશવાલા |
| ૧૦૦ | એક સદ્‌ગૃહસ્થ<br>ઘાટકોપર (ઈ.) | છસરા |
| ૧૦૦ | સ્વ. ભાણબાઈ વીરજી ટોકરશીના<br>સ્મરણાર્થે હ. એમના પરિવાર<br>ઘાટકોપર ટેલી. ૫૧૪૯૯૫૧ | નવાવાસ |
| ૫૦ | શા. સુરજી ચનાના સ્મરણાર્થે<br>હ. મણીલાલ સુરજી | વડાલા |
| ૨૫ | હર્ષ ઓગડ બારોટના સ્મરણાર્થે | — |

## ❈ વિનંતી ❈

- આ પુસ્તિકાની જે ભાઈ બહેનને જરૂર હોય, દાતા પાસેથી અથવા પ્રકાશક પાસેથી વિના સંકોચે મંગાવી લેવી.